અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૩ જુલાઈ ૨૦૨૫, ગુરુવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, અષાઢ સુદ ૮ | અંક : ૦૪ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ICMR અને AIIMS ના રિપોર્ટમાં મોટો ખુલાસો

# કોવિડ વેક્સીનના કારણે નથી થઇ રહ્યા હાર્ટ એટેક

## ICMR અને AIIMS ના તાજેતરના રિપોર્ટમાં ખુલાસો થયો છે કે રસી અને હાર્ટ એટેક વચ્ચે કોઈ સીધો સંબંધ નથી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

કોરોનાકાળમાં અનેક લોકોના પ્રિયજનો તેમનાથી દૂર થયા છે. એટલુ જ નહીં કોરોના વેક્સીન લીધા પછી તો હાર્ટ એટેકના કેસોમાં પણ વધારો જોવા મળ્યો હતો. જેના કારણે દેશમાં છેલ્લા કેટલાક સમયથી ચર્ચા થઈ રહી હતી કે કોવિડ-૧૯ રસી લીધા પછી ઘણા યુવાનો અચાનક મૃત્યુ પામી રહ્યા છે. આ અંગે અનેક પ્રકારની અફવાઓ અને ભય ફેલાઈ રહ્યા હતા. જો કે આ મામલે મોટો ખુલાસો થયો છે.

કોરોના પછી હાર્ટ એટેકના કેસ ઝડપથી સામે આવી રહ્યા છે. કેટલાકને ચાલતી વખતે હાર્ટ એટેક આવી રહ્યા છે અને કેટલાકને બેઠા બેઠા. આ સતત વધી રહેલા કેસ અંગે, એવો દાવો કરવામાં આવ્યો હતો કે આ કોવિડ રસીને કારણે થઈ રહ્યું છે.પરંતુ હવે દેશની બે સૌથી મોટી તબીબી સંસ્થાઓ ICMR (ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ) અને AIIMS (ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ) એ આ મુદ્દા પર એક મોટી અને ઊંડી તપાસ કરી છે, જેમાં સ્પષ્ટપણે કહેવામાં આવ્યું છે કે કોવિડ રસી અને અચાનક મૃત્યુ વચ્ચે કોઈ સીધો સંબંધ નથી.

ICMR એ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એપિડેમિઓલોજી સાથે મળીને આ રિપોર્ટ તૈયાર કર્યો છે. આમાં ૧૮ થી ૪૫ વર્ષની વયના લોકોના નમૂના લેવામાં આવ્યા છે. તેમનું ૧ ઓક્ટોબર, ૨૦૨૧ થી ૩૧ માર્ચ, ૨૦૨૩ ની વચ્ચે અચાનક મૃત્યુ થયું હતું.

ICMR અને Aiims નો રિપોર્ટ એવા સમયે આવ્યો છે જ્યારે ટીવી અભિનેત્રી શેફાલી જરીવાલાના મૃત્યુનો મામલો ચર્ચામાં છે. તેના અચાનક મૃત્યુને કારણે અનેક પ્રકારના પ્રશ્નો ઉભા થઈ રહ્યા હતા. કોવિડ રસીને મૃત્યુનું કારણ માનવામાં આવી રહ્યું હતું. આ ઉપરાંત, કર્ણાટકના હાસન જિલ્લામાં થઈ રહેલા મૃત્યુથી દરેક ડરી ગયા હતા. અહીં છેલ્લા ૪૦ દિવસમાં ૨૨ લોકોએ જીવ ગુમાવ્યા છે. મૃત્યુ પામેલા મોટાભાગના લોકો યુવાન અથવા મધ્યમ વયના હતા. આ અહેવાલ અંગે, આરોગ્ય મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે દેશમાં ઘણી એજન્સીઓ દ્વારા અચાનક મૃત્યુના કેસોની તપાસ કરવામાં આવી છે, જે સાબિત કરે છે કે કોવિડ-૧૯ રસીકરણના સમાચાર અને દેશમાં અચાનક મૃત્યુ વચ્ચે કોઈ સીધો સંબંધ નથી. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે યુવાનોમાં તાજેતરના મૃત્યુ વિવિધ પરિબળોનું પરિણામ હોઈ શકે છે, જેમાં આનુવંશિકતા, જીવનશૈલી, પહેલાથી અસ્તિત્વમાં રહેલી પરિસ્થિતિઓ અને કોવિડ પછીની ગૂંચવણો શામેલ છે. આ અહેવાલ પહેલાં, કેન્દ્રીય આરોગ્ય મંત્રી જેપી નડ્ડાએ પણ કહ્યું હતું કે અચાનક મૃત્યુનું કારણ કોવિડ રસી નથી.




**કોવિડ-૧૯ રસીકરણના સમાચાર અને દેશમાં અચાનક મૃત્યુ વચ્ચે કોઈ સીધો સંબંધ નથી**

**અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે યુવાનોમાં તાજેતરના મૃત્યુ વિવિધ પરિબળોનું પરિણામ હોઈ શકે છે, જેમાં આનુવંશિકતા, જીવનશૈલી, પહેલાથી અસ્તિત્વમાં રહેલી પરિસ્થિતિઓ અને કોવિડ પછીની ગૂંચવણો શામેલ છે. આ અહેવાલ પહેલાં, કેન્દ્રીય આરોગ્ય મંત્રી જેપી નડ્ડાએ પણ કહ્યું હતું કે અચાનક મૃત્યુનું કારણ કોવિડ રસી નથી. તે દરમિયાન નડ્ડાએ ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) ના એક અહેવાલને ટાંકીને કહ્યું હતું. તેમણે કહ્યું હતું કે રસીકરણથી જોખમ વધ્યું નથી પરંતુ તેને ઘટાડ્યું છે.**

**ICMR એ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એપિડેમિઓલોજી સાથે મળીને આ રિપોર્ટ તૈયાર કર્યો છે.**




**ICMR એ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ એપિડેમિઓલોજી સાથે મળીને આ રિપોર્ટ તૈયાર કર્યો છે. આમાં ૧૮ થી ૪૫ વર્ષની વયના લોકોના નમૂના લેવામાં આવ્યા છે. તેમનું ૧ ઓક્ટોબર, ૨૦૨૧ થી ૩૧ માર્ચ, ૨૦૨૩ ની વચ્ચે અચાનક મૃત્યુ થયું હતું. ICMR અને છૈદ્બજ નો રિપોર્ટ એવા સમયે આવ્યો છે જ્યારે ટીવી અભિનેત્રી શેફાલી જરીવાલાના મૃત્યુનો મામલો ચર્ચામાં છે. તેના અચાનક મૃત્યુને કારણે અનેક પ્રકારના પ્રશ્નો ઉભા થઈ રહ્યા હતા. કોવિડ રસીને મૃત્યુનું કારણ માનવામાં આવી રહ્યું હતું. આ ઉપરાંત, કર્ણાટકના હાસન જિલ્લામાં થઈ રહેલા મૃત્યુથી દરેક ડરી ગયા હતા. અહીં છેલ્લા ૪૦ દિવસમાં ૨૨ લોકોએ જીવ ગુમાવ્યા છે. મૃત્યુ પામેલા મોટાભાગના લોકો યુવાન અથવા મધ્યમ વયના હતા.**

### અમદાવાદ પ્લેન ક્રેશ ઘટનામાં ચોંકાવનારો ખુલાસો

# વિંગ ફ્લેપનું સંકોચાવવું, દુર્ઘટનાનું કારણ હોઈ ન શકે

## એર ઇન્ડિયાના પાઈલોટોએ સિમ્યુલેશન દ્વારા વિમાનની સ્થિતિ જાણવાની કોશિશ કરી, જે પ્લેન ક્રેશ વખતે પેદા થઈ હતી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

અમદાવાદમાં ૧૨ જૂનના રોજ ૨૪૨ મુસાફરોને લઈને જતું એર ઈન્ડિયાનું વિમાન ઉડાણની ગણતરીની મિનિટો બાદ કેમ ધડામ દઈને નીચે પડ્યું અને આગના ગોળામાં ફેરવાઈ ગયું તેનું મોટું કારણ સામે આવ્યું છે. એર ઈન્ડિયાના પાઈલોટોએ તબાહીની એ અંતિમ પળો જેવી સ્થિતિ ઊભી કરીને એ ચકાસ્યું કે આવું કયા કારણોસર થયું હોઈ શકે. એર ઈન્ડિયાના પાઈલોટોએ સિમ્યુલેશન દ્વારા વિમાનની સ્થિતિ જાણવાની કોશિશ કરી, જે પ્લેન ક્રેશ વખતે પેદા થઈ હતી. પાઈલોટ્સે લેન્ડિંગ ગિયર લગાવવાની સાથે પ્લેનની પાંખોને પાછળ ખેંચી. જેમાં જાણવા મળ્યું કે વિંગ ફ્લેપનું સંકોચાવવું, દુર્ઘટનાનું કારણ હોઈ શકે નહીં. સૂત્રોના હવાલે બ્લૂમબર્ગના રિપોર્ટમાં કહેવાયું છે કે ફ્લાઈટ સિમ્યુલેટરમાં એર ઈન્ડિયાના પાઈલોટ્સે પ્લેનના નીચા પડવા દરમિયાન કઈ કઈ ટેક્નિકલ ખામી આવે છે, તેને જોઈ અને સંભવિત કારણો વિશે જાણ્યું. જો કે એર ઈન્ડિયાએ આ તપાસ અંગે કશું પણ કહેવાની ના પાડી દીધી છે. રિપોર્ટ મુજબ બોઈંગ ૭૮૭ની ફ્લાઈટ એઆઈ ૧૭૧ના કાટમાળની તસવીરો જોતા ખબર પડે છે કે તેના ફ્લેપ (પાંખો) ખુલ્લા હતા, સંકોચાયેલા નહીં જે પહેલા કહેવાતું હતું. ફ્લેપના કારણે એરક્રાફ્ટને ટેકઓફ દરમિયાન ઉપર જવામાં કે લેન્ડિંગ દરમિયાન ઝડપ ઓછી કરવામાં મદદ મળે છે. રિપોર્ટ દ્વારા તમામ વિશેષજ્ઞોએ સંભાવના જતાવી છે કે ટેક્નિકલ ખામીઓના કારણે પ્લેન ક્રેશ થયું હોઈ શકે છે. વિમાનન વિશેષજ્ઞ અને પૂર્વ નેવી પાઈલોટ કેપ્ટન સ્ટીવ શિબનરે કહ્યું કે બંને એન્જિનનું એક સાથે ફેલ થવું અકસ્માતનું એક કારણ બની શકે છે. ઉડાણ બાદ તરત જ ram air turbineનો ઉપયોગ ટેકઓફના તરત બાદ બંને એન્જિનના ફેલ થવાની સંભાવના તરફ ઈશારો કરે છે. સિમ્યુલેશનની આ પ્રક્રિયા વિમાન અકસ્માતની થઈ રહેલી અધિકૃત તપાસથી અલગ છે. એરક્રાફ્ટ એક્સીડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યૂરો (AAIB) વિમાન દુર્ઘટનાના કારણોની તપાસ કરી રહ્યું છે. સૂત્રોનું કહેવું છે કે પ્લેન ક્રેશની સંભવિત સ્થિતિઓ વિશે જાણકારી મેળવવા માટે આ સિમ્યુલેશન કરાયું. દુર્ઘટનાના ફૂટેજના આધારે એર ઈન્ડિયાના પાઈલોટ્સે જાણ્યું કે વિમાનનું લેન્ડિંગ ગિયર થોડું આગળની તરફ ઝૂકેલું હતું. જે દર્શાવે છે કે ટેકઓફ બાદ પૈડાની અંદર આવવાની પ્રક્રિયા શરૂ થવાની હતી. પરંતુ તે વખતે લેન્ડિંગ ગિયરના દરવાજા ખુલ્યા નહતા. જે સંકેત આપે છે કે વિમાનની અંદર અચાનક પાવર લોસ (ઈલેક્ટ્રિસિટી ફેલ) કે હાઈડ્રોલિક ફેલની સ્થિતિ સર્જાઈ હશે. પ્લેનનું બ્લેકબોક્સ મળી ચૂક્યું છે અને તેનો ડેટા પણ ડાઉનલોડ થઈ ગયો છે. એવું કહેવાય છે કે આગામી થોડા દિવસમાં સ્પષ્ટ રીતે ખબર પડી જશે કે વિમાન અકસ્માતની અંતિમ પળોમાં શું થયું હતું.

## ભાજપે ૯ રાજ્યોમાં પ્રદેશ અધ્યક્ષની કરી જાહેરાત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ભાજપ દ્વારા ૨૦ રાજ્યોમાં પ્રદેશ પ્રમુખ માટે ચૂંટણી યોજાઈ છે. ૯ રાજ્યોના પરિણામો જાહેર થઈ ગયા છે. હકીકતમાં, ભાજપે ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, આંધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર, તેલંગાણા, પુડુચેરી, આંદામાન-નિકોબાર, મધ્ય પ્રદેશ અને મિઝોરમમાં નવા પ્રદેશ પ્રમુખોની નિમણૂક કરી છે. પક્ષના જણાવ્યા મુજબ, બાકીના રાજ્યોના પ્રમુખોના નામ આગામી ૨ દિવસમાં જાહેર કરવામાં આવશે. ચાલો જાણીએ કે આ રાજ્યોમાં પ્રદેશ પ્રમુખ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે. તમને જણાવી દઈએ કે ભાજપના બંધારણ મુજબ, રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણીની પ્રક્રિયા પહેલા, તેના ૩૭ સંગઠનાત્મક રાજ્યોમાંથી ૧૯ માં પ્રમુખોની પસંદગી કરવી ખૂબ જ મહત્વપૂર્ણ છે. જેપી નડ્ડા વર્ષ ૨૦૨૦માં રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે ચૂંટાયા હતા. તેમનો ૩ વર્ષનો કાર્યકાળ પૂર્ણ થયા પછી, તેમને સતત વિસ્તરણ મળતું રહ્યું. લોકસભા ચૂંટણીને કારણે વર્ષ ૨૦૨૪ માં તેમને ફરીથી કાર્યકાળનું વિસ્તરણ આપવામાં આવ્યું. તમને જણાવી દઈએ કે મોટાભાગના સંગઠનાત્મક રાજ્યોની ચૂંટણીઓ પૂર્ણ થયા પછી, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની ચૂંટણી માટે જરૂરી કોરમ પૂર્ણ થઈ ગયો છે.

### અમેરિકા અને ચીનને રાજનાથ સિંહનો રોકડો જવાબ

# ભારતને પોતાના બચાવ માટે પહેલા હુમલો કરવાનો અધિકાર

## રક્ષા મંત્રી રાજનાથ સિંહે આ અઠવાડિયે તેમના અમેરિકી સમકક્ષ પીટ હેગસેથ સાથે લગભગ ૨૦ મિનિટ સુધી વાતચીત કરી હતી

। (એજન્સી)નવી દિલ્હી, તા.૨ ।

ભારતે ઓપરેશન સિંદૂર હેઠળ આતંકવાદને લઈને દુનિયાને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, જો ભારત પર હુમલો થશો તો તેનો જવાબ મોટા હુમલા દ્વારા આપશે. રક્ષા મંત્રી રાજનાથ સિંહે આ અઠવાડિયે તેમના અમેરિકી સમકક્ષ પીટ હેગસેથ સાથે લગભગ ૨૦ મિનિટ સુધી વાતચીત કરી હતી. આ દરમિયાન રક્ષા મંત્રીએ હેગસેથને કહ્યું હતું



કે, ભારત પાકિસ્તાન દ્વારા શરૂ કરાયેલા સરહદ પારના આતંકવાદી હુમલાઓ સામે પોતાનો બચાવ કરવા માટે પહેલા હુમલો કરવાનો અધિકાર છે. આ સાથે તેમણે પાકિસ્તાનના રેકોર્ડને લઈને કહ્યું કે, ભારતનો પાડોશી દેશ આતંકવાદીઓ માટે સુરક્ષિત આશ્રયસ્થાન બની ગયો છે. તાજેતરમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પાકિસ્તાની સેનાના પ્રમુખ આસિમ મુનીરને લન્ચ માટે વ્હાઈટ હાઉસ આમંત્રિત કર્યા હતા. તેવામાં રાજનાથ સિંહની આ પ્રકારની ટિપ્પણીને ભારત તરફથી એક મજબૂત સંદેશના રૂપમાં જોવામાં આવી રહ્યો છે. જમ્મુ કાશ્મીરના પહલગામ આતંકી હુમલા બાદ ભારતે ઓપરેશન સિંદૂર લોન્ચ કર્યું હતુ.

## ૯૦૦ કરોડના સાયબર ફ્રોડના કેસમાં EDના દરોડા

। (એજન્સી) નવીદિલ્હી, તા.૦૨ ।

સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ બુધવારે દિલ્હીમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. ચીની નાગરિક અને કેટલાક અન્ય લોકો દ્વારા કરવામાં આવેલા ૯૦૦ કરોડ રૂપિયાથી વધુના સાયબર છેતરપિંડી સંબંધિત મની લોન્ડરિંગ કેસની તપાસના ભાગ રૂપે આ દરોડા પાડવામાં આવ્યા હતા. આ છેતરપિંડીની તપાસ માટે કેન્દ્રીય એજન્સીએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ ફોજદારી કેસ નોંધ્યો છે.

### જાણીતી શાળાની ટીચરનો મોટો કાંડ!

# વિદ્યાર્થીને કારમાં બેસાડીને લઈ જતી અને એક વર્ષ સુધી અનેકવાર સેક્સ કર્યું

## આ મામલો મુંબઈની એક મોટી સ્કૂલનો છે જ્યાં ૧૬ વર્ષના વિદ્યાર્થી સાથે અંગ્રેજીની શિક્ષિકા સેક્સ કરતી હતી

। (એજન્સી) મુંબઈ, તા.૨ ।

આ કિસ્સો ખુબ ચોંકાવનારો છે. શિક્ષિકા અને વિદ્યાર્થી વચ્ચેનો સંબંધ માતા-પુત્ર જેવો સંબંધ ગણાય. ગુરુની ભૂમિકા વિદ્યાર્થીના જીવનમાં જરાય કમ નથી. પરંતુ આ જે કિસ્સો સામે આવ્યો છે તેણે આ સંબંધને લાંછન લગાવી દીધુ. એક ૪૦ વર્ષની પરિણીત શિક્ષિકા કે જેના પોતાના પણ બાળકો છે તેણે શાળામાં ૧૧માં ધોરણમાં ભણતા વિદ્યાર્થી સાથે જે કર્યું તે



જાણીને તમારું મગજ ચકરાવે ચડી જશે. મનમાં એ સવાલ ઉઠશે કે શું હવે છોકરાઓ પણ સુરક્ષિત નથી? આ મામલો મુંબઈની એક મોટી સ્કૂલનો છે જ્યાં ૧૬ વર્ષના વિદ્યાર્થી સાથે અંગ્રેજીની શિક્ષિકા એક વર્ષ સુધી જબરદસ્તીથી સેક્સ કરતી રહી. આ માટે આ મેડમે તેની એક બહેનપણીની પણ મદદ લીધી.

હવે આ મેડમની શારીરિક અપરાધોથી બાળકોના રક્ષણ (POCSO) એક્ટ હેઠળ વિદ્યાર્થીનું અનેકવાર શારીરિક શોષણ કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું કે આ બધુ એક વર્ષથી થોડા વધુ સમય સુધી ચાલ્યું. તે ધોરણ ૧૧ના સ્ટુડન્ટ્સને ભણાવતી હતી.

### કોર્ટે ફટકારી ૬ મહિનાની જેલની સજા

# બાંગ્લાદેશના પૂર્વ પ્રધાનમંત્રી શેખ હસીનાને ઝટકો લાગ્યો

। (એજન્સી) ઢાકા, તા.૨ ।

જીવ બચાવવા માટે દેશ છોડીને ભાગનારા બાંગ્લાદેશના પૂર્વ પ્રધાનમંત્રી શેખ હસીનાને એક કેસમાં છ મહિનાની કેદની સજા સંભળાવવામાં આવી છે. હસીના પર બાંગ્લાદેશમાં હાલમાં ૧૦૦થી વધારે કેસ ચાલી રહ્યા છે. આ અત્યાર સુધીનો પહેલો એવો કેસ છે, જેમાં તેમને સજા સંભળાવવામાં આવી છે. હસીના પર કોર્ટની અવમાનનાના કેસમાં આ સજા સંભળાવવામાં આવી છે. ઢાકા ટ્રિબ્યૂન અખબારે કહ્યું કે, ન્યાયાધીશ મોહમ્મદ ગુલામ મુર્તજા મજૂમદારની અધ્યક્ષતામાં આંતરરાષ્ટ્રીય અપરાધ ન્યાયાધિકરણની ત્રણ સભ્યોની પીઠે આ નિર્ણય લીધો છે. આ નિર્ણયમાં ન્યાયાધિકરણે ગૈબાંધામાં ગોબિંદગંજના શકીલ અકંદ બુલબુલને બે મહિનાની જેલની સજા સંભળાવી છે. પ્રધાનમંત્રી પદેથી હટવા અને ૧૧ મહિના પહેલા દેશ છોડ્યા બાદ પહેલી વાર અવામી લીગના નેતાને કોઈ કેસમાં સજા થઈ છે.

### સૌથી પહેલા ઘાના અને છેલ્લે નામીબિયાનો પ્રવાસ કરશે

# ૫ દેશોની યાત્રા પર રવાના થયા વડાપ્રધાન નરેન્દ્ર મોદી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી બુધવારે (૨ જુલાઈ, ૨૦૨૫) ઘાનાની સત્તાવાર મુલાકાતે રવાના થયા. પીએમ મોદી ઘાના, ત્રિનિદાદ અને ટોબેગો, આર્જેન્ટિના, બ્રાઝિલ અને નામિબિયા સહિત પાંચ દેશોની મુલાકાત લેશે. આ ઉપરાંત, તેઓ બ્રાઝિલમાં આયોજિત બ્રિક્સ સમિટમાં પણ હાજરી આપશે.

પીએમ મોદી ૨ થી ૩ જુલાઈ દરમિયાન તેમની મુલાકાતના પહેલા તબક્કામાં ઘાનામાં રહેશે. ૩ દાયકામાં ભારતીય વડાપ્રધાનની આ પહેલી ઘાના મુલાકાત હશે. તેઓ ઘાનાના રાષ્ટ્રપતિ સાથે દ્વિપક્ષીય બેઠકમાં આર્થિક, ઉર્જા અને સંરક્ષણ સહયોગ વધારવા અંગે ચર્ચા કરશે.

બુધવાર (૨ જુલાઈ, ૨૦૨૫) ના રોજ મુલાકાત માટે રવાના થતી વખતે, પીએમ મોદીએ કહ્યું કે ભારત ઉભરતી અર્થવ્યવસ્થાઓ વચ્ચે સહયોગ માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ તરીકે બ્રિક્સ માટે પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું કે સાથે મળીને આપણે વધુ શાંતિપૂર્ણ, સમાન, ન્યાયી, લોકશાહી અને સંતુલિત બહુધ્રુવીય વૈશ્વિક વ્યવસ્થા બનાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

ત્રિનિદાદ અને ટોબેગો ભારત માટે સાંસ્કૃતિક અને ઐતિહાસિક રીતે મહત્વપૂર્ણ છે. આ દેશમાં ભારતીય મૂળના લોકોની મોટી વસ્તી છે, જેઓ ૧૯મી સદીમાં ભારતમાંથી આવેલા ઈમિગ્રન્ટ્સના વંશજ છે. આ ડાયસ્પોરા ભારત અને ત્રિનિદાદ અને ટોબેગો વચ્ચે એક મજબૂત સાંસ્કૃતિક સેતુ તરીકે સેવા આપે છે.

## અમદાવાદના ઓઢવ વિસ્તારમાં ચાલતા કેટલાક દેશી દારૂના અડ્ડાઓ

અમદાવાદ, તા. ૦૨

અમદાવાદના ઓઢવ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં કેટલાય દેશી દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે શું એની જાણ ઓઢવ પોલીસ સ્ટેશનના પીઆઈશ્રીને છે કે નથી... કોની રહેમ નજર હેઠળ આ અડ્ડાઓ ધમધમી રહ્યા છે... તપાસનો વિષય છે જો તપાસ કરવામાં આવે તો વધુ નામો બહાર આવે તેમ છે...

(૧) કૃષ્ણનગર ગલી નંબર ૧૯ની સામે જેન્તી લંગડો
(૨) ઓઢવ અરુણ ઈન્ડસ્ટ્રીયલની અંદર રંગીલો
(૩) ઓઢવ કેનાલ ઉપર દિનો
(૪) ટેકરા ઉપર નરેશ લંગડો
(૫) શરણીયાવાસની સામે સુનીતા
(૬) ઓઢવ મટન ગલીમાં ચુનારા
(૭) પવિત્રનગર માર્કેટની અંદર વિશાલ
(૮) શિવમ આવાસ યોજનાની બાજુમાં રંજન
(૯) ચામુંડા છાપરાની પાછળ સુજાતા અને સંજય

## ગીર ગઢડામાં સ્કૂલ બસ ખાડામાં ઉતરી, તમામ વિદ્યાર્થીઓ સલામત

। (એજન્સી) ગીર ગઢડા,તા.૨ ।

ગીર ગઢડામાં સ્વામિનારાયણ ગુરુકુળની સ્કૂલ બસને અકસ્માત નડ્યો હતો. ગુરુકુળની સ્કૂલ બસ ૫૦ વિદ્યાર્થીઓ સાથે ખિલાવડ નજીક ખાડામાં ઉતરી ગઈ હતી. બસ સવાર તમામ વિદ્યાર્થીઓને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. બસમાં કાંધી, ભાચા, ભડિયાદર અને જુના ઉગલા સહિતના ગામોના વિદ્યાર્થીઓ સવાર હતા.ઘટનાની જાણ થતાં વાલીઓ તુરંત જ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

ખિલાવડ ગામ નજીક સ્વામિનારાયણ ગુરુકુળની સ્કૂલ બસ અચાનક રોડની સાઈડમાં ઉતરી જતાં વિદ્યાર્થીઓમાં ગભરાટ ફેલાયો હતો.બસનો એક ભાગના રોડની સાઈડમાં ઉતરી જવાથી તમામ વિદ્યાર્થીઓને સલામત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.આ બસમાં કાંધી, ભાચા, ભડિયાદર અને જુના ઉગલા સહિતના ગામોના ૫૦ જેટલાવિદ્યાર્થીઓ સવાર હતા. ગુરુકુળ તરફથી અન્ય બસ મોકલવામાં આવી હતી,જેમાં વિદ્યાર્થીઓને લઈ જવામાં આવ્યા હતા.

## વડોદરા નજીક મોટી કોરલ અને વિરોદ ગામે બે મહાકાય મગરનું રેસ્ક્યુ

। (એજન્સી) વડોદરા,તા.૨ ।

વડોદરામાં છેલ્લા ૨૪ કલાકમાં ૫ મગરોનું રેસ્ક્યુ કરવામાં આવ્યુ છે. જેમાં મોટી કોરલ ખાતે અને વિરોદ ગામે મગરનું રેસ્ક્યુ કરતા ભારે જહેમત ઉઠાવવી પડી હતી.વડોદરા પાસે નર્મદા કિનારે આવેલા મોટીકોરલ ખાતે ૧૦ ફૂટનો મગર નદી માંથી કેળાના ખેતરમાં આવી જતા વડોદરા ના જીઓ દયા કાર્યકર જયેશ પટેલ અને ટીમના માણસોએ દોડતી બે કલાકની મહેનત બાદ મગરનું રેસ્ક્યુ કર્યું હતું. ફોરેસ્ટ વિભાગે નર્મદા નદીમાં છોડી દેવા માટે કહેતા મગરને નદીમાં છોડવામાં આવ્યો હતો. આવી જ રીતે વડોદરા પાસેના વિરોદ ગામના તળાવમાંથી પાંચ ફૂટના મગરનું વડોદરા ફોરેસ્ટ વિભાગની ટીમ દ્વારા રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. વિરોદ ગામે બીજો પણ એક મગર આવી ગયો હતો. જ્યારે પોર પાસે એક ખાનગી કંપની માથી પણ મગરનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. માંજલપુરના કંચનપુરા ગામે એક મગર નદીમાંથી રહેણાંક વિસ્તારમાં આવી જતા એક યુવકે હિંમત કરીને મગરને પકડી લીધો હતો.

## લોખંડનો શેડ પડતાં નવ કર્મચારી દબાયા, એકનું મોત

। (એજન્સી) સુરત, તા.૦૨ ।

વાપીના ઉમરગામ જીઆઈડીસીમાં પ્લાસ્ટિકની ચીજવસ્તુ બનાવતી કંપનીમાં મંગળવારે (પહેલી જુલાઈ) સવારે અચાનક લોખંડનો શેડ તૂટી પડ્યો હતો. આ દુર્ઘટનામાં નવ કર્મચારીઓ કાટમાળમાં દબાય ગયા હતા, જેમાં એકનું મૃત્યુ નિપજ્યું થયું હતું. જ્યારે ચારને સામાન્ય અને ત્રણ કર્મચારીને ગંભીર ઈજા પહોંચી હતી. ઉમરગામ જીઆઈડીસીમાં પ્લાસ્ટિકની ચીજવસ્તુ બનાવતી જીબી પેક પ્રા.લિ. નામક કંપની આવેલી છે. મંગળવારે કંપનીમાં લોખંડનો શેડ અચાનક તુટી પડતા નજીકમાં કામ કરતા નવ કર્મચારીઓ કાટમાળમાં દબાયા હતા. આ ઘટનાને પગલે ભારે દોડધામ મચી હતી. મેનેજર, સહ કર્મચારી સહિત લોકો દોડી ગયા હતા. જાણ થતા ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચીને એક પછી એક નવ કર્મચારીને બહાર કાઢ્યા હતા.

ઘટનાને પગલે રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે તપાસ હાથ ધરી છે અને બેકરીની તમામ શાખાઓમાં ચેકિંગ શરૂ કર્યું છે

# ગ્રાહકે ખરીદેલી કેક વાસી અને બદલીમાં લીધેલી પ્રોડક્ટ પણ એક્સપાયર્ડ નીકળી

। (એજન્સી) રાજકોટ,તા.૨ ।

બે દિવસ અગાઉ વડોદરામાં અતુલ બેકરીમાં થયેલી ઘટના બાદ આજે રાજકોટ શહેરની અતુલ બેકરી પણ વિવાદમાં આવી છે. રાજકોટની અતુલ બેકરીમાં એક ગ્રાહકે ખરીદેલી કેક વાસી નીકળી હતી. જેને પરત આપવા માટે ગ્રાહક દોડીને અતુલ બેકરીએ પહોંચ્યો હતો હતો, જોકે બેકરીમાં તેણે વાસી કેક પરત આપી અને બદલામાં તેણે અન્ય એક સિલ પેક પ્રોડક્ટ ખરીદી હતી. જે પણ એક્સપાયરી ડેટની નીકળતા મામલો ગરમાયો છે. ઘટનાને પ ગલે રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે તપાસ હાથ ધરી છે અને બેકરીની તમામ શાખાઓમાં ચેકિંગ શરૂ કર્યું છે.

રાજકોટના નાણાવટી ચોક ખાતે આવેલી અતુલ બેકરીમાંથી જયદેવ નામના ગ્રાહકે આજે સોમવારે ૭૯૯ રૂપિયાની કેક ખરીદી હતી. જોકે, ઘરે પહોંચ્યા બાદ કેકમાંથી દુર્ગંધ આવતી હોવાનું અને તે વાસી હોવાનું જણાયું હતું. કેક વાસી હોવાની જાણ થતા જ ગ્રાહક તેને પરત કરવા તરત જ બેકરીએ પહોંચ્યા હતા. જ્યાં બેકરીએ વાસી કેકને બદલીને 'ચોકો લાવા કેક' આપવામાં આવી હતી. જોકે બદલી આપવામાં આવેલ કેક પણ એક્સપાયર થઈ ગયેલી હોવાનું સામે આવ્યું હતું. જેથી નારાજ ગ્રાહકે રાજકોટ મહાનગરપ ાલિકાના આરોગ્ય વિભાગને જાણ કરી છે.

આ મામલે મીડિયા સાથેની વાતચીતમાં બેકરીના સંચાલકે કબૂલ્યું કે, ઉતાવળમાં એક્સપાયર થઈ ચૂકેલી કેક ગ્રાહકને આપવામાં આવી હતી. જોકે ઘટના બાદ આરોગ્ય વિભાગે તાત્કાલિક પગલાં લઈ બેકરીમાં ચેકિંગ હાથ ધર્યું હતું. આરોગ્ય વિભાગના અધિકારીઓએ જણાવ્યાનુસાર રાજકોટમાં અતુલ બેકરીની તમામ શાખાઓમાં તપાસ શરૂ કરવામાં આવી છે.

આરોગ્ય વિભાગે વધુમાં જણાવ્યું કે, એક્સપાયર થયેલા ખાદ્ય પદાર્થોનું સેવન કરવાથી ઝાડા, ઊલટી અને પેટના રોગો થવાની શક્યતા રહે છે. આ મામલે વધુ તપાસ માટે અતુલ બેકરીમાંથી જુદા જુદા ખાદ્ય પદાર્થોના નમૂના લેવામાં આવ્યા છે, જેનું વિશ્લેષણ કરવામાં આવશે અને ચેકિંગ દરમિયાન અખાદ્ય અને એક્સપાયર થયેલો જથ્થો ઝડપાશે તો તેનો સ્થળ પર જ નાશ કરવામાં આવશે.

રાજકોટની ઘટનાએ ગ્રાહકોમાં સાવચેતી રાખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે. ખાસ કરીને બર્થડે કે મેરેજ એનિવર્સરી જેવા પ્રસંગો માટે કેક ખરીદતા પહેલાં તેની ગુણવત્તા અને એક્સપાયરી ડેટ તપાસવી જરૂરી છે. આ ઘટના બાદ સોશિયલ મીડિયા પર પણ અતુલ બેકરીના વિવાદની ચર્ચા જોરશોરથી થઈ રહી છે, જેમાં ગ્રાહકે બનાવેલો વીડિયો વાયરલ થયો છે.

## પિતાની હત્યા કરીને પુત્ર થાઈલેન્ડ ફરવા જતો રહ્યો

। અમદાવાદ,તા.૨ ।

અમદાવાદમાં માનસી સર્કલ પાસે આવેલ વૈભવ ટાવરમાં ગત ૨૭ જૂને તબીબ પિતાની તેના પુત્રએ જ હત્યા કરી હતી. છરીના ઘા મારીને પુત્રએ તેના પિતાને મોતને ઘાટ ઉતાર્યા હતા. જોકે આ કેસમાં હવે અમુક ચોંકાવનારા ખુલાસાઓ સામે આવ્યા છે. અમદાવાદઃ શહેરના સેટેલાઈટ વિસ્તારમાં તબીબની હત્યા મામલે પોલીસે આરોપી પુત્રની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે પુત્રએ બંધ કરેલ દરવાજાનું લોક પિતાએ તોડી નાખતા તેની અદાવત રાખી હત્યા નીપજાવી છે. જો કે હત્યા કર્યા બાદ આરોપી થાઈલેન્ડ જતો રહ્યો હતો. અને અમદાવાદ પરત આવતા જ પોલીસે તેની ધરપકડ કરી લીધી છે. જોકે પિતાની જ પુત્રએ હત્યા કરી હોવાના આ બનાવને લઈને હાલ શહેરમાં ચકચાર મચી જવા પામી છે, સાથે જ લોકો વિચારમાં મુકાઈ ગયા છે. શહેરના માનસી ચાર રસ્તા પાસે આવેલ વૈભવ ટાવરમાં ૨૭મી જૂનની મોડી રાત્રે ખૂની ખેલ ખેલાયો હતો. મહત્વની બાબત તો એ છે કે પુત્રએ જ છરીના ઘા ઝીંકીને તબીબ પિતાની હત્યા નીપજાવી હતી. હત્યા કર્યા બાદ આરોપી પુત્ર આખી રાત રૂમમાં બેસી રહ્યો હતો. બાદમાં વહેલી સવારે ફરાર થઈ ગયો હતો. જે અંગે સેટેલાઈટ પોલીસે હત્યાનો ગુનો દાખલ કરીને આરોપી પુત્રની ધરપકડ કરી છે. આરોપીની પૂછપરછમાં સામે આવ્યું છે કે ૨૭મી જૂનના દિવસે બપોરના સમયે મૃતક કોઈ કારણોસર ઘરથી બહાર નીકળ્યા હતા. આ દરમિયાન તેમના પુત્રએ દરવાજો લોક કરી દીધો હતો. જો કે મૃતક પરત આવીને ઘણા સમય સુધી દરવાજો ખખડાવ્યા બાદ પણ તેણે દરવાજો ખોલ્યો નહોતો.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી જનસુરક્ષા સંતૃપ્તિ અભિયાનનો પ્રારંભ કરાવ્યો

। અમદાવાદ,તા.૨ ।



નાગરિકોના સુરક્ષિત-સુખી અને ગરિમા પૂર્ણ જીવન માટેની વિવિધ જનસુરક્ષા યોજનાઓના લાભ તમામ જરૂરતમંદ લોકોને સુનિશ્ચિત કરવાના જનસુરક્ષા સંતૃપ્તિ અભિયાનનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો

કલ્યાણ યોજનાઓના લાભથી બાકાત રહી ગયેલા જરૂરતમંદ લાભાર્થીઓને શોધીને સરકાર સામે ચાલી તેમના ઘરે જઈને યોજનાઓના લાભ વડાપ્રધાનની પ્રેરણાથી પહોંચાડે છેઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત સંકલ્પને વિકસિત ગુજરાતથી સાકાર કરવા જરૂરતમંદ લાભાર્થીઓ સુધી યોજનાઓ પ હોંચાડીને તેમના સામાજિક-આર્થિક જીવનમાં પરિવર્તન લાવવા જિલ્લા અધિકારીઓને આહવાન

રાજ્યના જિલ્લાઓના કલેક્ટરઓ – વિકાસ અધિકારીઓશ્રીઓ – શહેરી સત્તા મંડળો અને બેંકના અધિકારીઓને ડિસ્ટ્રીક્ટ એક્શન પ્લાન બનાવીને યોજનાઓમાં સંતૃપ્તિના લક્ષ્યાંકો પાર પાડવાના દિશાનિર્દેશો

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવતા સ્પષ્ટ પ ણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બધી જ કલ્યાણ યોજનાઓના કેન્દ્રમાં સામાન્ય માનવીને રાખ્યો છે. આવી કલ્યાણ યોજનાઓનો લાભ મેળવવાથી કોઈ પણ જરૂરતમંદ વ્યક્તિ વંચિત ન રહી જાય તેની કાળજી વડાપ્રધાનના નેતૃત્વમાં સરકાર લે છે.

એટલું જ નહીં, લાભાર્થીઓના ઘરે સામે ચાલીને સરકાર જાય છે અને તેમને મળવાપાત્ર સામાજિક- આર્થિક સુરક્ષા યોજનાઓના લાભ પહોંચાડે છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નાગરિક કલ્યાણ લક્ષી અભિગમની પ્રેરણાથી દેશભરમાં શરૂ થયેલા જન સુરક્ષા સંતૃપ્તિ અભિયાનનો ગાંધીનગરથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાણાં મંત્રી કનુભાઈ દેસાઈની ઉપ સ્થિતિમાં પ્રારંભ કરાવ્યો હતો.

તા. ૦૧ જુલાઈથી ૩૦ સપ્ટેમ્બર એટલે કે ત્રણ માસ સુધી ચાલનારા આ અભિયાન અન્વયે નાગરિકોના સુરક્ષિત, સુખી અને ગરિમાપૂર્ણ જીવન માટેની વિવિધ જન સુરક્ષા યોજનાઓના લાભ તમામ લાભાર્થીઓ સુધી પહોંચાડવાનું સુનિશ્ચિત કરવામાં આવશે.

મુખ્યમંત્રીએ આ અભિયાનના પ્રારંભ વેળાએ પ્રધાનમંત્રી વીમા સુરક્ષા યોજનાના ત્રણ લાભાર્થીઓને પ્રત્યેકને મૃત્યુ સહાયના રૂપિયા ૨ લાખના ચેક તેમજ જનધન યોજનાના લાભાર્થીને બેંક ખાતાની પાસબુકનું વિતરણ કર્યું હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, સરકારની જન કલ્યાણની યોજનાઓના લાભ મેળવવાથી હજુ પણ વંચિત હોય તેવા જરૂરતમંદ લોકોને આ અભિયાન દરમ્યાન લાભ પહોંચાડવાનું સામાજિક દાયિત્વ આપ ણે નિભાવવાનું છે. તેમણે જણાવ્યું કે, આવા જરૂરતમંદ લોકોના સામાજિક-આર્થિક ઉત્કર્ષની આપણી જવાબદારી છે તેને સુપેરે અદા કરીને છેવાડાના માનવીને વિકાસની મુખ્ય ધારામાં લાવવાનું પૂણ્ય કાર્ય કરવાની આ એક મોટી તક છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારતનો જે સંકલ્પ કર્યો છે તેને જરૂરતમંદ લાભાર્થીઓ, સમાજના અંતિમ છોરના વ્યક્તિ સુધી કલ્યાણ યોજનાઓના લાભ પહોંચાડીને વિકસિત ગુજરાતના નિર્માણથી સાકાર કરવા મુખ્યમંત્રીએ આહવાન કર્યું હતું.

આ સંદર્ભમાં જિલ્લા કલેક્ટરઓ, જિલ્લા વિકાસ અધિકારીઓ શહેરી સત્તા મંડળો અને બેંકના અધિકારીઓ ડિસ્ટ્રીક્ટ એક્શન પ્લાન બનાવીને આ યોજનાઓમાં સંતૃપ્તિના લક્ષ્યાંકો પ ાર પાડે તે માટેના દિશાનિર્દેશો પણ મુખ્યમંત્રીએ આપ્યાં હતાં.

## સુરતના ગોલવાડમાં બે માળનું મકાન ધરાશાયી, બે મહિલાઓનો બચાવ

**સેન્ટ્રલ ઝોનમાં આવેલા ગોલવાડ ખાતે પાંચભીત શેરીમાં આજે બે માળનું મકાન જમીનદોસ્ત થઈ ગયું હતું, કાટમાળ નીચે દબાયેલા યુવકને રેસ્ક્યુ કરી બહાર કઢાયો**



। (એજન્સી) સુરત, તા.૦૨ ।

સુરતનાં કોટ વિસ્તારમાં વધુ એક વખત જર્જરિત મકાન ધરાશાયી થતાં દોડધામ મચી છે. શહેરના કોટ વિસ્તારમાં આવેલા ગોલવાડમાં બે માળનું મકાન બેસી જતા ફાયર બ્રિગેડે એક વ્યક્તિને ઈજા પહોંચી હતી અને બે મહિલા સહિત ચાર વ્યક્તિઓને રેસક્યુ કરી બચાવી લીધા હતા. પાલિકાની ટીમ દ્વારા પણ ઘટના સ્થળે પહોંચ્યા બાદ કાટમાળ હટાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. છેલ્લા ઘણા વર્ષોથી જર્જરિત થઈ ચુકેલી ઈમારત અંગે સેન્ટ્રલ ઝોન દ્વારા ત્રણ વખત નોટિસ પાઠવવામાં આવી હતી.સેન્ટ્રલ ઝોનમાં આવેલા ગોલવાડ ખાતે પાંચભીત શેરીમાં આજે બે માળનું મકાન જમીનદોસ્ત થઈ ગયું હતું. છેલ્લા ઘણા સમયથી પડવાના વાંકે ઉભેલું મકાન આજે ધરાશાયી થતાં તેમાં વસવાટ કરતાં ચાર રહીશોનાં જીવ તાળવે ચોંટ્યા હતા. મોટી સંખ્યામાં લોકો ઘટના સ્થળે પહોંચી ગયા હતા. ઘટના અંગે જાણ થતાં જ ફાયર વિભાગનો કાફલો ધસી ગયો હતો. તાત્કાલિક મકાનનાં કાટમાળમાં ફસાયેલા ૪૦ વર્ષીય વસીમ અબ્દુલ રઝાક શેખનું રેસક્યુ હાથ ધર્યુ હતું જેને પગના ભાગે ઈજા પહોંચતાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. આ સિવાય મકાનમાં જ વસવાટ કરતી બે મહિલાઓ ચેતનાબેન અજીતકુમાર ઝવેરી અને ચંદ્રાબેન વસંતલાલ ઝવેરી સહિત ત્રણ સમયસુચકતા વાપરીને બહાર નીકળી જતાં તેમનો આબાદ બચાવ થયો હતો. હોનારતમાં એક બાઈકને પણ ભારે નુકસાન પહોંચ્યું હતું.પાલિકાનાં સેન્ટ્રલ ઝોનની ટીમ પણ ઘટના સ્થળે ગઈ હતી. હાલ જમીનદોસ્ત થઈ ચુકેલા મકાનનાં કાટમાળને હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. સેન્ટ્રલ ઝોન દ્વારા જર્જરિત થઈ ચુકેલા આ મકાનનાં માલિકને ત્રણ - ત્રણ વખત નોટિસ પાઠવવા છતાં પણ તેમણે કોઈ કાર્યવાહી કરી ન હતી. આ ઘટનાને પગલે શહેરમાં જર્જરિત અને બિસ્માર બિલ્ડીંગનો મુદ્દો ચર્ચામાં આવ્યો છે, આવી ઈમારતોમાં લોકો પોતાના જીવના જોખમે જીવન ગુજારી રહ્યા છે.

## સુરત પોલીસનું ટવીટર હેક, નામ બદલી આપત્તિજનક વિડીયો અપલોડ કરાયો

। (એજન્સી) સુરત, તા.૦૨ ।

સુરત પોલીસનું સત્તાવાર એક્સ એકાઉન્ટ હેકર્સ દ્વારા હેક કરવામાં આવ્યું છે. આ ઘટના બાદ એક્સ હેન્ડલનું નામ ''સુરત પોલીસ'' ને બદલે ''સુરત એરેના પોલીસ'' કરી દેવામાં આવ્યું હતું. હેકર્સ દ્વારા એકાઉન્ટ પર આપત્તિજનક વીડિયો પણ અપલોડ કરવામાં આવ્યા હોવાની વિગતો સામે આવી છે.આ હેકિંગની ઘટના બાદ સુરત પોલીસે તાત્કાલિક ધોરણે વીડિયો અપલોડ કરવાનું બંધ કરી દીધું હતું. સામાન્ય રીતે જ્યારે અન્ય વ્યક્તિઓના સોશિયલ મીડિયા એકાઉન્ટ હેક થાય છે, ત્યારે સાયબર પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવે છે પરંતુ આ કિસ્સામાં ખુદ સુરત પોલીસનો પેજને હેક કરી સાયબર ચાંચિયાઓએ પડકાર ફેંક્યો છે, સુરત સાયબર સેલ દ્વારા આ સમગ્ર મામલે તપાસ હાથ ધરવામાં આવી છે.પોલીસ દ્વારા હેકર્સને શોધખોળ હાથ ધરવામાં આવી છે અને આ ઘટના પાછળ કોનો હાથ છે તે અંગે સઘન તપાસ ચાલી રહી છે.આ ઘટનાએ સુરત પોલીસની ઓનલાઈન સુરક્ષા અને સાયબર સુરક્ષાના મહત્વ પર ફરી એકવાર ભાર મૂક્યો છે. સાયબર સેલ દ્વારા હેક થયેલા એકાઉન્ટને પુનઃસ્થાપિત કરવા અને ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવા માટેના પગલાં લેવામાં આવી રહ્યા છે, તેવું શહેર પોલીસે એક નિવેદનમાં જણાવ્યું છે.

આ ઘટના બાદ મૃતકના પરિવારજનોએ વળતરની માગ કરતાં AMC તંત્રએ વળતર ચૂકવવા હાથ ઊંચા કરી દીધા હતાં

# ખાડામાં પડતા વ્યક્તિના મોત મામલે વળતર ચૂકવવા AMCએ હાથ ઊંચા કર્યા

। (એજન્સી) અમદાવાદ,તા.૧ ।

અમદાવાદમાં ગત સપ્તાહમાં ભારે વરસાદને કારણે ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતાં. જળબંબાકારની સ્થિતિમાં ઓઢવમાં મોગલ માતાના મંદિર નજીક પસાર થતી ડ્રેનેજ લાઈનમાં મનુભાઈ પંચાલ બાઈક સાથે ગરકાવ થઈ ગયા હતા. ફાયર વિભાગના જવાનોએ તેમને બચાવવા માટે જીવના જોખમે પ્રયાસો હાથ ધર્યા હતાં. ફાયરના જવાનોએ ૧૦ કલાકની કામગીરી બાદ ડ્રેનેજ લાઈનમાંથી મનુભાઈના મૃતદેહને બહાર કાઢ્યો હતો. આ ઘટના બાદ મૃતકના પરિવારજનોએ વળતરની માગ કરતાં AMC તંત્રએ વળતર ચૂકવવા હાથ ઊંચા કરી દીધા હતાં. મૃતક મનુભાઈ પંચાલના પરિવારજનોએ કહ્યું હતું કે, વળતર તો તંત્રએ ચૂકવવું જ પડશે. આ છસ્ઝની બેદરકારી છે જેથી વળતર તો અમને મળવું જ જોઈએ. અમારા માથેથી છત છીનવાઈ ગઈ છે. મૃતકના પરિવારજનોએ ફાયરની ટીમ પર પણ આક્ષેપો કર્યા હતાં. પરિવારજનોએ કહ્યું હતું કે, અમને AMC કહે છે વળતર નહિ ચૂકવવામાં આવે એ બિલકુલ યોગ્ય નથી.જો AMC વળતર નહિ ચૂકવે તો અમે હાઈકોર્ટ સુધી લડી લઈશું. તંત્રના અધિકારીઓ કહે છે કે, ઘટના સ્થળે પતરા અને જાળી હતી. પરંતુ બાઈક અને ડેડબોડી નીકળી તો ત્યાંથી પતરા અને જાળી કેમ ના નીકળી? રાતે ફાયર વિભાગ વાળાએ ના પાડી દીધી હતી કે અમે કામ નહિ કરીએ.આ તંત્રની જ બેદરકારી છે. જો એમના પરિવારમાથી કોઈ સાથે આવો અકસ્માત થયો હોત તો શું એ કામ ના કરતા? અમારા માથેથી છત છીનવાઈ છે અમારા માણસ સામાન્ય ફેકટરીમાં કામ કરતા હતા.

## વિનામૂલ્યે મૂસાફરી કરવાની યોજના

# એક વર્ષમાં ૯૬ લાખ દિવ્યાંગોએ એસટી બસોમાં વિનામૂલ્યે મુસાફરીનો લાભ લીધો

**દિવ્યાંગ મુસાફરો અને તેમના સહાયકો પણ એસ.ટી નિગમની બસોમાં વિનામૂલ્યે મૂસાફરી કરવાની યોજનાનો લાભ લઇ રહ્યા છે**

। (એજન્સી) અમદાવાદ,તા.૨ ।

ગુજરાત એસ.ટી નિગમની તમામ પ્રકારની પ્રીમિયમ અને નોન પ્રીમિયમ બસોમાં રાજ્યના નાગરિકોને પોતાના સ્થાન સુધી સલામત રીતે પહોંચાડવાની સુવિધા આપવામાં આવી રહી છે.દિવ્યાંગ મુસાફરો અને તેમના સહાયકો પણ એસ. ટી નિગમની બસોમાં વિનામૂલ્યે મૂસાફરી કરવાની યોજનાનો લાભ લઈ રહ્યા છે.જે અંતર્ગત ગુજરાતમાં છેલ્લા એક વર્ષમાં ય્જીઇ્ઝની તમામ બસોમાં ૯૬.૫ લાખ દિવ્યાંગ મુસાફરો અને ૧૩.૨૭ લાખ જેટલા તેમના સહાયકોએ વિનામૂલ્યે મુસાફરી સુવિધાનો લાભ મેળવ્યો છે. આ માટે રાજ્ય સરકાર દ્વારા ભાડા પેટે નિગમને રૂ.૭૫ કરોડથી વધુની સહાય આપવામાં આવી હતી. ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની યાદીમાં જણાવ્યા પ્રમાણે રાજ્યના નાગરીકોને વધુમાં વધુ યોજનાઓ થકી ગુણવત્તાયુકત મુસાફરી સુવિધા કઈ રીતે આપી શકાય તે દિશામાં એસ.ટી નિગમ દ્વારા સતત કામ કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત દિવ્યાંગ મુસાફરો માટે સામાજિક અને ન્યાય અધિકારિકતા વિભાગ દ્વારા વિવિધ પાંચ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓ અને તેમના સહાયકોને એસ.ટી. બસમાં ૧૦૦ ટકા વિનામૂલ્યે મુસાફરીનો લાભ આપવા આવી રહ્યો છે. ગુજરાત એસટી દ્વારા પાંચ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓમાં આનુવંશિક કારણોથી થતો સ્નાયુક્ષય, ક્રોનિક ન્યુરોલોજીકલ સ્થિતિ, સામાન્ય ઈજા જીવલેણ રક્તસ્રાવ, દજારી સ્નાયુબદ્ધ કઠોરતા, હિમોગ્લોબીનની ઘટેલી માત્રા વગેરેને ધ્યાને લઈને રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગ વ્યક્તિ અને તેમના સહાયકોને મુસાફરી માટે ૧૦૦ ટકા રાહત આપવામાં આવે છે.

# એક્ટિવિટી ક્લાસના નામે બાળકો સાથે ભેદભાવ

। (એજન્સી) અમદાવાદ,તા.૨ ।

શહેરના છાણી વિસ્તારમાં આવેલી પોદ્દાર વર્લ્ડ સ્કૂલને લઈને ફરી વિવાદ સર્જાયો છે. વાલી મંડળે સ્કૂલ સામે હવે જિલ્લા કલેકટરને રજૂઆત કરી છે. વાલી મંડળનું કહેવું છે કે, સ્કૂલમાં છેલ્લા કેટલાક સમયથી ગજગ્રાહ ચાલી રહ્યો છે. એફઆરસીએ નક્કી કરેલી ફી જ ભરવાનો આગ્રહ રાખનારા વાલીઓએ બે મહિના પહેલા દેખાવો પણ કર્યા હતા. આવા વાલીઓના બાળકોને સ્કૂલ સંચાલકો ટાર્ગેટ કરી રહ્યા છે. જે બાળકોએ એક્ટિવિટી અને હોબી ક્લાસ માટે ફી ભરી હોય તેવા બાળકોના ક્લાસ સ્કૂલના નિયમિત સમય દરમિયાન લેવાય છે અને આ દરમિયાન એફઆરસી પ્રમાણે ફી ભરનારા અને એક્ટિવિટી તેમજ હોબી ક્લાસની ફી નહીં ભરનારા બાળકોને એક વર્ગમાં બેસાડી રાખવામાં આવે છે. તેમને બીજા કરતા ઉતરતા હોવાનો અનુભવ કરાવવામાં આવે છે. આવા બાળકોને ઘરે જઈને માતા પિતા પર એક્ટિવિટી ક્લાસની ફી ભરવા દબાણ કરવાનું કહેવામાં આવે છે. મંડળના જણાવ્યા પ્રમાણે તાજેતરમાં ઈન્ટરનેશનલ યોગ ડે નિમિત્તે એક્ટિવિટી ક્લાસ માટે ફી નહીં ભરનારા બાળકોને યોગ પ્રેક્ટિસમાં સામેલ નહોતા થવા દેવાયા. સ્કૂલના ભેદભાવ સામે નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટને રજૂઆત કરવામાં આવી હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન: ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## હિમાચલના મંડીમાં આભ ફાટતાં તબાહીના દશ્ય સર્જાયા

**। (એજન્સી) હિમાચલ પ્રદેશ, તા.૨ ।**

પૂર અને વરસાદ વચ્ચે, હિમાચલ પ્રદેશમાં ભારે વિનાશ સર્જાયો છે. હિમાચલના મંડીના ધર્મપુર, લૌંગણીમાં વાદળ ફાટવાના સમાચાર સામે આવ્યા છે. જણાવવામાં આવી રહ્યું છે કે, કરસોગ ખીણમાં વાદળ ફાટવા જેવી સ્થિતિમાં ૭થી ૮ મકાન પાણીમાં વહી ગયા છે. અનેક વિસ્તારોમાં ગાડીઓ વહેતી હોય તેવી પણ તસવીરો સામે આવી છે. હાલ લોકોને ઘરમાં રહેવાની સલાહ આપવામાં આવી છે. વળી, કુલ્લુની બંજાર ખીણમાં તીર્થન નદીનું રૌદ્ર સ્વરૂપ જોવા મળી રહ્યું છે. જ્યાં વરસાદ અને પૂરના કારણે અનેક રસ્તાઓ તૂટી ગયા છે.

કરસોગના મેગલીમાં નાળામાં પાણી ગામથી થઈને વહેવા લાગ્યો જેનાથી લગભગ ૮ ઘર અને બે ડઝનથી વધુ ગાડીઓ તેની લપેટમાં આવી ગઈ છે. પહાડોમાં નાળાઓએ એટલા ભયાનક સ્વરૂપે વહી રહ્યા છે કે, પાણી ગામડાંઓમાં ભરાઈ ગયા છે, જેના કારણે લોકો અડધી રાત્રે ઘરોમાંથી નીકળીને રસ્તા પર પહોંચી ગયા છે. હાલ, પહાડો પર સ્થિત પોલીસ કેમ્પ માં લોકોને રહેવા માટે વ્યવસ્થા કરવામાં આવી રહી છે. ધર્મપુરમાં નદીનું પાણી લગભગ ૨૦ ફૂટ ઉપર વહેવા લાગ્યું છે, જેના કારણે બજાર અને પોલીસ સ્ટેશન જળમગ્ન થઈ ગયા છે. થુનાગમાં મુખ્ય બજારના રસ્તામાં જ નાળું વહેવા લાગ્યું છે. લોકોના ઘરમાં પાણી ઘુસી ગયા છે, જેના કારણે લોકોને આખી-આખી રાત જાગવું પડ્યું હતું. અનેક વિસ્તારોમાં ભારે વરસાદ અને ભૂસ્ખલનના કારણે લોકોને પોતાની ખાનગી વસ્તુઓનું નુકસાન વેઠવું પડી રહ્યું છે, વળી રસ્તા પર પરિવહન પણ ખોરવાઈ ગયું છે. સોમવારે ભારે વરસાદના કારણે રાજ્યમાં અનેક ઈમારતો તૂટી ગઈ હતી.


**પશ્ચિમ રેલવે-વડોદરા મંડળ**

**બાજુનો રસ્તો પૂરો પાડવા પાથવે**

ઈ-ટેન્ડર સૂચના નંબર **DYCE- BR-BRC-06-2025-26;** ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે ઈ-ટેન્ડર ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ-લાઈન) વડોદરા, પશ્ચિમ રેલ્વે, પ્રતાપનગર, વડોદરા-૩૯૦ ૦૦૪ દ્વારા નીચેના કામો માટે આમંત્રિત કરવામાં આવે છે. **ક્રમ નંબર (૧) ટેન્ડર નંબર: DYCE-BR-BRC-06-2025-26, કામનું નામ:** 'વડોદરા વિભાગઃ સુરત-મિયાગામ વિભાગમાં બીઆરસી વિભાગના બીઆર. નંબર ૪૭૧, ૪૭૩, ૪૭૪, ૪૭૯, ૪૮૦, ૪૮૦બી, ૪૮૫, ૫૧૪ અને ૫૨૦ યુપી અને ડીએન ખાતે સાઈડ પાથવે પૂરો પાડવો. **કામની અંદાજિત કિંમત:** રૂ. ૧,૭૨,૯૨,૦૬૩.૨૪/- **બિડ સિક્યોરિટી જમા કરાવવાની રહેશે:** રૂ.૨,૩૬,૫૦૦.૦૦/- **ઈ-ટેન્ડર સબમિટ કરવાની અને ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ઓનલાઈન ટેન્ડર ૨૮.૦૭.૨૦૨૫ ના રોજ ૧૫.૦૦ કલાક પહેલા સબમિટ કરવાના છે અને તે જ તારીખે ૧૫.૩૦ કલાકે ખોલવાના છે. **વેબસાઈટની વિગતો અને સંપૂર્ણ વિગતો જોઈ શકાય તેવા સ્થાન માટેની સૂચના વગેરે: વેબસાઈટ @ www.ireps.gov.in** ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ લાઈન) વડોદરા પશ્ચિમ રેલ્વે, પ્રતાપનગર, વડોદરા - ૩૯૦ ૦૦૪

090

અમને લાઈક કરો: facebook.com/WesternRly


### ઈરાન-ઈઝરાયલ બાદ ટ્રમ્પનો ફરી મોટો દાવો

## 'ગાઝામાં ૬૦ જ દિવસમાં કરાવીશું સીઝફાયર'

### નેતન્યાહૂની અમેરિકન યાત્રા ઈરાનની ન્યૂક્લિયર ફેસિલિટી પર અમેરિકન હુમલા બાદ જ થઈ રહી છે

**। (એજન્સી) નવીદિલ્હી, તા.૨ ।**

ઈરાન-ઈઝરાયલ બાદ હવે ગાઝામાં પણ શાંતિ આવી શકે છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો છે કે, ઈઝરાયલે ગાઝામાં ૬૦ દિવસના યુદ્ધ વિરામ પર સંમતિ દર્શાવી છે. જોકે, આ માટે અમુક શરતો પણ મૂકી છે. આ મામલે ટ્રમ્પે હમાસને પણ ચેતવણી આપતા કહ્યું કે, સ્થિતિ વધુ વકરે તે પહેલાં સમજૂતી સ્વીકારી લે.અમેરિકન પ્રમુખ ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટ દ્વારા કહ્યું કે, 'મારા પ્રતિનિધિઓએ આજે ગાઝા ઈઝરાયલના મુદ્દે ઈઝરાયલના નેતાઓ સાથે એક લાંબી અને કારગર બેઠક કરી. ઈઝરાયલે ૬૦



દિવસના યુદ્ધવિરામને અંતિમ રૂપ આપવા માટે જરૂરી શરતો પર સંમતિ વ્યક્ત કરી છે, જે દરમિયાન અમે યુદ્ધ ખતમ કરવા માટે તમામ પક્ષો સાથે વાત કરીશું. કતર અને મિસ્રના નેતાઓ, જેણે શાંતિ લાવવામાં ખૂબ મહેનત કરી છે, તેઓ આ અંતિમ પ્રસ્તાવને રજૂ કરશે. મને આશા છે કે, મિડલ ઈસ્ટના સારા માટે હમાસ આ સમજૂતી સ્વીકારી લેશે, કારણ કે જો તે આવું નથી કરતું તો સ્થિતિ વધુ ખરાબ બની જશે.'અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાત જુલાઈએ વ્હાઈટ હાઉસમાં ઈઝરાયલ પ્રમુખ બેન્જામિન નેતન્યાહૂની મેજબાની કરશે. 'વ્હાઈટ હાઉસ' દ્વારા આ વાતની પુષ્ટી કરવામાં આવી છે. ટ્રમ્પ ગાઝામાં યુદ્ધવિરામ અને બંધકોની મુક્તિ માટે પોતાના પ્રયાસ તેજ કરી રહ્યું છે. જાન્યુઆરી ૨૦૨૫માં ડોનાલ્ડ ટ્રમ્પ સત્તામાં પરત ફર્યા હતા, ત્યારબાદથી નેતન્યાહૂની વ્હાઈટ હાઉસની ત્રીજી યાત્રા હશે.

### ખરો હેતુ સેક્સ માટેનો હતો તે સૂચવવા માટે કંઈક વધુ હોવું જોઈએ

## 'આઈ લવ યુ' કહેવું એ જાતીય સતામણી નથી : બોમ્બે હાઈકોર્ટ

### ફરિયાદ મુજબ વ્યક્તિએ નાગપુરમાં ૧૭ વર્ષીય પીડિતાનો બળજબરીથી હાથ પકડીને 'આઈ લવ યુ' કહ્યું હતું.

**। (એજન્સી) મુંબઈ, તા.૦૨ ।**

કિશોરીની છેડતી કરનારા ૩૫ વર્ષીય આરોપીને નિર્દોષ જાહેર કરતાં બોમ્બે હાઈકોર્ટની નાગપુર ખંડપીઠે જણાવ્યું હતું કે 'આઈ લવ યુ' કહેવું એ ફક્ત લાગણીઓની અભિવ્યક્તિ છે અને તેમાં કોઈ 'જાતીય ઈરાદા' નથી. કોઈપણ જાતીય કૃત્યમાં અયોગ્ય સ્પર્શ, બળજબરીથી કપડાં ઉતારવા, અભદ્ર હાવભાવ કરવા અથવા મહિલાના શાલીનતાનું અપમાન કરવાના ઈરાદાથી કરવામાં આવેલી ટિપ્પણીનો સમાવેશ થાય છે. ન્યાયાધીશ ઉર્મિલા જોશી-ફાળકેની



ખંડપીઠે સોમવારે આપેલા આદેશમાં આ અવલોકન કર્યા હતાં. કોર્ટે ૨૦૧૫માં એક કિશોરીની છેડતી કરવાના આરોપી ૩૫ વર્ષીય પુરુષને નિર્દોષ પણ જાહેર કર્યો હતો. ફરિયાદ મુજબ આ વ્યક્તિએ નાગપુરમાં ૧૭ વર્ષીય પીડિતાનો બળજબરીથી હાથ પકડીને 'આઈ લવ યુ' કહ્યું હતું. નાગપુરની એક સેશન્સ કોર્ટે ૨૦૧૭માં તેને ભારતીય દંડ સંહિતા અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ ધારાની સંબંધિત કલમો હેઠળ દોષિત ઠેરવ્યો હતો અને ત્રણ વર્ષની જેલની સજા ફટકારી હતી.હાઈકોર્ટે આ વ્યક્તિની સજા રદ કરીને નોંધ્યું હતું કે એવી કોઈ પરિસ્થિતિ નથી કે જે દર્શાવે કે તેનો વાસ્તવિક હેતુ પીડિતા સાથે જાતીય સંપર્ક સ્થાપિત કરવાનો હતો. 'હું તને પ્રેમ કરું છું' જેવા શબ્દો પોતે જ કાયદા હેઠળ જાતીય ઈરાદા ગણાતા નથી. 'આઈ લવ યુ' કહેવા પાછળનો ખરો હેતુ સેક્સ માટેનો હતો.



જમ્મુના રામ મંદિર બેઝ કેમ્પ ખાતે વાર્ષિક 'અમરનાથ યાત્રા' માટે નોંધણી કરાવવા માટે કતારમાં રાહ જોતા 'જંગમ' સમુદાયના સભ્યો ધાર્મિક સૂત્રોચ્ચાર કરે છે.

## અમેરિકામાં ઇસ્કોન મંદિર પર હુમલો, ૨૦થી ૩૦ રાઉન્ડ ફાયરિંગ કરાયું

**। (એજન્સી) સ્પેનિશ ફોર્ડ, તા.૦૨ ।**

અમેરિકાના ઉટાહ રાજ્યના સ્પેનિશ ફોર્ડમાં ઈસ્કોન શ્રી શ્રી રાધા કૃષ્ણ મંદિર પર હુમલો કરાયો હતો. હુમલાખોરોએ મંદિરને ટાર્ગેટ કરીને ૨૦થી ૩૦ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. તેનાથી મંદિરને નુકસાન થયું છે. જોકે કોઈ જાનહાનિનના અહેવાલ મળ્યાં ન હતાં. સાન ફ્રાન્સિસ્કો સ્થિત ભારતના કોન્સ્યુલેટ જનરલે આ હુમલાની આકરી નિંદા કરીને ઝડપથી કાર્યવાહી કરવા અમેરિકાના સત્તાવાળાને અનુરોધ કર્યો હતો. કોન્સ્યુલેટે એક નિવેદનમાં જણાવ્યું હતું કે અમે ઈસ્કોન શ્રી શ્રી રાધા કૃષ્ણ મંદિરમાં થયેલી ગોળીબારની ઘટનાની સખત નિંદા કરીએ છીએ. કોન્સ્યુલેટ તમામ ભક્તો અને સમુદાયને સંપૂર્ણ સમર્થન આપે છે અને સ્થાનિક અધિકારીઓને ગુનેગારો સામે તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરે છે. આ મંદિર પર છેલ્લા ઘણા દિવસોમાં વારંવાર હુમલાં થયા છે. મંદિરની ઈમારત અને આસપાસના મેદાનો પર ૨૦ થી ૩૦ રાઉન્ડ ગોળીઓ ચલાવાઈ છે.ઈસ્કોને સોશિયલ મીડિયા પર ફાયરિંગની ઘટનાઓને પુષ્ટિ આપી હતી અને આ ઘટનાઓને નફરતના ગુનાઓ તરીકે વર્ણવી હતી. ભક્તો અને મહેમાનો મંદર પરિસરમાં હતાં.

## અમરેલીમાં હોસ્પિટલ પરિસરમાં ત્રણ યુવક પર કાર ચડાવી હત્યાનો પ્રયાસ

### અમરેલી પોલીસે આ અંગે હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરીને સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી

**। (એજન્સી) અમરેલી, તા.૦૨ ।**

અમરેલીમાં હત્યાના પ્રયાસનો એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખીને એક શખસે અમરેલી સિવિલ હોસ્પિટલના કેમ્પસમાં બેફામ કાર ચલાવીને ત્રણ યુવકોને અડફેટે લીધા હતા. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. જોકે, કારમાં આવેલા શખસે ત્રણ યુવકોને ટક્કર મારી ઉછાળ્યા બાદ નીચે પટકાયેલા યુવકો પર ફરીથી કાર રિવર્સ લઈને ચડાવી દીધી હતી. આ ઘટનામાં બે યુવકોને ગંભીર ઈજાઓ થઈ છે અને સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે, જેના આધારે પોલીસે તપાસ હાથ ધરી છે.ગત ૨૯ જૂનના રોજ સાવરકુંડલામાં રવિ વેગડા અને ભરત કેતરિયા વચ્ચે માથાકૂટ થઈ હતી, જે અંગે સાવરકુંડલામાં ગુનો દાખલ થયો હતો. આ બનાવમાં ઈજાગ્રસ્ત રવિ વેગડા અને હિતેશ કેતરિયા અમરેલી સિવિલ હોસ્પિટલમાં દાખલ હતા. ગત ૩૦ જૂનની રાત્રે રવિ વેગડા, અજય ચૌહાણ અને હિતેશ ગેલોતર અમરેલી સિવિલ હોસ્પિટલના કેમ્પસમાંથી કેન્ટીન તરફ ચાલીને જઈ રહ્યા હતા.આ દરમિયાન ભરત કેતરિયાનો ભાઈ જયસુખ કેતરિયા પોતાની આઈ-૨૦ કાર લઈને આવ્યો હતો અને રવિ વેગડાને મારી નાખવાના ઈરાદે ત્રણેય પર કાર ચડાવી દીધી હતી. કારની ટક્કર એટલી જોરદાર હતી કે ત્રણેય મિત્રો ફંગોળાઈને દૂર ફેંકાયા હતા. કારચાલક જયસુખ કેતરિયા આટલેથી ન અટક્યો અને નીચે પટકાયેલા યુવકો પર કાર રિવર્સ લઈને ફરીથી ચડાવી દીધી હતી. ત્યાર બાદ તે ત્યાંથી ફરાર થઈ ગયો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે.આ ઘટનામાં અજય ચૌહાણ અને હિતેશ ગેલોતરને ગંભીર ઈજાઓ પહોંચી હતી, તેમને સારવાર માટે અમરેલી સિવિલ બાદ રાજકોટ ખસેડાયા છે. અમરેલી પોલીસે આ અંગે હત્યાના પ્રયાસનો ગુનો દાખલ કરીને સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

### ઉત્તર પ્રદેશના અલીગઢ જિલ્લામાંથી ચોંકાવનારી ઘટના સામે આવી

## અલીગઢમાં કાકીએ પોતાના જ ભત્રીજા સાથે ગંદુ કામ કર્યું

**। (એજન્સી) અલીગઢ, તા.૨ ।**

ઉત્તર પ્રદેશના અલીગઢ જિલ્લામાંથી ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યાં સંબંધમાં થતી કાકીએ પોતાના જ ભત્રીજા સાથે ગંદુ કામ કર્યું છે. આ આખો કિસ્સો જિલ્લાના અકરાબાદ વિસ્તારનો છે. એક મહિલા એસએસપી કાર્યાલયે આવી હતી. મહિલાએ એસએસપીને ફરિયાદ કરતાં પોતાની દેરાણી પર આરોપ લગાવ્યો કે તેણે પોતાના સગીર દીકરાને બંધક બનાવી તેને નશીલી દવા આપી તેની સાથે શારીરિક સંબંધ બનાવે છે. જ્યારે તે આ વાતનો વિરોધ કરે છે તો જેલમાં મોકલવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપે છે.પ્રાપ્ત વિગતો અનુસાર, જોઈએ તો, મહિલાએ એસએસપીને આપેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેનો પતિ બીમાર રહે છે. એટલા માટે તે મહેનત-મજૂરી કરીને ઘર ચલાવે છે. સંબંધમાં દેરાણીનો પતિ સઉદી અરબમાં નોકરી કરે છે. જ્યારે તે મહિલા મુંબઈમાં રહે છે. દેરાણી તેના સગીર દીકરાને કામ અપાવવાના બહાને ૨૪ મે ૨૦૨૪ના રોજ મુંબઈ લઈ ગઈ હતી. પછી ત્યાં તેના સગીર દીકરાને નશીલી દવા આપીને ખાટલા સાથે બાંધી રાખતી. મહિલાએ આરોપ લગાવ્યો કે, તેની દેરાણી તેના સગીર દીકરા સાથે શારીરિક સંબંધ બનાવતી. તેના દીકરાને ધમકી આપતી કે જો કોઈને કંઈ વાત કહી તો તેને જેલમાં મોકલાવી દેશે. આ વાતથી ડરીને તેણે એક વાર ભાગવાની પણ કોશિશ કરી હતી, પણ તેને પકડીને માર્યો. આ વાત દીકરાએ ત્રણ જૂને ફોન કરીને માને જણાવી હતી. ત્યાર બાદ મા મુંબઈ ગઈ. મહિલાએ યુપી પોલીસને દેરાણી વિરુદ્ધ ફરિયાદ કરી. હવે આ મામલો સામે આવ્યા બાદ સમગ્ર વિસ્તારમાં ચર્ચા થઈ ગઈ છે. તો વળી મા પોતાના દીકરાને લઈને ચિંતામાં છે. તેને ડર સતાવી રહ્યો છે કે, તેની દેરાણી ક્યાંક તેના દીકરા સાથે કંઈ કરી ન નાખે.

### મધ્યપ્રદેશમાંથી એક સનસનીખેજ ઘટના સામે આવી

## ધોળા દિવસે હોસ્પિટલમાં ઘૂસી નર્સિંગની વિદ્યાર્થિનીનું ગળું કાપી નાખ્યુ

### ઘટના સમયે દ્રશ્ય એટલું ભયાનક હતું કે સ્થળ પર હાજર કોઈ પણ છોકરીને બચાવવાની હિંમત ન કરી શક્યું

**। (એજન્સી) મધ્યપ્રદેશ, તા.૨ ।**

મધ્યપ્રદેશમાંથી એક સનસનીખેજ ઘટના સામે આવી છે. મધ્યપ્રદેશના નરસિંહપુર જિલ્લા હોસ્પિટલમાં નર્સિંગની ટ્રેનિંગ લઈ રહેલી એક વિદ્યાર્થિનીનું ગળું કાપીને હત્યા કરી નાખવામાં આવી છે.

આ ઘટનાનો વીડિયો સામે આવ્યો છે, જેને જોઈને દરેકના રૂંવાટા ઊભા થઈ ગયા છે. શુક્રવારે બનેલી આ ઘટનામાં આરોપીએ ધોળા દિવસે છરી વડે વિદ્યાર્થીની સંધ્યા ચૌધરીને ગળું કાપીને મોતને ઘાટ ઉતારી દીધી.

વીડિયોમાં જોઈ શકાય છે કે, હોસ્પિટલ પરિસરમાં સેંકડો લોકોની હાજરીમાં આરોપી અભિષેક કોષ્ઠી વિદ્યાર્થિનીનું ગળું કાપી રહ્યો છે. આ દરમિયાન તેણે પોતાની ગરદન કાપવાનો પણ પ્રયાસ કર્યો. પરંતુ જ્યારે તેણે જોયું કે વિદ્યાર્થીની હજુ પણ જીવિત છે અને પીડાથી તડપી રહી છે, તો તેણે ફરી તેની ગરદન કાપવાનું શરૂ કરી દીધું. આ ભયાનક દ્રશ્ય જોઈ લોકો ડરી ગયા છે.

ઘટનાસ્થળ પર હાજર કોઈ વ્યક્તિએ આ ઘટનાનો વીડિયો બનાવીને સોશિયલ મીડિયા પર વાયરલ કરી દીધો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે ઘટના સમયે નર્સિંગ સ્ટુડન્ટ ડ્યૂટી પર હતી અને હોસ્પિટલમાં દર્દીઓની દેખરેખ કરી રહી હતી. આ દરમિયાન આરોપી યુવક અચાનક હોસ્પિટલમાં ઘૂસી ગયો અને એક જ ઝાટકે છોકરીનું ગળું છરીથી કાપી નાખ્યું. ઘટના સમયે દ્રશ્ય એટલું ભયાનક હતું કે સ્થળ પર હાજર કોઈ પણ છોકરીને બચાવવાની હિંમત ન કરી શક્યું.

આ હત્યાકાંડ બાદ હોસ્પિટલ પરિસરમાં ભાગદોડ મચી ગઈ. થોડી જ વારમાં વિદ્યાર્થિનીનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું. પ્રાપ્ત માહિતી પ્રમાણે આરોપી યુવક વિદ્યાર્થિનીને એકતરફી પ્રેમ કરતો હતો. પોલીસે આરોપી યુવકની ધરપકડ કરી લીધી છે અને તેને ન્યાયિક કસ્ટડીમાં જેલ હવાલે કરી દીધો છે.

### ભોપાલમાંથી એક સનસનીખેજ કિસ્સો સામે આવ્યો

## ૨૯ વર્ષની રિતિકા સેનની તેના લિવ ઈન પાર્ટનર સચિન રાજપૂતે ગળું દબાવીને હત્યા કરી

### હત્યા બાદ આરોપીએ લાશને ધાબળામાં લપેટીને બેડ પર રાખી, સાથે જ બે દિવસ સુધી તે લાશ સાથે સૂતો રહ્યો

**। (એજન્સી) ભોપાલ, તા.૨ ।**

મધ્ય પ્રદેશની રાજધાની ભોપાલમાંથી એક સનસનીખેજ કિસ્સો સામે આવ્યો છે, જ્યાં ૨૯ વર્ષની રિતિકા સેનની તેના લિવ ઈન પાર્ટનર સચિન રાજપૂતે ગળું દબાવીને હત્યા કરી નાખી છે. હત્યા બાદ આરોપીએ લાશને ધાબળામાં લપેટીને બેડ પર રાખી, સાથે જ બે દિવસ સુધી તે લાશ સાથે સૂતો રહ્યો. આ ઘટના ૨૭ જૂનની રાતે બજરિયા વિસ્તારમાં થઈ હતી. ગાયત્રી નગર, કરરિયા ફાર્મ વિસ્તારમાં રહેતા બંને વચ્ચે તે રાતે બોલાચાલી થઈ હતી. રિતિકા એક ખાનગી ફર્મમાં કામ કરતી હતી. જ્યારે સચિન હાલમાં બેરોજગાર હતો અને રિતિકા પર બોસ સાથે અફેર હોવાનો શક કરતો હતો. વાત એટલી વધી ગઈ કે સચિને રિતિકાનું ગળું દબાવીને તેની



હત્યા કરી નાખી. હત્યા બાદ સચિને રિતિકાની લાશને ધાબળા અને ચાદરથી લપેટીને બેડ પર રાખી દીધી. પછી એ જ રૂમમાં સૂતો રહ્યો. દારૂ પીતો રહ્યો, બે દિવસ સુધી તેની લાશ પાસે સૂતો રહ્યો. પોલીસના જણાવ્યા અનુસાર, સચિન પહેલાથી પરણેલો છે અને બે બાળકોનો પિતા છે. પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે અને હત્યાનો ગુનો નોંધી લીધો છે. રવિવારે સચિને પોતાના દોસ્ત અનુજને દારૂના નશામાં હત્યા કરી હોવાની વાત જણાવી હતી. પણ દોસ્તે આ વાતને હળવાશમાં લીધી. સોમવાર સવારે, જ્યારે ફરીથી તેણે આ વાત કહી, તો અનુજને શંકા ગઈ અને તેણે સાંજે ૫ વાગ્યે પોલીસને જાણ કરી દીધી. બજરિયા પોલીસ જ્યારે ઘટનાસ્થળે પહોંચી, દરવાજો ખોલ્યો તો ધાબળામાં લપેટેલી રિતિકાની લાશ બેડ પર મળી હતી. સચિને જે વાત કહી હતી, તે સાચી નીકળી.પોલીસના જણાવ્યા અનુસાર, મહિલાનું નામ રિતિકા સિંહ છે, જે પોતાના બોયફ્રેન્ડ સચિન રાજપૂત સાથે અહીં રહેતી હતી. તે વિદિશા જિલ્લાના સિરોંજના રહેવાસી છે અને સાડા ત્રણ વર્ષથી લિવ ઈનમાં રહેતા હતા. જ્યાં ઘટના થઈ ત્યાં તેઓ ૧૦ મહિનાથી રહેતા હતા. તેમણે જણાવ્યું કે, બંનેને ૨૭ જૂનના રોજ ઝઘડો થયો હતો, જે એટલો વધી ગયો કે, આરોપીએ પોતાની પ્રેમિકાનું ગળું દબાવીને હત્યા કરી નાખી અને પછી લાશને ધાબળામાં બાંધીને નીકળી ગયો.

### ડિજિટલ ઈન્ડિયામાં સાયબર ળોડના કેસ બે વર્ષમાં ૧૦ ગણા વધી ૨૦ લાખ થયા

## સાયબર સેલ કુંભકર્ણની નિદ્રામાં : સામાન્ય લોકોના રૂ. ૨૨,૮૧૧ કરોડનું આંધણ

**। (એજન્સી) મુંબઈ, તા.૦૨ ।**

ભારતમાં દિવસે ને દિવસે સાયબર ગુનાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. સાયબર ગુનાની રીતો પણ બદલાતી રહી છે. ઓટીપી, એપીકે લિંક, ડિજિટલ અરેસ્ટ સહિત અનેક પ્રકારે સામાન્ય ભારતીય પ્રજા સાયબર સ્કેમર્સનો ભોગ બની રહી છે. છેલ્લા એક વર્ષમાં જ સાયબર ગુનેગારોએ ભારતીયો પાસેથી અંદાજે રૂ. ૨૨,૮૧૨ કરોડની તફડંચી કરી છે. દેશમાં ૨૦૨૪માં ભારતીયોએ સાયબર ગુનાના અંદાજે ૨૦ લાખ કેસ નોંધાવ્યા છે. જોકે, સાયબર છેતરપિંડીની ફરિયાદ ન કરી હોય તેવા લોકોને પણ ધ્યાનમાં લેવામાં આવે તો ભારતીયો સાથે સાયબર છેતરપિંડીની રકમ અબજો કરોડોમાં હોઈ શકે છે.ઈન્ડિયન સાયબર ક્રાઈમ કો-ઓર્ડિનેશન સેન્ટર (આઈ૪સી) મુજબ વર્ષ ૨૦૨૪માં એનસીઆરપી પર સાયબર ળોડની ૧૯.૧૮ લાખ ફરિયાદો આવી છે, જે દર્શાવે છે કે લોકોએ સાયબર ળોડથી ૨૦૨૪માં કુલ રૂ. ૨૨,૮૧૧.૯૫ કરોડ ગુમાવ્યા છે. આ આંકડા સાથે ભારત દુનિયાના સૌથી વધુ સાયબર ક્રાઈમના શિકાર દેશોમાં સામેલ થઈ ગયો છે.ભારતમાં દર વર્ષે સાયબર ક્રાઈમના ગુના વધી રહ્યા છે. જીઆઈઆરઈએમના રિપોર્ટ મુજબ ભારતમાં માલવેર હુમલામાં ૧૧ ટકા, રેન્સમવેરમાં ૨૨ ટકા, ઈન્ટરનેટ સાથે સંકળાયેલી ડિવાઈસીસ પર હુમલામાં ૨૯ ટકા અને ક્રિપ્ટો હુમલામાં કુલ ૪૦૯ ટકાનો ચોંકાવનારો વધારો થયો છે. વર્ષ ૨૦૨૩માં સાયબર ગુનાની ૧૫.૫૬ લાખ ફરિયાદો નોંધાઈ હતી, જે વર્ષ ૨૦૨૪માં વધીને ૧૯.૧૮ લાખ થઈ ગઈ હતી. આ ફરિયાદોમાં મોટાભાગે નાણાકીય ફ્રોડનું પ્રમાણ વધુ છે. વર્ષ ૨૦૨૩માં ભારતીયોએ રૂ. ૭,૪૯૬ કરોડ સાયબર ક્રાઈમ મારફત ગુમાવ્યા હતા, જ્યારે વર્ષ ૨૦૨૨માં આ આંકડો રૂ. ૨,૩૦૬ કરોડ હતો. વર્ષ ૨૦૨૪માં ભારતીયોએ ૨૦૨૩ની સરખામણીમાં ત્રણ ગણા અને ૨૦૨૨ની સરખામણીમાં ૧૦ ગણા વધુ નાણાં ગુમાવ્યા છે. છેલ્લા ચાર જ વર્ષમાં લોકોએ લગભગ રૂ. ૩૩,૧૬૫ કરોડ સાયબર ફ્રોડમાં ગુમાવી દીધા છે. જીઆઈઆરઈએમના રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૨૪માં થયેલા ફિશિંગ હુમલામાં ૮૨.૬ ટકા એઆઈ જનરેટેડ હતા. તાજેતરમાં ક્યુઆર કોડ આધારિત સાયબર ફ્રોડના કેસ વધવાની સંખ્યા વધી છે.સાયબર ગુનેગારો નકલી પોસ્ટર્સ, વોટ્સએપ મેસેજીસ અને લિંકનો ઉપયોગ કરી લોકોને ટાર્ગેટ કરે છે, જેનાથી યુઝર્સ એક વખતમાં જ ક્યુઆર કોડ સ્કેન કરી લે છે. કોડ સ્કેન કર્યા પછી પીડિત નકલી યુપીઆઈ પેમેન્ટ પોર્ટલ પર પહોંચી જાય છે, જ્યાંથી તેમના બેન્ક ખાતાની વિગતો ચોરી લેવાય છે. આ રીતે ભારતમાં મોટી સંખ્યામાં સાયબર ફ્રોડ થઈ રહ્યું. દરમિયાન ઉત્તર પ્રદેશના સંભલ જિલ્લામાં વીમા ફ્રોડ સામે આવ્યા પછી પોલીસે ૧૨ રાજ્યોમાં ફેલાયેલી ગેંગનો પર્દાફાશ કર્યો છે. આ ગેંગે અંદાજે રૂ. ૧૦૦ કરોડની વિમાની રકમ હડપી લીધી હતી. આ ઘટના પછી હવે સંભલ પોલીસે વીમા કંપનીઓને ફ્રોડ રોકવા માટે દેશની ૫૮ વિમા કંપનીઓના પ્રતિનિધિઓ સાથે ઈન્સ્યોરન્સ કોન્ક્લેવ કરી હતી.

## તંત્રી લેખ...

# કોલકતા ગેંગરેપ કેસના મુખ્ય આરોપી પર વધુ એક આરોપ

કોલકતા ગેંગરેપ કેસમાં મુખ્ય આરોપી મનોજીત મિશ્રા પર વધુ એક વિદ્યાર્થિનીએ સનસનાટીભર્યા આરોપ લગાવ્યો છે. મીડિયા સાથે વાત કરતાં પીડિતાએ દાવો કર્યો છે કે, 'કોલેજ ટ્રિપ દરમિયાન મનોજીત મિશ્રએ મારી સાથે અડપલાં કર્યા હતા. એટલુ જ નહીં વિરોધ કરવા પર તેણે મારી સાથે મારપીટ કરી હતી અને મારી નાખવાની ધમકી આપી હતી.' પીડિત વિદ્યાર્થિનીએ કહ્યું કે, તે બે વર્ષ પહેલા કોલેજ ટ્રિપમાં ગઈ હતી. તે સમયે મનોજીત મિશ્રા પણ તેમની સાથે ગયો હતો. ત્યાં તેણે તેની સાથે અડપલા કરવાનું શરુ કર્યું હતું. પીડિતાએ જ્યારે તેની ગંદી હરકતોનો વિરોધ કર્યો, તો તેણે મારપીટ કરીને ધમકી આપી હતી કે, તે તેના માતા-પિતાને અને બહેનને મારી નાખશે. તેણે પીડિતાને ચૂપ રહેવાની ચેતવણી આપી હતી. વિદ્યાર્થિની એ દાવો કર્યો કે, તે પોલીસ પાસે જવા માંગતી હતી, પરંતુ મનોજીત મિશ્રાની રાજકીય રમત સામે ચૂપ રહી હતી. તેણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે, આરોપીને કોલેજના ગવર્નિંગ બોડીના પ્રમુખ અને તૃણમૂલ કોંગ્રેસના ધારાસભ્ય અશોક દેવનો સપોર્ટ મળી રહ્યો છે. આ સાથે જ પીડિતાએ ચોકાવનારો ખુલાસો કરતાં કહ્યું કે, મનોજીત મિશ્રાની ગંદી હરકતોનો હું એકલી જ શિકાર નથી બની, મારા સિવાય અન્ય ૧૫ સાથે વિદ્યાર્થિનીઓ પણ તેનો શિકાર બની છે. પરંતુ મોટાભાગના કિસ્સામાં વિદ્યાર્થિનીઓ ડરે છે અથવા તો રાજકીય દબાણના કારણે ફરિયાદ કરવા પર ચૂપ રહે છે. વિદ્યાર્થિનીઓનું કહેવું છે કે, 'કોલેજમાં મનોજીત મિશ્રાનો એટલો ડર છે કે, વિદ્યાર્થિનીઓ તેને જોઈને રસ્તો બદલી નાખે છે. તે ખુલ્લેઆમ ધમકી આપે છે. તેનું નેટવર્ક એટલું મજબૂત છે કે, તેની વિરુદ્ધ બોલવા માટે કોઈ તૈયાર નથી.

## ભાજપના મહિલા મંત્રીએ ૧૦૦૦ કરોડ રૂપિયાની લાંચ લીધી હોવાનો મામલો સામે આવ્યો



મધ્યપ્રદેશના ભાજપના મહિલા મંત્રીએ ૧૦૦૦ કરોડ રૂપિયાની લાંચ લીધી હોવાનો મામલો સામે આવ્યો છે. ભાજપના મહિલા મંત્રીનું નામ સંપતિયા ઉઈકે છે અને તેઓ જાહેર આરોગ્ય ઈજનેરી વિભાગમાં ફરજ નિભાવી રહ્યા છે. ચોંકાવનારી વાત એ છે કે, કાંડ સામે આવ્યા બાદ તેની તપાસ પીએચઈ વિભાગના જ એન્જિનિયર-ઈન-ચીફ સંજય અંધવાનને સોંપાઈ છે. પોતાના બચાવમાં મહિલા મંત્રીએ કહ્યું કે, 'જે લોકો તપાસ કરાવવા ઈચ્છે છે, તેઓ તપાસ કરી શકે છે. મને તેનાથી કોઈ વાંધો નથી.'


રાજધાની ભોપાલમાં મીડિયા સાથે વાતચીત દરમિયાન ભાજપ મહિલા મંત્રી ઉઈકે (PHE Minister Sampatiya Uikey) કહ્યું કે, 'હું સંપૂર્ણ નિર્દોષ શું. મારી સામે કોઈપણ તપાસ કરી શકો છો. મને કોઈપણ તપાસથી વાંધો નથી. હું એક આદિવાસી મહિલા છું, ગરીબ-શ્રમિક વર્ગથી આવી છૂં અને પ્રજાની સેવા કરી રહી છું. મુખ્યમંત્રી બધુ જાણે છે. મને જે હેરાનગતિનો થઈ રહી છે, તે તદ્દન ખોટી છે. અમારી સરકાર ભ્રષ્ટાચારમુક્ત છે. જો કોઈના વિરુદ્ધ ફરિયાદ થાય છે, તો તેની તપાસ કરવામાં આવે છે. હું કેબિનેટમાં જઈ રહી છું અને આ મામલે મુખ્યમંત્રી સાથે વાત કરીશ. તેઓ જાણે છે કે, હું કોણ છું અને કેવી છું. અમારું સંગઠન પણ મને જાણે છે. હું ટૂંક સમયમાં એક પ્રેસ કોન્ફરન્સ બોલાવી તમામ પ્રશ્નોનો જવાબ આપીશ.'

વાસ્તવમાં પૂર્વ ધારાસભ્ય કિશોર સમરીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ને પત્ર લખ્યો છે. તેમણે ૧૨ એપ્રિલે મોકલેલા પત્રમાં ભાજપ મહિલા મંત્રી પર ગંભીર આક્ષેપ કર્યા છે. સમરીતે ફરિયાદમાં દાવો કર્યો છે કે, 'સંપતિયા જળ જીવન મિશનમાંથી ૧૦૦૦ કરોડ રૂપિયાનું કમિશન લીધું છે. આ સાથે તેમણે તત્કાલીન પ્રમુખ અભિયંતા બીકે સોનગરિયા અને તેમના એકાઉન્ટન્ટ મહેન્દ્ર ખરે પર કરોડો રૂપિયાની ઘૂસણખોરીનો આક્ષેપ કર્યો છે.વાસ્તવમાં પૂર્વ ધારાસભ્ય કિશોર સમરીતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ને પત્ર લખ્યો છે. તેમણે ૧૨ એપ્રિલે મોકલેલા પત્રમાં ભાજપ મહિલા મંત્રી પર ગંભીર આક્ષેપ કર્યા છે. સમરીતે ફરિયાદમાં દાવો કર્યો છે કે, 'સંપતિયા જળ જીવન મિશનમાંથી ૧૦૦૦ કરોડ રૂપિયાનું કમિશન લીધું છે. આ સાથે તેમણે તત્કાલીન પ્રમુખ અભિયંતા બીકે સોનગરિયા અને તેમના એકાઉન્ટન્ટ મહેન્દ્ર ખરે પર કરોડો રૂપિયાની ઘૂસણખોરીનો આક્ષેપ કર્યો છે.


આરોપો બાદ જાહેર આરોગ્ય ઈજનેરી વિભાગે પ્રેસ જાહેર કરીને સમરીતેના તમામ આક્ષેપોને પાયાવિહોણા અને બનાવટી ગણાવ્યા છે. વિભાગે સ્પષ્ટ કહ્યું કે, 'ફરિયાદીએ આક્ષેપ કર્યા છે, પરંતુ તેઓ નક્કર પુરાવા અથવા દસ્તાવેજો આપી શક્યા નથી.' વિભાગે ફરિયાદને કાલ્પનિક અને તથ્યહીન ગણાવ્યા છે. એકતરફ વિભાગે તમામ આરોપો પાયાવિહોણા ગણાવ્યા છે, તો બીજીતરફ ભાજપ મહિલા મંત્રી પર લાગેલા આક્ષેપોની તપાસ કરવા માટે વિભાગના જ મુખ્ય ઈજનેરને તપાસ સોંપવામાં આવી છે. આ તપાસ વડાપ્રધાન કાર્યાલય દ્વારા માંગવામાં આવેલ રિપોર્ટનો જવાબ આપવાની કાર્યવાહીનો એક ભાગ છે. આરોપો બાદ જાહેર આરોગ્ય ઈજનેરી વિભાગે પ્રેસ જાહેર કરીને સમરીતેના તમામ આક્ષેપોને પાયાવિહોણા અને બનાવટી ગણાવ્યા છે. વિભાગે સ્પષ્ટ કહ્યું કે, 'ફરિયાદીએ આક્ષેપ કર્યા છે, પરંતુ તેઓ નક્કર પુરાવા અથવા દસ્તાવેજો આપી શક્યા નથી.' વિભાગે ફરિયાદને કાલ્પનિક અને તથ્યહીન ગણાવ્યા છે. એકતરફ વિભાગે તમામ આરોપો પાયાવિહોણા ગણાવ્યા છે, તો બીજીતરફ ભાજપ મહિલા મંત્રી પર લાગેલા આક્ષેપોની તપાસ કરવા માટે વિભાગના જ મુખ્ય ઈજનેરને તપાસ સોંપવામાં આવી છે. આ તપાસ વડાપ્રધાન કાર્યાલય દ્વારા માંગવામાં આવેલ રિપોર્ટનો જવાબ આપવાની કાર્યવાહીનો એક ભાગ છે.

### ભક્તિ હરપળ ઈશ્વર વિશે શંકા કરતો જીવ ભરોસો ક્યાંથી કરી શકે!

# સુખનું બહુ વચન શાંતિ હોય, એમ માનવી એની પાછળ જીંદગી ભર ભમતો રહે છે.



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



**શક્તિથી શાંતિ સુધીની સફરમાં એક એક પગથિયું શાંતિ માટે જરૂરી છે, એટલે કે શક્તિ માટે જો યોગ્ય આહાર લેવાય તો શરીર સ્વસ્થ રહે અને રોગ બાબત શાંતિ રહે. બુદ્ધિ માટે અંતઃકરણ ચતુષ્કોણ સંતુલિત રહે એ રીતે મનની ઈચ્છા સંતોષવામાં આવે તો દુર્મતિથી બચી શકાય, અને એ રીતે સુધીની સફરમાં એક એક પગથિયું શાંતિ માટે જરૂરી છે,**


આજકાલ તો વિજ્ઞાનના વિકાસને કારણે, કેટલીય પ્રકારની યાંત્રિક શક્તિ માનવીની જરૂરિયાત બની ગઈ છે, અને સુખ સુવિધા માટેનાં અધ્યતન સાધનો બજારમાં ઉપલબ્ધ છે, અને એ પણ લોનથી, એટલે કહેવું શું! પરંતુ યંત્ર આપણને સુખ આપી શકે શાંતિ નહીં, એ આપણે સૌ જાણીએ છીએ! કારણ કે માનવી એક સામાજિક પ્રાણી છે, અને એને કોઈને કોઈનાં સાથ સહકારની નિતાંત જરૂર પડે જ છે. માટે શાંતિ માટે આપણે સુખનાં ડાયરા માંથી બહાર પગ મૂકવો જ પડે! તો જ મળે! પણ આપણે છીએ કે એવું કરી શકતા નથી, અને સુખનું બહુવચન શાંતિ હોય, એમ વધુને વધુ સુખ માટે સતત ભટકતાં રહીએ છીએ.જેમ તનની શક્તિ માટે આહાર જરૂરી છે, એ જ રીતે મનનો આહાર માનવીને ખુશ રાખી શકે! આપણને સવાલ થાય કે મનનો આહાર શું હોય શકે! મનનો આહાર એટલે મનોરંજન! મનને ગમતી ક્રિયા એ મનનો આહાર છે! પણ આ મનોરંજનનું સાધન આપણી ખુશીને લઈને હોય તો પણ, અન્યને નુકસાન કર્તા તો ન જ હોવું જોઈએ! આપણી ખુશી અન્યના ગમ કે દુઃખનું કારણ બનતું નથી ને ! જે જોવું હવે નિરર્થક હોય એમ કોઈ જોતું નથી, અને માટે ખુશી લાંબો સમય ટકતી નથી, અથવા તો ખુશીમાં પણ બેચીની એટલે કે અશાંતિ પડઘાતી હોય એવું લાગે છે. કોઈની આહ નીકળવી કે આંસુ સરવા આ બંને હિંસા છે, અને એટલે શાંતિ પહેલા અહિંસાને આજીવન વ્રત બનાવવું પડે, અને પેટા પગથિયાં રૂપે આપણે તેને આત્મસાત કરીએ તો શાંતિ મળે. અહિંસાનો ભાવ અંતરમાં લાવવો, કે કેળવવો એ બહુ જ અઘરું છે. કારણ કે પહેલા તો અહિંસા વિશે સમાજમાં બહુ બધી ગેર માન્યતાઓ પ્રચલિત છે, કે અહિંસા એ આખરે કઈ રીતે સિદ્ધ થાય, અને એની માટે આપણે ત્યાં ઘણાં બધાં ધર્મોને એ જુદા જુદા અર્થ કરેલાં છે, વિદ્વાનોએ પણ એને વિષે ટીકા ટિપ્પણી કરેલી છે. પણ સાવ સામાન્ય એટલે કે સરળ ભાષામાં કહીએ તો જે હિંસક નથી, તે ભાવ એટલે અહિંસા. બાકી અન્ય જીવ શ્રેણીમાં જોઈએ તો ઉપભોગ અને ઉપભોક્તાની આ સાયકલમાં કોઈનાં જીવન માટે કોઈનું મૃત્યુ નિશ્ચિત છે. પણ માનવી માટે હિંસા એટલે પ્રતાડિત કરવું, કોઈને હેરાન કરવું, કે પરેશાન કરવું. હિંસાનો અર્થ હત્યા કે મારી નાખવા પુરતો સિમિત ન રહે, તો જ અહિંસાના ભાવ સુધી પહોંચાય. કારણકે મારવા કરતાં પણ કોઈના દિલને દુઃખી કરવું એ મૂળ હિંસા છે. પૃથ્વી પર ૮૪ લાખ યોની અસ્તિત્વ ધરાવે છે, અને એ દરેકનું આયુષ્ય નક્કી જ હોય છે. એટલે હવામાં રહેલા જંતુઓ તો આપણા શ્વાસોશ્વાસની ક્રિયાથી પણ મારતા હોય છે, તો શું આપણે શ્વાસ લેવા બંધ કરી દેવા! વગર કારણે કોઈને પણ હેરાન ન કરવા, પરેશાન ન કરવા, કે ન મારવા એ અહિંસાનો મૂળ ભાવ છે. દાખલા તરીકે અત્યારે ચોમાસામાં મચ્છર માખીનો પ્રકોપ છે, તો એનાથી બચવા બધાં જ ઘરમાં જુદી જુદી રીતે, ઓલ આઉટ, કાલા હીટ, કે મચ્છરના રેકેટ, કે તેની અગરબત્તી કરવામાં આવે છે, અને થવું જ જોઈએ. એજ રીતે વાંદા ધનેડા કે ઈયળનો જીવ કોઈ બચાવતું નથી, કે કોઈ તેને પાળતુ હોય એવું જોવા મળતું નથી, અને આ બધાં જ જીવ પાછાં રાક્ષસી છે, એટલે કે ખૂબ માત્રામાં એનો ઉપદ્રવ થાય છે. તો બહુ સ્વાભાવિક રીતે જ આવા જીવને મારવાં એ હિંસા નથી, પણ કંઈ રીતે મારીએ છીએ, એ ભાવ આપણાં સ્વભાવમાં રહેલી હિંસકતા દેખાડે છે. પોતાની શક્તિ બતાડી શકતા ન્હોય, એ રીતે નાના જીવને ક્રૂરતાથી મારીને વિકૃત આનંદ લેતા હોય તો,એ હિંસાનો ભાવ છે.પણ સામાન્ય રીતે અંદરનાં ભાવમાં ફેરફાર ન થાય તેમ આ ક્રિયા થાય તો એટલો દોષ વધતો નથી, કે અંતરની શુદ્ધતા ઘટતી નથી. શક્તિથી શાંતિ સુધીની સફરમાં એક એક પગથિયું શાંતિ માટે જરૂરી છે, એટલે કે શક્તિ માટે જો યોગ્ય આહાર લેવાય તો શરીર સ્વસ્થ રહે અને રોગ બાબત શાંતિ રહે. બુદ્ધિ માટે અંતઃકરણ ચતુષ્કોણ સંતુલિત રહે એ રીતે મનની ઈચ્છા સંતોષવામાં આવે તો દુર્મતિથી બચી શકાય, અને એ રીતે સુધીની સફરમાં એક એક પગથિયું શાંતિ માટે જરૂરી છે, એટલે કે શક્તિ માટે જો યોગ્ય આહાર લેવાય તો શરીર સ્વસ્થ રહે અને રોગ બાબત શાંતિ રહે. બુદ્ધિ માટે અંતઃકરણ ચતુષ્કોણ સંતુલિત રહે એ રીતે મનની ઈચ્છા સંતોષવામાં આવે તો દુર્મતિથી બચી શકાય, અને એ રીતે સાથ સહકારથી ખુશી બેવડાય છે. અહીં કર્તાહર્તા ને સમાહર્તા ઈશ્વર છે, એ જ્ઞાન સૌને ક્ષમા કરવાની ઉદારતા બતાવે, અને પોતાની ભૂલ વખતે ક્ષમા માંગવાની પણ તૈયારી બતાવી સૌનાં દિલમાં પ્રીતિનું સ્થાન પ્રાપ્ત કરે છે. આમ હૃદયમાં ઈશ્વર પ્રત્યેની અનન્ય શ્રદ્ધા અને વિશ્વાસ ભક્ત ને ભક્તિની શક્તિ પ્રદાન કરે છે, અને ધીરે ધીરે ઉદારતા, દયાળું, માયાળુ, પ્રેમાળ, અને કરુણાનાં ભાવોથી હૃદય ભરાય જાય છે, જ્યાં હિંસાનો ભાવ સાવ નાબૂદ થઈ જાય છે, અને હવે સ્વભાવમાં જે જવલ્લે જ જોવા મળતા હતાં, એ આક્રમકતા, ક્રૌધ, કામ, વાસના, જેવા તમામ દૂષણોનું નિવારણ થતાં જીવ શાંત થાય છે. આમ એક એક પગથિયે ૧૦% ૧૦% શાંતિ મેળવતા મેળવતા ૧૦૦% શાંતિ સુધી પહોંચાય છે, આમાં કોઈ શોર્ટકટ નથી! હાં સદગુરુ શરણે જઈ જેવા છીએ એવા આત્મનિવેદન કરીએ તો કંઈ પણ કર્યા વગર માત્ર સદગુરુનાં વચનો પર ભરોસો રાખીને શક્તિથી શાંતિ સુધીના દરેક શક્તિ કવચે પહોંચી શકાય છે. સુખ નહીં પણ શાંતિ સુધી પહોંચવું હોય તો આપણી પાસે બે જ માર્ગ છે! એક ક્રમશઃ પગથિયાં ચડીએ! અને બીજું ક્યાંય પણ ગયા વગર સદગુરુ ચરણે મૌન થઈ બેસી જઈએ તો પહોંચી શકાય. ગીતામાં કર્મ, જ્ઞાન અને ભક્તિ ત્રણ માર્ગ બતાવ્યાં છે! પણ સ્વાર્થ છૂટે તો પરમાર્થ થાય ! બાકી થાય બધું ,પણ એ દેખાડો, એટલે કર્મ એટલું થતું નથી. સંસારી જીવ જ્ઞાન માટે વ્રત સંયમ નિયમ એ બધું કેટલું પાળી શકે? એટલે સાચું જ્ઞાન પણ ક્યાંથી મળે? ભક્તિ હરપળ ઈશ્વર વિશે શંકા કરતો જીવ ભરોસો ક્યાંથી કરી શકે! એમાં કળિયુગમાં ધર્મ સંપ્રદાયનો ઉપદ્રવ વધ્યો છે, એટલે ધર્મ પણ સાચું સમજાવી ન શકે! પણ કપડું જેમ વધુ ગંદું હોય એટલું એને વધું ઘસીને સાફ કરવું પડે એ રીતે અંતરનું પોત જેટલું ચોખ્ખું એટલી પ્રસન્નતા અને શાંતિ વધુ! એટલે ઈર્ષા, નિંદા, અહમ, આગ્રહ, પૂર્વાગ્રહ, દુરાગ્રહ, અપક્ષા, ઉપેક્ષા, લોભ, લાલચ, હિંસા, જેવા મલિન ભાવથી દૂર રહીએ, તો અંતર પવિત્ર રહે અને પ્રસન્નતા કે નિત્ય શાંતિ માટેની પહેલી શરત પવિત્રતા છે, એમાં કળિયુગમાં ધર્મ સંપ્રદાયનો ઉપદ્રવ વધ્યો છે, એટલે ધર્મ પણ સાચું સમજાવી ન શકે! પણ કપડું જેમ વધુ ગંદું હોય એટલું એને વધું ઘસીને સાફ કરવું પડે એ રીતે અંતરનું પોત જેટલું ચોખ્ખું એટલી પ્રસન્નતા અને શાંતિ વધુ! એટલે ઈર્ષા, નિંદા, અહમ, આગ્રહ, પૂર્વાગ્રહ, દુરાગ્રહ, અપેક્ષા, ઉપેક્ષા, લોભ, લાલચ, હિંસા, જેવા મલિન ભાવથી દૂર રહીએ, તો અંતર પવિત્ર રહે અને પ્રસન્નતા કે નિત્ય શાંતિ માટેની પહેલી શરત પવિત્રતા છે.

### "ભગવાનની ઇચ્છા જે છે તે મારા માટે શ્રેષ્ઠ છે", જ્યારે મનમાં આ લાગણી આવે છે,

# દુનિયા ફક્ત જૂઠા લોકોને જ પસંદ કરે છે,"કારણ કે" આજકાલ આપણા પોતાના લોકો ફક્ત થોડું સત્ય કહેવાનું બંધ કરી દે છે...



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)



**કેમ જોવું તે શીખવે એ સંત. સંત જોવાની દૃષ્ટિ આપે છે. સંસારના પદાર્થને જોવામાં આનંદ છે, ભોગવવામાં નથી. સંસાર એ ઈશ્વરનું સ્વરૂપ છે. તેથી જગતને ઈશ્વરમય નિહાળો, મહાપ્રભુજીએ વૈષ્ણવનું લક્ષણ બતાવ્યું છેકે,જેના દર્શનથી શ્રી કૃષ્ણ યાદ આવે તે વૈષ્ણવ. જેના સંગથી પ્રભુ યાદ આવે તે વૈષ્ણવ.**

"ભગવાનની ઈચ્છા જે છે તે મારા માટે શ્રેષ્ઠ છે", જ્યારે મનમાં આ લાગણી આવે છે, ત્યારે જ સાચી આધ્યાત્મિક સુખ અને સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે.હંમેશા ખુશ રહો - જે પ્રાપ્ત થાય છે તે પૂરતું છે. જેનું મન ખુશ છે તેની પાસે બધું જ છે.

જ્ઞાનનો ઉપયોગ ફક્ત વાંચવા, સાંભળવા અને સારું અનુભવવા માટે જ થતો નથી,પરંતુ તેનો ઉપયોગ રોજિંદા જીવનમાં કરવા અને અમલમાં મૂકવા માટે થાય છે

આજથી ચાલો આપણે આપણા જીવનમાં દૈવી જ્ઞાન લાવીએ... આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ડાળપાન નહીં છાલ લાકડું નહીં,પણ ફળઝાડની છાલ તથા પાનમાં જે રસ હોય છે તેના કરતાં ઝાડના ફળમાં વિશેષ રસ હોયછેએ કોણ નથીજાણતું? માટે આ શ્રીમદ્ભાગવતરૂપ સરસ ફળનું મોક્ષ મળતાં સુધી તમે વારંવાર પાન કરો. ઈશ્વરમાં તમારો લય ન થાય ત્યાં સુધી ભાગવતરસનુંપાન કરો.વેદાંત અધિકારીને માટે છે સર્વને માટે નથી.વેદાંત સર્વનો ત્યાગ કરવા કહે છે. સંસારીથી એ બને નહીં. એવાના ઉદ્ધાર માટે કાંઈ ઉપાય ખરો? હા,છે.ત્યાગ ન કરી શકો તો કાંઈ હરકત નહીં,પરંતુ સર્વસ્વ ઈશ્વરને સમર્પણ કરો અને અના સક્તપણે તે ભોગવો.

વ્યાસજીએ બ્રહ્મસૂત્ર બનાવ્યાં. યોગદર્શન ઉપર ભાષ્ય રચ્યું. પરંતુ તેઓને લાગ્યું કે કળિયુગનો માનવી ભોગપરાયણ થશે, અને તેથી તે યોગમાં પ્રવૃત્ત થઈ શકશે નહીં તેથી કરુણા કરી તેઓએ ભાગવતશાસ્ત્ર રચ્યું.

ખરી વાત જ એ છે કે પરીક્ષિતને નિમિત્ત બનાવીને સંસારમાં ફસાયેલા લોકોને માટે વ્યાસજીએ આ ભાગવતની કથા કહેલી છે. ભાગવત ખાસ કરીને સંસારીઓ માટે છે.પ્રભુપ્રેમ વિના શુષ્ક જ્ઞાન ની શોભા નથીએ બતાવવાનો ભાગવતનો ઉદ્દેશ છે. ભકિત વિનાના જ્ઞાનની શોભા નથી.

જે જ્ઞાન-વૈરાગ્યથી દૃઢ થયેલું નથી, ને મરણને સુધારવાને બદલે મરણને બગાડે એવો સંભવ છે. અંતકાળે આવું જ્ઞાન દગો આપે. મરણને સુધારે છે કેવળ ભક્તિ. ભક્તિ વગરનું જ્ઞાન શુષ્ક છે અને તે મરણને બગાડે છે.

વિધિનિષેધની મર્યાદાથી પર બનેલા મોટા-મોટા ઋષિઓ-મહર્ષિઓ પણ ભગવાનના અનંત કલ્યાણમય ગણોના વર્ણનમાં સદા રત્ રહે છે એવો છે ભક્તિનો મહિમા.

જ્ઞાનીને અભિમાન પજવે છે, ભક્તને નહીં. ભક્તિ સદગુણોને લાવે છે. ભક્તિ સર્વ ગુણોની જનની છે. ભક્ત નમ્ર હોય છે. ભક્ત વિનિત હોય છે.જે કથા પાપ છોડાવે અને પ્રભુ પ્રત્યે પ્રેમ જાગૃત કરેતે સાચી ભાગવત કથા માટે ફરી ફરી કહું છું કે, ભગવાન ની કથા અને ભગવાનના સ્મરણ થી હૃદયને આર્દ્ર બનાવો.તેના મંગલમય નામનો જપ કરો.આ કળિયુગમાં મુક્તિ પામવાનો માર્ગ છે."

વિષયોનું બંધન મનુષ્ય છોડે,તો જ મનને સાચા આનંદનું સુખમળે છે. સંયમ અને સદાચારને ધીમે ધીમે વધારતાં જજો.ભક્તિમાં આનંદ આવશે. આચાર-વિચાર શુદ્ધહશે,ત્યાં ભક્તિને પુષ્ટિમળશે જીવન વિલાસમય થયું એટલે જ ભક્તિ નો વિનાશ થયો છે. ભાગવતશાસ્ત્ર મનુષ્યને કાળના મુખમાંથી છોડાવે છે,મનુષ્યને સાવધાન કરે છે.કાળના મુખમાંથી છૂટવા કાળના પણ કાળ શ્રીકૃષ્ણ ને શરણે જાવ.જે સર્વસ્વભગવાન ઉપર છોડે છે તેની ચિંતા ભગવાન પોતે કરે છે.પિતામહ ભીષ્મ મહાભારતના યુદ્ધમાં દુર્યોધનના ટોણાં સાંભળી પ્રતિજ્ઞા કરે છેકે,આવતી કાલે હું અર્જુનને મારીશ અથવા હું મરીશ આથી બધા ગભરાયા. કારણ ભીષ્મપ્રતિજ્ઞા એટલે શું તે બધા જાણતા હતા.શ્રીકૃષ્ણ ભગવાનને પણ ચેન નથી.રાત્રે નિદ્રા ન આવી. અત્યારે અર્જુનની શું હાલત થશે એવો વિચાર આવતાં તેઓ અર્જુનના તંબૂમાં ગયા. જઈને જુએ છે તો અર્જુન તો શાંતિથી ઊંઘતો હતો. ભગવાને વિચાર્યું કે, ભીષ્મે આવી ભીષણ પ્રતિજ્ઞા કરી છે, છતાં આ શાંતિથી સૂતો છે. તેમણે અર્જુનને જગાડીને પૂછ્યું,તેં ભીષ્મની પ્રતિજ્ઞા સાંભળીઃ -અર્જુન કહે, હા સાંભળી.

શ્રીકૃષ્ણ કહે, અને છતાં તું આમ નિરાંતે ઊંઘે છે? તને મૃત્યુની બીક નથી,ચિંતા નથી?

અર્જુન કહે, મારી ચિંતા કરનારો જાગે છે, એ જાણું છું એટલે હું નિરાંતે ઊંઘું છું.તે મારી ચિંતા કરશે. હું શા માટે ચિંતા કરું?

અર્જુનની પેઠે બધું ઈશ્વર પર છોડો મનુષ્યની ચિંતા જ્યાં સુધી ઈશ્વરને માથે ન છોડાય, ત્યાં સુધી તે નિશ્ચિંત થતો નથી.

પ્રથમ સ્કંધમાં અધિકાર કથા કહી છે. અધિકાર સિદ્ધ થાય તો સંત મળે છે. અધિકાર વિના સંત મળે, તો તેના તરફ સદભાવ જાગતો નથી સંતને શોધવાની જરૂર નથી. શોધવાથી પ્રભુ કૃપા થશે નહીં. મન દુર્જન હશે ત્યાં સુધી સંત મળશે નહીં. સંત થશો તો સંત મળી આવશે.

કેમ જોવું તે શીખવે એ સંત. સંત જોવાની દૃષ્ટિ આપે છે. સંસારના પદાર્થને જોવામાં આનંદ છે, ભોગવવામાં નથી. સંસાર એ ઈશ્વરનું સ્વરૂપ છે. તેથી જગતને ઈશ્વરમય નિહાળો, મહાપ્રભુજીએ વૈષ્ણવનું લક્ષણ બતાવ્યું છેકે,જેના દર્શનથી શ્રી કૃષ્ણ યાદ આવે તે વૈષ્ણવ. જેના સંગથી પ્રભુ યાદ આવે તે વૈષ્ણવ.

શ્રીકૃષ્ણ-શુકદેવના દર્શનથી અપ્સરાઓમાં વૈરાગ્ય આવ્યો હતો અને શ્રીકૃષ્ણ કથા પાછળ તેઓ પાગલ બની હતી. એનું નામ સંતદર્શન.એવા સંતો જગતમાં છે સદગુરુનો અભાવ નથી પણ સશિષ્યનો અભાવ છે. જેનો અધિકાર સિદ્ધ થયો છે તેને સંત પુરુષ મળી આવે છે. મનુષ્ય સંત બને છે ત્યારે તેને સંત મળે છે. જેની આંખમાં ઈશ્વર છે તે સર્વમાં ઈશ્વરનો અનુભવ કરે છે.આ જગતમાં નિર્દોષ એક પરમાત્માછે સંતોમાં પણ એકાદ દોષ રહેલો હશે.આ બ્રહ્માજીની સૃષ્ટિ ગુણ દોષથી ભરેલી છે. જગતમાં સર્વ પ્રકારે કોઈ સુખી થઈ શકતો નથી. સંસારના પ્રત્યેક પદાર્થમાં દોષ અને ગુણ પણ છે. દૃષ્ટિને એવી ગુણમય બનાવજો કે, કોઇ ના દોષ દેખાય નહીં. તમારી દૃષ્ટિ ગુણદોષથી ભરેલી હશે ત્યાં સુધી સંતમાં પણ તમને દોષ દેખાશે. માટે જ્ઞાનદૃષ્ટિથી જુઓ. બધું જગત બ્રહ્મમય દેખાશે. જેની દૃષ્ટિ ગુણમય છે તે જ સંત છે. અભિમાન આવે એટલે પતન થાય છે. સતત દીનતા આવે એ જરૂરનું છે. મા બાળકને શણગારી બીજા લોકોની નજર ન લાગે એટલા માટે તેના ગાલ ઉપર મેસનું ટપકું કરે છે.

### હું આજે જે કંઈ છું એ મારા પેરેન્ટ્સના કારણે જ છું

# ખ્યાતિ સાથે ટીકા અને નિંદા આવે જ છે : શનાયા કપૂર

સંજય કપૂર અને મહીપ કપૂરની દીકરી શનાયા કપૂર બોલિવૂડમાં ડેબ્યુ કરવાની તૈયારીઓ કરૂ રહી છે. વિક્રાંત મેસ્સી સાથે તે 'આંખો કી ગુસ્તાખિયાં'માં કામ કરી રહી છે. ત્યારે તેણે એક ઈન્ટરવ્યુમાં તેને મળી રહેલી ખ્યાતિ અને તેની સાથે થતી ટીકાઓ અને નિંદા અંગે પણ વાત કરી હતી. તેણે પોતાની સામેના પડકારો વિશે પણ વાત કરી હતી. તેણે કહ્યું કે તે ફિલ્મોમાં આવી તે પહેલાંથી તે ટીકાનો સામનો કરી રહી છે.અનુભવથી ટીકાનો સામનો કરતા શીખવા બાબતે શનાયાએ કહ્યું કે તે ટીકા પર ધ્યાન પણ આપે છે અને તેનો હકારાત્મક રીતે સામનો કરે છે. તેણે કહ્યું કે તે આ સફરમાં સતત શીખતી રહી છે. તેણે કહ્યું, "જે કંઈ ખ્યાતિ મળે કે પ્રેશર આવે, એ બધું ટીકા અને નિંદા સાથે જ આવે છે. મેં તેને હકારાત્મક રીતે જ લીધું છે, પ્રતિભાવ તરીકે લઈને તેમાંથી શીખ્યું છે, તેમાંથી આગળ વધી છું." તેણે પોતાના આ વિશ્વાસ માટે પોતાના ઉછેરને પણ શ્રેય આપ્યો છે. તેણે કહ્યું કે તેના માતા પિતાએ તેનો એવો ઉછેર કર્યો છે કે તેનામાં ક્યારેય પરિવર્તન આવશે નહીં. શનાયા કહે છે, "હું આજે જે કંઈ છું એ મારા માતાપિતાના કારણે જ છું. તેમણે એક ચોક્કસ રીતે



મારો ઉછેર કર્યો છે. હા, મારું વાતાવરણ એવું હતું, પરંતુ આજે મને નથી લાગતું કે મારે બીજા કોઈ વાતાવરણની જરૂર પણ હતી, કારણ કે હું જે છું એમાં મને વિશ્વાસ છે."પોતાની સફર અંગે વાત કરતાં શનાયાએ કહ્યું, "આજે હું જે સ્તર પર પહોંચી છું, એ મેં અત્યાર સુધીમાં જે કર્યું એના પરિણામે જ છે. અહીં પહોંચવાની મારી એક અલગ સફર રહી છે." શનાયા માને છે કે જે કંઈ થાય છે, એની પાછળ કોઈ કારણ હોય છે, તે જે રીતે થાય છે, તેની પાછળ સારા પરિણામ રહેલાં હોય છે. શનાયા કહે છે, "હું ખુશ છું અને ઉત્સુક છું." શનાયા એવું પણ સ્વીકારે છે કે અન્ય કલાકારોની સરખામણીએ તેની સફર સરળ રહી છે.

### અમોલે કોંકણા સાથેના તેના વાયરલ વીડિયો પર પ્રતિક્રિયા આપી.

# અમોલ પરાશર કોંકણા સેનને ડેટ કરી રહ્યા હોવાની ચર્ચા

**અભિનેતા અમોલ પરાશર આ દિવસોમાં તેના વ્યાવસાયિક જીવન કરતાં તેના અંગત જીવનને કારણે વધુ સમાચારમાં છે**

અભિનેતા અમોલ પરાશર આ દિવસોમાં તેના વ્યાવસાયિક જીવન કરતાં તેના અંગત જીવનને કારણે વધુ સમાચારમાં છે. જો અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો, અમોલ અભિનેત્રી કોંકણા સેનને ડેટ કરી રહ્યો છે. બંને ઘણી વખત સાથે જોવા મળ્યા છે પ રંતુ બંનેમાંથી કોઈએ પણ ડેટિંગ સમાચાર પર પ્રતિક્રિયા આપી નથી. તાજેતરમાં, અમોલને તેના ડેટિંગ જીવન વિશે પૂછવામાં આવ્યું હતું. જેના પર તેણે પ્રતિક્રિયા આપી છે. અમોલે લગ્ન વિશે વાત કરી હતી.અમોલે જણાવ્યું હતું કે લાંબા સમયથી તેના ડેટિંગ વિશે ચર્ચા થઈ રહી છે. જોકે, આ બધું નકલી છે. મેં હજી સુધી ડેટ નથી કરી પણ દરેક જગ્યાએ મારી ગર્લફ્રેન્ડ વિશે ચર્ચા થઈ રહી છે. ઈન્ટરવ્યુ આપવાનો મારો તબક્કો ચાલી રહ્યો છે. મેં ઘણા ઈન્ટરવ્યુ પણ આપ્યા છે.અમોલે આગળ કહ્યું- તે ઈન્ટરવ્યુ મને ખોટા લાગે છે કારણ કે દરેક ઈન્ટરવ્યુના અંતે મને પૂછવામાં આવે છે કે તમે કોને ડેટ કરી રહ્યા છો. કારણ કે લોકો તેને સૌથી વધુ જોવા અને સાંભળવા માંગે છે. તેના શબ્દોને વ્યુ માટે અલગ રીતે રજૂ કરવામાં આવે છે. પહેલા તે અફેરના સમાચાર પર ગુસ્સે થતો હતો પ રંતુ હવે તેણે તેની સાથે જીવવાનું શીખી લીધું છે.અમોલે કોંકણા સાથેના તેના વાયરલ વીડિયો પર પ્રતિક્રિયા આપી. તેણે કહ્યું- મારા ઘણા ઈન્ટરવ્યુ છે. જેમાં હું મારા સંઘર્ષ વિશે વાત કરું છું પણ એક રીલ જેમાં મને કમર પર હાથ રાખીને સ્લો મોશનમાં બતાવવામાં આવ્યો છે તે લોકો વધુ જુએ છે. તેણે અંતે કહ્યું- મને એ પસંદ નથી કે લોકો લિંક-અપ્સને ખોટા દ્રષ્ટિકોણથી જુએ. જો કોઈ કનેક્શન હોય તો પણ તેને ખોટા દ્રષ્ટિકોણથી નહીં પણ સાચા દ્રષ્ટિકોણથી જોવું જોઈએ.

# રાજકુમાર રાવની ફિલ્મ 'માલિક'નું ધમાકેદાર ટ્રેલર રિલીઝ કરાયું



રાજકુમાર રાવની ફિલ્મ 'માલિક'નું ધમાકેદાર ટ્રેલર રિલીઝ થઈ ગયું છે, રાજકુમાર રાવ એક ગેંગસ્ટારનની ભૂમિકામાં ખૂબ જ ખૂંખાર અંદાજમાં જોવા મળી રહ્યો છે. ટ્રેલરમાં એક બાહુબલીનું રાજકારણમાં આવવાથી શહેરમાં ખૂનખરાબી કેવી રીતે વધે છે, તેની ઝલક પણ જોવા મળે છે. ઘણા દિવસો પ છી એવું ટ્રેલર આવ્યું છે જેના ડાયલોગ્સથી રૂંવાડાં ઊભા થઈ જશે. જણાવી દઈએ કે રાજકુમારને પહેલા આવા ખૂની અને બેખૌફ અંદાજમાં ક્યારેય નહીં જોયા હોય 'માલિક'માં રાજકુમાર રાવ સાથે ફિમેલ લીડમાં માનુષી છિલ્લર જોવા મળશે. ફિલ્મમાં સૌરભ શુક્લા, પ્રોસેનજીત ચેટર્જી,સ્વાનંદ કિરકિરે અને હુમા કુરૈશી પણ છે, ફિલ્મમાં તેનો એક આઈટમ સોંગ પણ છે. જોકે, ટ્રેલરની શાનદાર વાત તેના દમદાર ડાયલોગ્સ છે, જે બેકગ્રાઉન્ડ મ્યુઝિક સાથે વધુ પ્રભાવશાળી લાગે છે. અહીં કેટલાક શાનદાર ડાયલોગ્સનો ઉલ્લેખ છેપહેલો ડાયલોગઃ રાજકુમાર રાવના પિતા કહે છે 'એક મજબૂર બાપ કા બેટા હો તુમ, જો નહીં હો, વો બનને કી કોશિશ મત કરો' તેના જવાબમાં 'મજબૂર બાપ કા બેટા હૈ, કિસ્મત થી હમારી, ઔર આપ કો મજબૂત બેટા કા બાપ બનના પડેગા, યે કિસ્મત હૈ આપકી'બીજો ડાયલોગઃ લોહી લુહાણ હાલતમાં રાજકુમાર કહે છે, 'માલિક પૈદા નહીં હુએ તો કયા? બન તો સકતે હૈ'ત્રીજો ડાયલોગઃ માનુષી છિલ્લર (રાજકુમારની પત્ની તરીકે) કહે છે, 'હમારા હિસ્સા કી ખુશી ઠીક સે આયા નહીં હમારે પાસ, જો હૈ પતા નહીં કબ તક રહેગા' તેના જવાબમાં રાજકુમાર રાવ કહે છે 'શાલિન હમે મારને વાલા અભી તક પૈદા નહીં હુઆ'ચોથો ડાયલોગઃ એક દ્રશ્યમાં રાજકુમાર કહે છે 'વિધાયક કા કુર્સી ન, જિંદગીભર ચબૂતરા પર ચિપકા નહીં રહેગા. ઔર રહેગા ભી તો ચબૂતરા કાટ કે નિકાલના આતા હૈ હમકો' પાંચમો ડાયલોગઃ ગેંગના સભ્ય અંશુમાન પુષ્કર રાજકુમારને કહે છે, 'તુમ ચુનાવ મે ખડા હુઆ ન , બહુત ખૂન બહેગા ઈલાહાબાદ મે' છઠ્ઠો ડાયલોગએક દ્રશ્યમાં રાજકુમાર ગેંગના સભ્યોને કહે છે, 'ઈતના ગોલી મારો, જિતના પ્રદેશ કે ઈતિહાસમે આજ તક ન ચલા હો' 'માલિક' ક્યારે રિલીઝ થશે?ફિલ્મનું દિગ્દર્શન પુલ્કિતે કર્યું છે, આ ફિલ્મ 'ટિપ્સ ફિલ્મ્સ લિમિટેડ અને નોર્ધન લાઈટ્સ ફિલ્મ્સ'ના બેનર હેઠળ બનાવવામાં આવી છે.

# ૪ દિવસમાં ૧૪૦૦ કરોડનો આંકડો પાર કરીને બ્રાડ પીટની આગેકુચ

**મુકેશ કુમાર સિંહ દ્વારા દિગ્દર્શિત ફિલ્મ 'કનપ્પા' બનાવવા માટે લગભગ ૨૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે**

કાજોલે તેની તાજેતરની ફિલ્મ 'મા' સાથે પહેલીવાર હોરર-થ્રિલર શૈલીમાં પ્રવેશ કર્યો છે. આ ફિલ્મ એક માતાની વાર્તા છે જે તેની પુત્રીને ગામના રાક્ષસનો શિકાર બનતા બચાવવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરે છે, જેની સામે ત્યાં જન્મેલી છોકરીઓનું બલિદાન આપવામાં આવે છે. તે જ સમયે, અક્ષય કુમાર તેલુગુ ફિલ્મ 'કનપ્પા'માં ભગવાન શિવની ભૂમિકામાં દેખાયા છે, જેમાં તેમના સિવાય વિષ્ણુ મંચુ, પ્રભાસ, મોહનલાલ, કાજલ અગ્રવાલ, મોહન બાબુ જેવા ઘણા મહાન કલાકારો છે. આ બે ફિલ્મો ઉપ રાંત, બ્રેડ પિટની હોલીવુડ ફિલ્મ 'એફ ૧' પણ સિનેમાઘરોમાં પોતાની છાપ છોડવાનો પ્રયાસ કરી રહી છે.મુકેશ કુમાર સિંહ દ્વારા દિગ્દર્શિત ફિલ્મ 'કનપ્પા' બનાવવા માટે લગભગ ૨૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. આ ફિલ્મ એક સામાન્ય નાસ્તિક આદિવાસી કન્નપ્પા નામના શિવ ભક્ત બનવાની વાર્તા છે. આ ફિલ્મની વાર્તા થિનાડુ (વિષ્ણુ મંચુ) ની આસપાસ ફરે છે જે એક આદિવાસી છે અને બાળપણથી જ દેવી-દેવતાઓમાં શ્રદ્ધા ગુમાવી દે છે કારણ કે તેણે નાની ઉંમરે પોતાના મિત્રનું બલિદાન આપતા જોયા છે. જ્યારે તે નાસ્તિક બને છે, ત્યારે પાર્વતી કૈલાશ પર્વત પર ભગવાન શિવ (અક્ષય કુમાર) ને થિનાડુના નાસ્તિકતા વિશે પૂછે છે અને પૂછે છે કે શું તે ક્યારેય આસ્તિક બનશે? આ સાથે, થિનાડુના જીવનમાં કંઈક એવું બને છે કે વાર્તા પલટાઈ જાય છે.'કનપ્પાની કમાણી પહેલા જ સોમવારે ભારે ઘટી ગઈ હતી. અહેવાલ મુજબ, આ ફિલ્મે ચોથા દિવસે ૨.૫૦ કરોડની કમાણી કરી હતી જેમાં તમિલથી તેલુગુ, હિન્દી, કન્નડ અને મલયાલમ સુધીની પાંચેય ભાષાઓનો સંગ્રહ શામેલ છે. એકંદરે, સ્થાનિક બોક્સ ઓફિસ



પર કમાણી લગભગ ૨૫.૯૦ કરોડ રહી છે. બીજી તરફ, જો આપણે આ ફિલ્મના વિશ્વવ્યાપી કલેક્શન પર નજર કરીએ તો, તેણે ત્રણ દિવસમાં ૩૧.૫૦ કરોડની કમાણી કરી હતી, જે ચોથા દિવસે લગભગ ૩૪ કરોડ થઈ ગઈ છે. જો આપણે ફક્ત વિદેશમાં કમાણીની વાત કરીએ તો, આ આંકડો ૪.૦૦ કરોડને વટાવી ગયો છે.ગયા શુક્રવારે રિલીઝ થયેલી વિશાલ ફુરિયા દ્વારા નિર્દેશિત હોરર-થ્રિલર ફિલ્મ 'મા' ની કમાણી પણ આવી જ સ્થિતિમાં રહી છે. કાજોલની હોરર-થ્રિલર ફિલ્મ 'મા' ની વાર્તા ગામમાં રાક્ષસ સામે દીકરીઓનું બલિદાન આપવાની પરંપરા વિરુદ્ધ વણાયેલી છે, જેને એક અલગ શૈલીમાં ડરામણી વાર્તા સાથે વણાયેલી છે. કાજોલના અભિનયના વખાણ થઈ રહ્યા છે, પરંતુ હોરરના નામે, આ ફિલ્મ લોકોને ડરાવવામાં નિષ્ફળ ગઈ છે. તેના પતિના મૃત્યુ પછી, અંબિકા (કાજોલ) ની પુત્રી શ્વેતા (કરિન શર્મા) ગામ જવા માંગે છે.

# ૮૩૫ કરોડના ખર્ચે બનતી રામાયણની ઝલક ૨ દિવસ પછી જોવા મળશે



ચાહકો નિતેશ તિવારીની મેગા બજેટની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'રામાયણ' ની એક ઝલક જોવા માટે આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. અહેવાલો અનુસાર, ૮૩૫ કરોડની આ ફિલ્મ અંગે એક મોટી અપ ડેટ આવી છે. જો અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો, રણબીર કપૂર અને સાઈ પલ્લવીની ફિલ્મનો ફર્સ્ટ લુક અથવા લોગો બે દિવસ પછી શેર કરવામાં આવશે. નિર્માતાઓ ૩ જુલાઈ, ૨૦૨૫ ના રોજ આ ફિલ્મનો લોગો અથવા ફર્સ્ટ લુક અનાવરણ કરશે. જોકે, તેના વિશે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. આ ફિલ્મનું ટીઝર ૩ મિનિટ લાંબુ છે જે તૈયાર છે. પરંતુ નિર્માતાઓ તેને ટૂંક સમયમાં રિલીઝ કરવાની યોજના બનાવી રહ્યા નથી કારણ કે ફિલ્મ હજુ થિયેટરોમાં પહોંચવાથી ઘણી દૂર છે.નીતેશ તિવારીની 'રામાયણ' ફિલ્મમાં રણબીર કપૂર, સાઈ પલ્લવી, યશ સન્ની દેઓલ, રવિ દુબે, લારા દત્તા અને રકુલ પ્રીત જેવા મજબૂત સ્ટાર્સ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ફિલ્મ બે ભાગમાં આવશે. પહેલો ભાગ ૨૦૨૬માં દિવાળી પર આવશે અને બીજો ભાગ ૨૦૨૭માં આવશે. ફિલ્મના પહેલા ભાગમાં સીતાનું અપહરણ બતાવવામાં આવશે. જોકે, આ વાતની પણ હજુ સુધી સત્તાવાર પુષ્ટિ થઈ નથી.ગયા વર્ષે, આ ફિલ્મના નિર્માતા નમિત મલ્હોત્રાએ કહ્યું હતું કે 'મેં એક દાયકા પહેલા આ મહાકાવ્યને મોટા પડદા પર લાવવાના પ્રયાસો શરૂ કર્યા હતા. જેણે ૫૦૦૦ વર્ષથી વધુ સમયથી અબજો હૃદય પર રાજ કર્યું છે. આજે તેને આકાર લેતા જોઈને હું ખૂબ ખુશ છું. આ મહાન મહાકાવ્ય જોવા માટે તૈયાર રહો. ભાગ ૧ દિવાળી ૨૦૨૬ અને ભાગ ૨ દિવાળી ૨૦૨૭. આ ઉપરાંત નમિતે ફિલ્મનું પોસ્ટર પણ શેર કર્યું. જેમાં વચ્ચે એક તીર જોવા મળ્યું. જેમાં 'નમિત મલ્હોત્રા રામાયણ' લખ્યું હતું.

# કાજોલની સરઝમીન ફિલ્મ સીધી ઓટીટી પર રીલિઝ થશે

કાજોલ, પૃથ્વીરાજ સુકુમાર અને ઈબ્રાહિમ અલી ખાનની ફિલ્મ 'સરઝમીન' સીધી ઓટીટી પર રજૂ થવાની છે. આ ફિલ્મ શરુ કરાઈ ત્યારે તે થિયેટરમાં રીલિઝ કરાશે તેવી ચર્ચા હતી. તે મે ૨૦૨૫માં થિયેટરમાં આવશે તેવી અટકળો હતી. જોકે, નિર્માતા કરણ જોહરે આ ફિલ્મ હવે ઓટીટીને પધરાવી દીધી છે. આ ફિલ્મનું ટીઝર રીલિઝ કરાતાં કેટલાય લોકોએ ટીકા કરી હતી કે ફિલ્મ બહુ સારી નહિ બની હોય એટલે જ સીધી ઓટીટીને વેચી દેવાઈ છે. બાકી કાજોલ અને પૃથ્વીરાજ સુકુમારન જેવા કલાકારોની અને તે પણ કાશ્મીર હિંસા પરની ફિલ્મ થિયેટરમાં રીલિઝ થઈ શકી હોત. ઈબ્રાહિમ અલી ખાનની આ બીજી ફિલ્મ સીધી ઓટીટી પર આવશે. અગાઉ તેની 'નાદાનિયાં' પણ ઓટીટી પર રીલિઝ થઈ હતી અને તેમાં તેની વાહિયાત



એક્ટિંગની આકરી ટીકાઓ થઈ હતી. આ ફિલ્મનું ટીઝર રીલિઝ કરાતાં કેટલાય લોકોએ ટીકા કરી હતી કે ફિલ્મ બહુ સારી નહિ બની હોય એટલે જ સીધી ઓટીટીને વેચી દેવાઈ છે. બાકી કાજોલ અને પૃથ્વીરાજ સુકુમારન જેવા કલાકારોની અને તે પણ કાશ્મીર હિંસા પરની ફિલ્મ થિયેટરમાં રીલિઝ થઈ શકી હોત. ઈબ્રાહિમ અલી ખાનની આ બીજી ફિલ્મ સીધી ઓટીટી પર આવશે. અગાઉ તેની 'નાદાનિયાં' પણ ઓટીટી પર રીલિઝ થઈ હતી અને તેમાં તેની વાહિયાત એક્ટિંગની આકરી ટીકાઓ થઈ હતી.

# 'રેફ્યુજી' બનાવતી વખતે જેપી દત્તાને ટેન્શન વધી ગયું હતું

**દિગ્દર્શકને ડર હતો કે અમિતાભના પુત્ર અને રાજ કપૂરની પૌત્રીને લોન્ચ કરવામાં ક્યાંક કાચું ન કપાય**

અમિતાભના પુત્ર અને રાજ કપૂરની પૌત્રીને લોન્ચ કરવામાં આવનાર હતી, જેપી દત્તા ફિલ્મ 'રેફ્યુજી' બનાવવાથી ડરતા હતા.અભિષેક બચ્ચન અને કરીના કપૂરની ડેબ્યૂ ફિલ્મ 'રેફ્યુજી'નું દિગ્દર્શન કરનાર જેપી દત્તા કહે છે કે બંને કલાકારોને લોન્ચ કરવાની તેમની પર મોટી જવાબદારી હતી. તેમને ડર હતો કે ડેબ્યૂ સમયે ફિલ્મમાં કંઈક ખોટું થઈ શકે છે.અમિતાભ બચ્ચનના પુત્ર અભિષેક બચ્ચન અને કરીના કપૂરે આજે બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં ૨૫ વર્ષ પૂર્ણ કર્યા છે. તેમની ફિલ્મ 'રેફ્યુજી' ૩૦ જૂને રિલીઝ થઈ હતી. બંને કલાકારોએ આટલા ઓછા સમયમાં ઘણું નામ કમાવ્યું છે,



જેના કારણે તેમની ડેબ્યૂ ફિલ્મના દિગ્દર્શક જેપી દત્તા ખૂબ ખુશ છે. તે કહે છે કે અભિષેક અને કરીનાને લોન્ચ કરવાની તેમની પાસે મોટી જવાબદારી હતી.જેપી દત્તાએ ઘણી મોટી બોલિવૂડ ફિલ્મોનું દિગ્દર્શન કર્યું છે, જેમાંથી એક સની દેઓલની 'બોર્ડર' છે. અભિષેક અને કરીનાની ફિલ્મ 'રેફ્યુજી' વિશે વાત કરતા દિગ્દર્શકે કહ્યું કે તેમને બંને કલાકારોને લોન્ચ કરવાની જવાબદારી સોંપવામાં આવી હતી.જેપી દત્તાએ કહ્યું, 'મને ફિલ્મ 'રેફ્યુજી' સાથે જોડાયેલી દરેક ક્ષણ યાદ છે. તે ફિલ્મનું શૂટિંગ સરળ નહોતું. અમે રાજસ્થાનના રણ વિસ્તારોમાં શૂટિંગ કર્યું.'પરંતુ રેફ્યુજી ફક્ત એક ફિલ્મ નહોતી. તે એક જવાબદારી હતી. મને અમિતાભ બચ્ચનના પુત્ર અને રાજ કપૂરની પૌત્રીને લોન્ચ કરવાની મોટી જવાબદારી સોંપ વામાં આવી હતી. જ્યારે મારા મિત્ર રણધીર કપૂરે મને ફોન કરીને કહ્યું કે તે મને તેમની પુત્રીને લોન્ચ કરવાની જવાબદારી આપી રહ્યા છે, ત્યારે હું રડી રહ્યો હતો.જેપી દત્તા આગળ કહે છે કે શરૂઆતમાં તેઓ અભિષેક અને કરીનાને લોન્ચ કરતા ખૂબ ડરતા હતા. પણ સદનસીબે બધું બરાબર રહ્યું અને આજે બંને ખૂબ સારું કામ કરી રહ્યા છે. દિગ્દર્શકે કહ્યું, 'મને ડર હતો કે કંઈક ખોટું થઈ શકે છે, પરંતુ સદનસીબે એવું કંઈ થયું નહીં.

# કામ માટે નહી, મારા માટે મેં આ ટ્રાન્સફોર્મેશન કર્યું : રામ કપૂર

રામ કપૂરે પોતાના જબરદસ્ત પરિવર્તનથી બધાને આશ્ચર્યચકિત કર્યા છે. તે જ સમયે, કામ ન મળવાને કારણે વજન ઘટવાની અફવાઓ પર અભિનેતાએ મૌન તોડ્યું છે.લોકપ્રિય અભિનેતા રામ કપૂરની મિસ્ટ્રી સિરીઝ તાજેતરમાં રિલીઝ થઈ છે જેને મિશ્ર પ્રતિસાદ મળ્યો છે. આ બધા વચ્ચે, તે તેના વજન ઘટાડવા અંગે પણ ઘણી ચર્ચામાં છે. તેણે માત્ર ૧૮ મહિનામાં ૫૫ કિલો વજન ઘટાડ્યું છે. તે જ સમયે, અભિનેતાએ તાજેતરમાં ખુલાસો કર્યો હતો કે કામ ન મળવાને કારણે તેણે પોતાનું ટ્રાન્સફોર્મેશન કર્યું નથી.ફિલ્મ નિર્માતા ફરાહ ખાને તેના તાજેતરના વ્લોગમાં બતાવ્યું છે કે તે તાજેતરમાં જ તેના રસોઈયા દિલીપ સાથે મુંબઈમાં રામ કપૂરના ઘરે પ હોંચી હતી. આ દરમિયાન, અભિનેતાની પત્ની ગૌતમી કપૂર પણ હાજર હતી. આ દરમિયાન, રામ કપૂરના ટ્રાન્સફોર્મેશનથી આશ્ચર્યચકિત થયેલી ફરાહ યાદ કરે છે, "હું તેને ત્યારથી ઓળખું છું જ્યારે તેનું વજન ૧૫૦ કિલો હતું." આ સાંભળીને, રામે હસતાં હસતાં જવાબ આપ્યો, "તે કરવાની તે ખોટી રીત હતી. મેં ફક્ત વજન ઘટાડ્યું છે. હું બે વાર પાતળો બન્યો છું.લોસ એન્જલસમાં પોતાના કોલેજના દિવસોની એક યાદ શેર કરતાં તેમણે કહ્યું, "જ્યારે હું લોસ એન્જલસમાં એક્ટિંગ સ્કૂલમાં હતો, ત્યારે સાજિદ ખાન, સાજિદ નડિયાદવાલા, અરબાઝ ખાન અને રાજેશ સાથી મારા એક બેડરૂમના ઘરમાં બે અઠવાડિયા માટે આવ્યા હતા. તે સમયે હું ગુરુ ગ્રહ જેટલો મોટો હતો.રામ કપૂરે એ પણ જણાવ્યું કે કેવી રીતે કેટલાક કલાકારો



**રામે કહ્યું, "મેં મારી જાતને વચન આપ્યું હતું કે હું ૫૦ વર્ષની ઉંમરે આ કરીશ કેમકે ત્યારે મેટાબોલિક રેટ ધીમો પડી જાય છે"**

તેમની કારકિર્દીમાં એવા તબક્કે પહોંચે છે જ્યાં કામ સ્વાભાવિક રીતે આવે છે અને સાબિત કરવા માટે કંઈ બાકી રહેતું નથી. પોતાની સફર વિશે વાત કરતાં તેમણે કહ્યું, "હું સ્ટાર નથી, ક્યારેય સ્ટાર નહીં બનીશ. મારું નામ ખાન નથી, પરંતુ હું કદમાં મોટો હોઉં કે નાનો, મને કામ મળે છે. મેં તે કામ માટે કર્યું નથી, કારકિર્દી માટે નહીં. મેં તે મારા માટે કર્યું છે.તેમણે કહ્યું કે તેમણે ૫૦ વર્ષનો થયા પછી પોતાના સ્વાસ્થ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવાનું વચન આપ્યું હતું.

# ઘેલા સોમનાથ મહાદેવ મંદિરમાં ; ૧૦ કરોડના ખર્ચે ડેવલપમેન્ટ પ્રોજેક્ટની તૈયારી

**આ પ્રોજેક્ટમાં લેઝર શો, શોપિંગ સેન્ટર, પાર્કિંગ, અને બગીચા સહિતના સુવિધાઓનો સમાવેશ થાય છે**

। (માહિતી) રાજકોટ,તા.૨ ।

ગુજરાતની આગવી ઓળખ સમા ઐતિહાસિક અને પૌરાણિક મહત્વ ધરાવતા મંદિરો અને શિલ્પો-સ્થાપત્યોના સાંસ્કૃતિક વારસાનું જતન કરવા માટે સરકાર હંમેશા પ્રયત્નશીલ રહી છે. ત્યારે સૌથી ઐતિહાસિક, પૌરાણિક તેમજ સાંસ્કૃતિક મહત્વ ધરાવતા તથા દેશના દ્વાદશ જ્યોતિર્લિંગોમાં પ્રથમ સોમનાથ મહાદેવનો અભૂતપૂર્વ વિકાસ કર્યો છે. આ વિકાસ કાર્યોમાં વધુ એક સોપાન ઉમેરી સોમનાથનો પડછાયો ધરાવતા તથા ઐતિહાસિક શૌર્યના સાંસ્કૃતિક પ્રતીક સમા સૌરાષ્ટ્રમાં સોમપિપળિયા ખાતે આવેલા સાડા પાંચસો વર્ષ જુના ઘેલા સોમનાથ મહાદેવ મંદિરના વિકાસના પ્રોજેક્ટને આગળ વધારવાની તૈયારીઓ સરકારે દર્શાવી છે. મુઘલ આક્રમણકારીઓ સામે ધર્મ અને સંસ્કૃતિના રક્ષણ કાજે બલિદાન આપીને એક શિવલિંગનું રક્ષણ કરવા માટે અભૂતપૂર્વ શૌર્ય દાખવનારાઓની યશોગાથા સમાન ઘેલા સોમનાથ મહાદેવનું મંદિર સૌરાષ્ટ્રમાં રાજકોટ જિલ્લાના વીંછિયા તાલુકામાં સોમપિપળિયા ખાતે આવેલું છે, જેનો ઈતિહાસ આશરે સાડા પાંચસો વર્ષ જુનો મનાય છે. સાંસ્કૃતિક પ્રતીક સમા આ મંદિરમાં સંરક્ષણ-જીર્ણોદ્ધાર તથા શ્રદ્ધાળુઓની સુવિધા માટે અંદાજે રૂ. ૬ કરોડના ખર્ચે વિવિધ વિકાસ કાર્યો તો ટૂંક સમયમાં શરૂ થવા જઈ રહ્યા છે. ઘેલા સોમનાથ મહાદેવ મંદિરનું ધાર્મિક અને ઐતિહાસિક મહત્વ સમજી અહીં નવીનીકરણ-આધુનિકીકરણ પ્રોજેક્ટ હેઠળ મહત્વના વિકાસ કાર્યો થવાના છે, જેમાં ગુજરાતના અન્ય પ્રવાસન સ્થળોની જેમ જ હવે ઘેલા સોમનાથ મહાદેવ મંદિર ખાતે પણ લેઝર લાઈટ એન્ડ સાઉન્ડ શો શરૂ થવાનો છે. અંદાજે રૂ. ૪ કરોડના ખર્ચે લેઝર લાઈટ એન્ડ સાઉન્ડ શો સૌથી મહત્વનો પ્રોજેક્ટ છે. લેઝર એન્ડ સાઉન્ડ શોની કામગીરી માટે કન્સલ્ટન્ટની નિમણૂક કરવામાં આવી છે અને તેણે કામગીરી શરૂ કરી દીધી છે. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તરફથી મળતી માહિતી મુજબ, ઘેલા સોમનાથ મહાદેવ સંકુલ ખાતે લેઝર એન્ડ સાઉન્ડ શો ઉપરાંત મુખ્ય માર્ગ પર રેમ્પના પગથિયા, બંને બાજુ લેન્ડસ્કેપ સાથે, શિવજીના જન્મકથાથી શરુ કરી જીવનના વિવિધ તબક્કાઓ દર્શાવતા શિલ્પો અને શિવજીના વિવિધ સ્વરૂપોના પથ્થરના ચિત્રપટ મૂકવામાં આવશે.તદુપરાંત, ફ્રન્ટ રોડ સાઈડ કમ્પાઉન્ડ, વોલમાં શણગારાત્મક પથ્થરની કમાન તથા શિવ મહાત્મ્યનું ચિત્રપટ પેઈન્ટિંગ, મુખ્ય મંદિરની સામે મીનળદેવી ટેકરીના પાયાની તળેટી ખાતે શોપિંગ સેન્ટર તેમજ પાર્કિંગ તૈયાર કરવામાં આવશે. આ સાથે હાલ યાત્રાળુઓ માટે પરિસરમાં બેસવાની જગ્યામાં વધારો થશે અને શોપિંગ માટે હાલ રસ્તાની બંને તરફ દુકાનો બનાવવામાં આવશે. વધુમાં મંદિરમાં પણ રિનોવેશન કરવામાં આવશે, જ્યાં જેમાં ગર્ભગૃહના માર્બલ, કંગરા, અને પ્લિન્થનું ક્લેડિંગ કરવામાં આવશે.આ ઉપરાંત, શ્રદ્ધાળુઓ માટે બેઠક વ્યવસ્થા, મંદિરની આજુબાજુ પાકા માર્ગો, લેન્ડસ્કેપિંગ, બગીચા, શહીદ સ્મારકનું પુનર્નિર્માણ તથા સૌંદર્યીકરણ કરવામાં આવશે.

# સુપોષિત દાહોદ અંતર્ગત ICDS ઝાલોદ ઘટક- 3 ખાતે C-MAM તાલીમ યોજાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।

દાહોદ જિલ્લાના ICDS (ઈન્ટિગ્રેટેડ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સર્વિસ) ઝાલોદ ઘટક ૩ ખાતે સુપોષિત દાહોદ અભિયાન અંતર્ગત C-MAM (Community-based Management of Acute Malnut®iion) તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ જિલ્લા પ્રોગ્રામ ઓફિસર શ્રીમતી ઈરા ચૌહાણની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી. ઝાલોદ-૩ ના સીડીપીઓ, મુખ્યસેવિકા, બી.એન.એમ, પા.પા.પગલી હાજર રહેલ હતા. તેમાં ડીસ્મું બ્લોક કોર્ડિનેટર અને એન.એન.એમ.બ્લોક કોર્ડિનેટર દ્વારા તાલીમ પણ આપવામાં આવી હતી. આ તાલીમમાં આંગણવાડી વર્કર બહેનોને તીવ્ર કુપોષણની ઓળખ, રોકથામ અને સારવાર અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમને બાળકની પોષણ સ્થિતિનું મૂલ્યાંકન કરવા, MUAC ટેપનો ઉપયોગ અને યોગ્ય સલાહ આપવી જેવા મુદ્દાઓ પર તાલીમ આપવામાં આવી હતી. સુપોષિત દાહોદ અભિયાનને આગળ વધારવા તથા કુપોષણને જડમૂળથી નાબૂદ કરવા માટે આ પ્રકારની તાલીમો અત્યંત મહત્વપૂર્ણ બની રહી છે. તાલીમ અંતે ઉપસ્થિત અધિકારીશ્રી દ્વારા આંગણવાડી વર્કરોને એમની ભૂમિકા અને જવાબદારી વિશે પ્રેરક સંદેશ પણ આપવામાં આવ્યા હતા.

# ઝાલોદની કોલેજમાં ફાયર સેફ્ટી સિસ્ટમનું પ્રશિક્ષણ યોજાયું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।



ઝાલોદની શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ ખાતે સંસ્થાના આચાયશ્રી ડૉ. એ. આર. મોદીના માર્ગદર્શનમાં સંસ્થાના વિધાર્થીઓ તેમજ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક સ્ટાફ માટે મૉકડ્રિલના માધ્યમથી ફાયર ઈમર્જન્સી સમયે સંસ્થા દ્વારા લગાવવામાં આવેલા ફાયર સેફ્ટી સિસ્ટમના પ્રભાવી ઉપયોગ માટે ખાસ નડિયાદ થી ઉપસ્થિત ફાયર સેફ્ટી ઓફિસર, શ્રી દિપેશભાઈ મકવાણા તથા તેમની ટીમ દ્વારા પ્રશિક્ષણ નિદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ફાયર સેફ્ટી ઓફિસર દ્વારા ડ્રાય પાવડર તેમજ કાર્બન ડાયોક્સાઈડ ફાયર એક્સટિન્ગવિશર નો તફાવત સમજાવી તેના પ્રેક્ટિકલ ઉપયોગ નિદર્શિત કરવામાં આવ્યા હતા. મોટી સંખ્યામાં હાજર વિદ્યાર્થીઓ અને તમામ સ્ટાફ સમક્ષ ફાયર ઈમર્જન્સી વખતે કયાં પગલાં લેવા અને શું ન કરવું જોઈએ તેની સમજ આપી હાઈડ્રા સિસ્ટમનો પણ પ્રશિક્ષણ નિદર્શન કરવામાં આવ્યો હતો. આ પ્રશિક્ષણ કાર્યક્રમમાં કૉલેજના એન. સી. સી. કેડેટ્સ અને એન. એસ. એસ. સ્વયંસેવકોએ વિશેષ ભૂમિકા ભજવી હતી.

# વસ્ત્રાપુરમાં સિક્યોરિટી ગાર્ડે સગીરા સાથે લિફ્ટમાં છેડતી કરી

। (માહિતી) અમદાવાદ,તા.૨ ।

અમદાવાદઃ શહેરના પોશ વિસ્તાર એવા વસ્ત્રાપુરમાં માતા-પિતા માટે આંખ ઉઘાડતો કિસ્સો સામે આવ્યો છે. એક સગીરા ટ્યુશન ગઈ હતી. ટ્યુશનથી પરત ફરીને તે સોસાયટીની લિફ્ટ વાટે ઘરે જઈ રહી હતી. ત્યારે અચાનક લિફ્ટમાં સોસાયટીનો વૃદ્ધ સિક્યોરિટી ગાર્ડ ઘૂસી ગયો હતો. દરવાજો બંધ થતાં જ તેણે આ સગીરાના ગુપ્ત ભાગે અડપલાં કર્યા હતા. સગીરાએ બુમાબુમ કરતા સોસાયટીના લોકો ભેગા થઈ ગયા હતા અને આરોપી ભાગે તે પહેલા જ તેને ઝડપી પાડી વસ્ત્રાપુર પોલીસના હવાલે કરાયો હતો. મૂળ ઉત્તર ભારતના ૪૩ વર્ષીય યુવક શહેરના વસ્ત્રાપુર વિસ્તારમાં રહે છે અને બેંકના બ્રાન્ચ મેનેજર છે. તેમની ૧૨ વર્ષીય પુત્રી પોશ વિસ્તારમાં આવેલી સ્કૂલમાં ધો.૮માં અભ્યાસ કરે છે. ગત સોમવારે આ યુવક બેંકેથી ઘરે આવ્યા ત્યારે તેમની પત્નીએ જણાવ્યું કે તેમની પુત્રી એકદમ ગભરાયેલી હાલતમાં રડતી રડતી ટ્યુશન ક્લાસથી ઘરે આવી હતી.દંપતીએ પુત્રીની પૂછપરછ કરતા તેણે જણાવ્યું કે તે સાંજે ટ્યુશન ક્લાસથી છૂટીને સોસાયટીમાં આવી હતી. બાદમાં તે લિફ્ટમાં પ્રવેશી ત્યારે સિક્યોરિટી ગાર્ડ લિફ્ટમાં ઘૂસ્યો હતો. તેણે લિફ્ટ બંધ થયા બાદ ગુપ્ત ભાગે અડપલાં કર્યા હતા. આટલું સાંભળીને વાલીએ તાત્કાલિક આ મામલે પોલીસને જાણ કરી હતી.

# અમદાવાદ જિલ્લા ક્ષય કેન્દ્ર ખાતે ૫૦૦ ટીબીના દર્દીઓને પોષણક્ષમ કિટનું વિતરણ કરાયું

**જિલ્લા ક્ષય કેન્દ્ર અને આર.કે. એચ.આઈ.વી એઈડ્સ રિસર્ચ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે કરાયું આયોજન : ટીબીના દર્દીઓને નિક્ષય પોષણ યોજના અંતર્ગત સરકાર તરફથી મળતા લાભો વિશે જાણકારી આપવામાં આવી**

। (વંદના નીલકંઠ વાસુકીયા) વિરમગામ, તા.૨ ।



ટીબી મુક્ત ભારત અભિયાન અંતર્ગત જિલ્લા ક્ષય કેન્દ્ર ખાતે ટીબીના દર્દીઓને પોષણક્ષમ કિટનું વિતરણ કરાયું હતું. અમદાવાદ જિલ્લા ક્ષય કેન્દ્ર અને આર.કે. એચ.આઈ.વી. એઈડ્સ રિસર્ચ તથા કેર સેન્ટરના સંયુક્ત ઉપક્રમે આયોજિત આ કાર્યક્રમમાં ૫૦૦ જેટલા ટીબીના દર્દીઓને પોષણક્ષમ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.શૈલેષ પરમારના અધ્યક્ષતામાં અને જિલ્લા ક્ષય અધિકારી ડો.ચિરાગ ધુવાડના માર્ગદર્શનમાં આ આયોજન કરાયું હતું. ટીબીના દર્દીઓને પોષણયુક્ત આહાર મળી રહે તે હેતુથી ન્યુટ્રિશન કિટનું વિતરણ કરાયું હતું. આ સાથે દર્દીઓને ટીબી રોગ વિશે તથા તેની સારવાર વિશે સંપૂર્ણ માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું તથા નિયમિત તપાસ કરાવી સંપૂર્ણ સારવાર પૂર્ણ કરવા માટે પણ ભાર મૂક્યો હતો. વધુમાં ટીબીના દર્દીઓને નિક્ષય પોષણ યોજના અંતર્ગત સરકાર તરફથી મળતી સહાય વિશે પણ માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રાજ્ય ક્ષય નિદર્શન અને તાલીમ કેન્દ્રના નિયામક ડો.મહેશ કાપડિયા, આર.કે. એચ.આઈ.વી. એઈડ્સ સેન્ટરના નિયામક વિશાલસિંહ તથા પ્રોજેક્ટ હેડ ધનંજય શર્મા સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા...

# ઝાલોદ પોલીસ સ્ટેશનમા ઇન્ચાર્જ પી.આઇ તરીકે ગૌરવ.જે.ગામીત એ પદભાર સંભાળ્યો



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।

તારીખ ૩૦-૦૬-૨૦૨૫ ના રોજ હસમુખ રાઠવા વય નિવૃત્ત થતાં તેઓની જગ્યાએ હાલ દાહોદ ખાતે કાર્યરત છ.ઙ્ગ.ે મા કાર્યરત પી.આઈ ગૌરવ ગામીતને વધારાના પદભાર સંભાળવા માટે દાહોદ જિલ્લા પોલિસ અધિક્ષક ડૉ રાજદિપસિંહ ઝાલા દ્વારા સૂચન કરવામાં આવતા ૦૧-૦૭-૨૦૨૫ ના રોજ ઝાલોદ પોલીસ સ્ટેશન ખાતે વધારાનો ચાર્જ લીધેલ હતો. કાયમી પી.આઈ ન નિમાયા ત્યાં સુધી દાહોદ જિલ્લા પોલિસ અધિક્ષકના સૂચન મુજબ ઝાલોદ પોલિસ સ્ટેશનમા વધારાના ચાર્જ રૂપે નવા પી.આઈ તરીકે કાર્યરત રહેશે

# વડોદરામાં ગેસની પાઈપલાઈનમાં બ્લાસ્ટ, મકાનમાલિક ગંભીર રીતે દાઝ્યા

। (માહિતી) વડોદરા,તા.૨ ।

સામાન્ય રીતે તમે ગેસ સિલિન્ડર બ્લાસ્ટની ઘટનાઓ વિશે સાંભળ્યું હશે. જોકે વડોદરામાં એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. કારણકે અહીંયા ગેસ સિલિન્ડરમાં નહીં પણ ગેસની પાઈપલાઈનમાં બ્લાસ્ટ થયો હોવાનો બનાવ સામે આવ્યો છે. જે સમયે આ બનાવ બન્યો તે સમયે ઘરમાં હાજર તમામ લોકોના જીવ તાળવે ચોંટી ગયા હતા. સાથે જ ઘરના માલિક પણ આ બ્લાસ્ટની ઘટનામાં ગંભીર રીતે દાઝ્યા છે. બનાવની જાણ થતા જ ફાયર બ્રિગેડ અને ગેસ કંપનીની ટીમ સ્થળ પર તુરંત પહોંચી હતી.

બનાવને લઈને જો વિગતવાર વાત કરીએ તો વડોદરાના વાઘોડિયા રોડ વિસ્તારમાં આવેલી સુંદરમ સોસાયટીમાં આ બનાવ બન્યો છે. જ્યાં સી ટાવરમાં ફ્લેટ નંબર ૧૦૧માં ગેસની પાઈપલાઈનમાં અચાનકથી બ્લાસ્ટ થયો હતો. આ બ્લાસ્ટમાં મકાનમાલિક મિતુલભાઈ ગંભીર રીતે દાઝી ગયા હતા. જેથી તેઓને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

આ બ્લાસ્ટમાં ખાસ કરીને ઘરના સામાનને વધારે નુકસાન થયું છે. બ્લાસ્ટનો અવાજ સાંભળ્યા બાદ આસપાસના રહીશો પણ દોડી આવ્યા હતા. ગેસની પાઈપલાઈનમાં લીકેજ હોવાને કારણે આ દુર્ઘટના સર્જાઈ હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે. જોકે બ્લાસ્ટ થવા પાછળનું ચોક્કસ કારણ હજુ સામે નથી આવ્યું. સારી વાત એ છે કે આ બ્લાસ્ટમાં કોઈને વધારે નુકસાન નથી પહોંચ્યું.

ઉલ્લેખનીય છે કે ગેસની પાઈપલાઈનમાં બ્લાસ્ટની જાણ થતાની સાથે જ ફાયર વિભાગના અધિકારીઓ અને ગેસ કંપનીના ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. આ મુદ્દો હાલ શહેરમાં ચર્ચાનું કેન્દ્ર બની ગયો છે. પ્રચંડ અવાજને કારણે આસપાસના રહીશો પણ દોડીને સ્થળ પર પહોંચ્યા હતા. સાથે જ આ બ્લાસ્ટને કારણે ઘરના માલ સામાનને નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે આ બ્લાસ્ટમાં ખાસ કરીને ઘરના સામાનને વધારે નુકસાન થયું છે. બ્લાસ્ટનો અવાજ સાંભળ્યા બાદ આસપાસના રહીશો પણ દોડી આવ્યા હતા. ગેસની પાઈપલાઈનમાં લીકેજ હોવાને કારણે આ દુર્ઘટના સર્જાઈ હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે. જોકે બ્લાસ્ટ થવા પાછળનું ચોક્કસ કારણ હજુ સામે નથી આવ્યું. સારી વાત એ છે કે આ બ્લાસ્ટમાં કોઈને વધારે નુકસાન નથી પહોંચ્યું. ઉલ્લેખનીય છે કે ગેસની પાઈપલાઈનમાં બ્લાસ્ટની જાણ થતાની સાથે જ ફાયર વિભાગના અધિકારીઓ અને ગેસ કંપનીના ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. આ મુદ્દો હાલ શહેરમાં ચર્ચાનું કેન્દ્ર બની ગયો છે. પ્રચંડ અવાજને કારણે આસપાસના રહીશો પણ દોડીને સ્થળ પર પહોંચ્યા હતા. સાથે જ આ બ્લાસ્ટને કારણે ઘરના માલ સામાનને નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. ઉલ્લેખનીય છે કે ગેસની પાઈપલાઈનમાં બ્લાસ્ટની જાણ થતાની સાથે જ ફાયર વિભાગના અધિકારીઓ અને ગેસ કંપનીના ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. આ મુદ્દો હાલ શહેરમાં ચર્ચાનું કેન્દ્ર બની ગયો છે. પ્રચંડ અવાજને કારણે આસપાસના રહીશો પણ દોડીને સ્થળ પર પહોંચ્યા હતા. સાથે જ આ બ્લાસ્ટને કારણે ઘરના માલ સામાનને નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે.

# ચાર વર્ષના સમયગાળા માટે અધ્યક્ષ તરીકે પુનઃવરણી, GSFAના અધ્યક્ષ તરીકે પરિમલ નથવાણીની પુનઃવરણી કરાઈ

। (માહિતી) અમદાવાદ,તા.૨ ।

અમદાવાદ : આજે અમદાવાદમાં મળેલી ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિયેશન (જી.એસ.એફ.એ.)ની ૪૭મી વાર્ષિક સાધારણ સભા (એ.જી.એમ.)માં સંસ્થાના વર્તમાન અધ્યક્ષ અને રાજ્યસભાના સભ્ય પરિમલ નથવાણીની ચાર વર્ષના સમયગાળા માટે અધ્યક્ષ તરીકે પુનઃવરણી કરવામાં આવી હતી. મૂળરાજસિંહ ચુડાસમાની માનદ મહામંત્રી તરીકે તેમજ પ્રદીપસિંહ વાઘેલા, જિગ્નેશ પાટીલ, અરુણસિંહ રાજપૂત તથા ગુણવંતભાઈ ડેલાવાલાની ઉપાધ્યક્ષ તરીકે પુનઃવરણી કરવામાં આવી હતી. આ ઉપરાંત સંદીપ દેસાઈની વરણી હનીફ જીનવાલાની જગ્યાએ ઉપાધ્યક્ષ તરીકે કરવામાં આવી હતી, જ્યારે અંકિત પટેલની વરણી માનદ્ ખજાનચી તરીકે કરવામાં આવી હતી. વાર્ષિક સાધારણ સભામાં, ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનારા જિલ્લા એસોસિએશન તથા વ્યક્તિઓને જી.એસ.એફ.એ. એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આ એવોર્ડ ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (એ.આઈ.એફ.એફ.)ની તર્જ પર શરૂ કરાયા છે.

આ પ્રસંગે જી.એસ.એફ.એ.ના અધ્યક્ષ, રાજ્યસભાના સાંસદ અને આર.આઈ.એલ.ના ડાયરેક્ટર (કોર્પોરેટ અફેર્સ), પરિમલ નથવાણીએ જણાવ્યું હતું કે, "સમગ્ર ગુજરાતમાં ફૂટબોલને સુલભ અને સાતત્યપૂર્ણ બનાવવાનું અમારું વિઝન અમારા પ્રયાસોને સતત માર્ગદર્શન પૂરું પાડે છે. આ વર્ષ દરમિયાન ગુજરાતના યુવા ખેલાડીઓની ભાગીદારીમાં વધારો જોવા મળ્યો જે આપણી ફૂટબોલ ઈકોસિસ્ટમની ગહનતા અને અનુશાસનનો પુરાવો છે."

તેમણે ઉમેર્યું હતું કે, "જી.એસ.એફ.એ. અભિનંદનને પાત્ર છે કે ૨૦૨૪-૨૫ દરમિયાન, ૨૬ વિવિધ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું, કુલ ૧૧૬૮ મેચ રમવામાં આવી, અને ૬૪૬૮ ગોલ નોંધાયા. એ.આઈ.એફ.એફ.ના સી.આર.એસ. અન્વયે, ગુજરાતમાં કુલ ૭૪૦૦ જેટલા સક્રિય ખેલાડીઓ છે, જેમાંથી ૪૮૩૬એ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો." અમદાવાદ ડિસ્ટ્રિક્ટ ફૂટબોલ એસોસિયેશનને સૌથી વધુ ખેલાડીઓની નોંધણી બદલ એવોર્ડ અપાયો હતો, ઈન્ટ્રા-ડિસ્ટ્રિક્ટ ટુર્નામેન્ટના આયોજન માટે બેસ્ટ ડિસ્ટ્રિક્ટનો એવોર્ડ સુરતને ફાળે ગયો હતો.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજે વધારે તેલ અને મસાલાવાળું આહાર ટાળોજો. ધનની આવશ્યકતા ક્યારેક પણ પડી શકે છે તેથી જેટલું શક્ય હોય પોતાના પૈસા ની બચત કરવાનું વિચાર બનાવો? મિત્રો સાથે સાંજ અત્યંત મનોરંજક તથા આનંદસભર રહેશે. આજે તમે તમારા પ્રિયપાત્ર સામ તમારી લાગણીઓ વ્યક્ત નહીં કરી શકો. માનસિક સ્પષ્ટતા તમને બિઝનેસમાં અન્યોની સરખામણીએ આગળ રાખશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારૂં મંતવ્ય વ્યક્ત કરતા અચકાતા નહીં. આત્મવિશ્વાસની કમીને તમારા પર અંકુશ જમાવવા ન દો કેમ કે એનાથી તમારી સમસ્યાઓની ગૂંચવણ ઓર વધશે અને તમારો વિકાસ મંદ પડશે. આત્મવિશ્વાસ પાછો મેળવવા માટે તમારી જાતને વ્યક્ત કરો તથા સમસ્યા સાથે પનારો પાડવા ખુલ્લા દિલે સ્મિત કરો. સૌથી અણધાર્યા સાધનોમાંથી તમે કમાણી કરો એવી શક્યતા છે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજે અન્યોની ટીકા કરવાની તમારી ટેવને કારણે તમારે ટીકાનો સામનો કરવો પડે એવી શક્યતા છે. તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. નાણાંપ્રવાહમાં વધારો લાંબા સમયથી ચૂકવવાની બાકી રકમ તથા બિલો ચૂકવવા આસાન બનાવશે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે પૈસા ની અછત ઘરમાં વિવાદ નું કારણ બની શકે છે, આવી સ્થિતિ માં તમારા ઘર ના લોકો સાથે કાળજીપૂર્વક વાત કરો અને તેમની સલાહ લો. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે-તમારી સામે એટલી બધી બાબતો હશે અને તમાંથી કઈ બાબત હાથ ધરવી તેની મીઠી મૂમંઝવણ તમને થશે.

**સિંહ (મ,ટ) :**

આજે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે? પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્ત્રોત બનશે. રૉમાન્સને આજે ઓછું મહત્વ મળે એવું લાગે છે કેમ કે તમારૂં પ્રિયપાત્ર ખૂબ જ વધારે પડતી માગ કરી રહ્યું હોય એવું લાગે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારા માટે વધુ પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. લોકો તમને નવી આશાઓ તથા સપનાં આપશે-પણ તમારા પોતાના પ્રયત્નો પર ઘણું બધું અવલંબશે. આજે તમારા હૃદયના ધબકારા તમારા પ્રિયપાત્રવા લય સાથે તાલ મેળવશે અને પ્રેમનું સંગીત રેલાવશે. તમારા વરિષ્ઠો આજે તમારા કામની ગુણવત્તાથી પ્રભાવિત થાય એવી શક્યતા છે.

**તુલા (ર,ત) :**

મૌસમનો મિજાજ માણતા, ખાતી-પીતી વખતે ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમારી મહત્વાકાંક્ષા વિશે તમારા માતા-પિતા સામે રહસ્યોદ્ઘાટન માટે સારો સમય. તેઓ તમને સંપૂર્ણ સહકાર આપશે. તેની પ્રાપ્તિ માટે તમારે ધ્યાન કેન્દ્રિત કરી સખત મહેનત કરવાની જરૂર છે.

**વૃશ્ચિક (ન,ય) :**

પિતા તમને સંપત્તિના વારસામાંથી બેદખલ કરી શકે છે.પણ હિંમત હારતા નહીં. ઐશ્વર્ય મનને લાડ લડાવે છે જ્યારે અછત તેને મજબૂત બનાવે છે. આજ ના દિવસે તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે સાથેજ તમને દાન-પુણ્ય પણ કરવું જોઈએ કેમ કે આના થી તમને માનસિક શાંતિ મળશે? સંબંધીઓને મળવા જવા નાનકડી મુસાફરી તમારા રોજિંદા ભાગદોડભર્યા સમયપત્રકમાંથી તમને રાહત તથા હળવાશ આપશે

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. મિત્રો તમારા અંગત જીવનમાં જરૂર કરતાં વધારે ચંચૂપાત કરશે. એકતરફી આકર્ષણ તમારી માટે માથાનો દુખાવો જ લાવશે.

**મકર (ખ,જ) :**

આજે તમારે બેસવાની અને આરામ કરવાની-તથા શોખમાં ઓતપ્રોત થવાની તથા તમને જે કરવું ગમે છે તે કરવાની જરૂર છે. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. તમારે બાળકો સાથે કેટલોક સમય વિતાવવાની તથા તેમને સારા મૂલ્યો શીખવવાની તથા તેમને તેમની જવાબદારીની જાણ થાય તેવા પ્રયાસો કરવાની જરૂર છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજનો દિવસે લાભદાયક રહેશે. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. પરિવાર, બાળકો તથા મિત્રો સાથે વિતાવેલો સમય તમારી શક્તિ પાછી મેળવવા માટે મહત્વનો છે. આજે તમે કુદરતી સૌંદર્ય દ્વારા અંજાઈ જાવ એવી શક્યતા છે. કામના સ્થળે આજે તમે એક અદ્ભુત વ્યક્તિને મળો એવી શક્યતા છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારે જીવનસાથીની તબિયત વિશે યોગ્ય દરકાર તથા ધ્યાન આપવું પડશે. જો તમારે જીવન સુગમ રીતે ચલાવવું હોય તો તમારે ધન ના આવાગમન પર ધ્યાન આપવું જોઈએ? ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. આજે તમારૂં પ્રિયપાત્ર તમારા અનિશ્ચિત વર્તન સાથે પનારો પાડવામાં ખૂબ જ મુશ્કેલી અનુભવશે.



ઈંગ્લેન્ડના બર્મિંગહામના એજબેસ્ટન ખાતે ઈંગ્લેન્ડ અને ભારત વચ્ચેની બીજી ક્રિકેટ ટેસ્ટ મેચના પહેલા દિવસે પચાસ રન બનાવ્યા બાદ ભારતના યશસ્વી જયસ્વાલ (જમણે), ઉજવણી કરે છે.



ઈંગ્લેન્ડના બર્મિંગહામના એજબેસ્ટન ખાતે ઈંગ્લેન્ડ અને ભારત વચ્ચેની બીજી ક્રિકેટ ટેસ્ટ મેચના પહેલા દિવસે ભારતના કેએલ રાહુલના આઉટ થયાની ઉજવણી ઈંગ્લેન્ડના ક્રિસ વોક્સ કરે છે.

## ન્યૂઝ બ્રિફ

### મસ્કની દુકાન બંધ કરાવી આફ્રિકા તગેડી મૂકવા ધમકી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૦૨ ।

અમેરિકામાં પ્રમુખ પદની ચૂંટણી સમયે વિશ્વના ટોચના ધનિક એલન મસ્ક અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની જોડી જય-વીરુ જેવી લાગતી હતી. ટ્રમ્પે સત્તા સંભાળ્યા પછી તો બંને જીગરજાન મિત્રોએ અમેરિકા સહિત વિશ્વભરમાં રીતસરની સટાસટી બોલાવી દીધી હતી. જો કે આ જોડી લાંબુ ચાલી નહીં અને તેમાં ટ્રમ્પનું મહત્ત્વાકાંક્ષી 'બિગ બ્યુટીફુલ બિલ' કારણભૂત બન્યું. યુએસ સરકારની કાર્યદક્ષતા વધારવા અને ખર્ચ કાપ માટે નવા બનેલા ડ્રૉઈના વડા પદેથી એલન મસ્કે રાજીનામું ધરી દીધું અને ટ્રમ્પના પ્રસ્તાવિત બિલનો જાહેરમાં વિરોધ શરૂ કર્યો. જિગરી દોસ્તમાંથી જાની દુશ્મન બનેલા મસ્કે ટ્રમ્પને પડકારવા નવો રાજકીય પક્ષ બનાવવાની ધમકી આપ્યા પછી વળતા જવાબમાં ટ્રમ્પે મસ્કની દુકાન બંધ કરાવી આફ્રિકા તગેડી મૂકવાની ચીમકી આપી દીધી. મસ્કે ડ્રૉઈમાંથી રાજીનામું આપ્યા પછી બંને વચ્ચેના સંબંધોમાં આવેલી તિરાડ દેખાઈ હતી. ત્રણ દિવસ પહેલા મસ્કે એક્સ પોસ્ટમાં જણાવ્યું હતું કે, ટ્રમ્પનું બિગ બિલ રિપબ્લિકન પાર્ટી માટે રાજકીય આત્મહત્યા સાબિત થશે. ખર્ચ કાપ અને કર રાહતોની મોટી જોગવાઈઓ ધરાવતી દરખાસ્ત સંદર્ભે અમેરિકી સેનેટમાં મંગળવારે પણ ચર્ચા ચાલી હતી. આ બિલનું સમર્થન કરી રહેલા સેનેટર્સની ટીકા કરતા મસ્કે જણાવ્યું હતું કે, સરકારી ખર્ચમાં કાપ મૂકવાનું કેમ્પેઈન ચલાવનારા કોંગ્રેસના દરેક સભ્યએ તરત જ ઈતિહાસમાં સૌથી વધુ દેવું વધારવા માટે મત આપ્યો હતો. આ હરકત બદલ તેમનું માથું શરમથી ઝૂકી જવું જોઈએ. આ દુનિયામાં સૌથી છેલ્લું કામ કોઈ કરવાનું હોય તો આ તમામને પ્રાથમિક ચૂંટણીમાં હરાવવાનું પસંદ કરીશ.

### ૭૦% મુસ્લિમ વસ્તી ધરાવતા કઝાકિસ્તાનમાં બુરખા પર પ્રતિબંધ

। (એજન્સી) કઝાકિસ્તાન, તા.૨ ।

મહિલાઓ હવે જાહેર સ્થળોએ નકાબ કે ચહેરો સંપૂર્ણપણે ઢાંકતા કપડાં પહેરી શકશે નહીં. રાષ્ટ્રપતિ કાસિમ-જોમાર્ટ ટોકાયેવે સોમવારે આ નવા કાયદા પર હસ્તાક્ષર કર્યા. આ કાયદો તમામ નાગરિકોને જાહેર સ્થળોએ ચહેરો ઢાંકવા પર પ્રતિબંધ મૂકે છે. આ નિર્ણયની ખાસ વાત એ છે કે કઝાકિસ્તાનની ૭૦ ટકા વસ્તી મુસ્લિમ છે અને ઈસ્લામમાં મહિલાઓ માટે હિજાબ કે નકાબ પહેરવાની પરંપરા છે. જોકે, સરકારે તેના કાયદામાં કોઈ ધર્મ કે ધાર્મિક પોશાકનો સીધો ઉલ્લેખ કર્યો નથી. પરંતુ તેમ છતાં, એવું માનવામાં આવે છે કે આ નિયમ ખાસ કરીને ધાર્મિક પોશાકને અસર કરી શકે છે. આ કાયદામાં કેટલીક છૂટ પણ આપવામાં આવી છે. ઉદાહરણ તરીકે, જો કોઈ બીમાર હોય, હવામાન ખૂબ ખરાબ હોય, રમતગમત કે સાંસ્કૃતિક કાર્યક્રમ હોય, તો આવા કિસ્સાઓમાં ચહેરો ઢાંકવાની મંજૂરી આપવામાં આવશે. ષ્કઝાકિસ્તાન પહેલા, તાજિકિસ્તાન, ઉઝબેકિસ્તાન અને તુર્કમેનિસ્તાન જેવા કેટલાક અન્ય દેશોએ પણ નકાબ અથવા બુરખા પહેરવા પર પ્રતિબંધ મૂક્યો છે. હવે કઝાકિસ્તાને પણ તે દેશોના રસ્તે ચાલ્યું છે. સરકારના આ નિર્ણય પર ત્યાંના ધાર્મિક સંગઠનો તરફથી પ્રતિક્રિયા આવવાની શક્યતા છે. કઝાકિસ્તાનના રાષ્ટ્રપતિ ટોકાયેવે ચહેરો ઢાંકવા અંગેના નવા કાયદાને દેશની પરંપરાગત ઓળખને પ્રોત્સાહન આપતો ગણાવ્યો છે. તેમનું કહેવું છે કે ચહેરો ઢાંકતા કપડાંને બદલે, લોકોએ દેશના પરંપરાગત કપડાં પહેરવા જોઈએ, જે આપણી સંસ્કૃતિને સારી રીતે દર્શાવે છે. તેમણે એમ પણ કહ્યું કે દેશની બિનસાંપ્રદાયિકતા જાળવી રાખવી મહત્વપૂર્ણ છે. અગાઉ, ૨૦૨૩ માં, સરકારે શાળાઓમાં હિજાબ અને નકાબ પહેરવા પર પ્રતિબંધ મૂક્યો હતો.


લંડનમાં વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશિપ દરમિયાન ઇટાલીના લુકા નાર્ડી સામે પુરુષોની સિંગલ્સ મેચ જીત્યા બાદ ઇટાલીના જેનિકસિનેર હાથ મિલાવે છે.

### બર્મિંગહામમાં શંકાસ્પદ પેકેટ મળતાં
## ટીમ ઈન્ડિયા એક કલાક હોટલમાં જ 'કેદ' રહી

। (એજન્સી) મુંબઈ, તા.૦૨ ।

બીજી જુલાઈ, ૨૦૨૫થી બર્મિંગહામમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે સીરિઝની બીજી ટેસ્ટ મેચની શરૂઆત થવાની છે. જોકે આ મેચ પહેલા એવી ઘટના થઈ જેના કારણે ફેન્સની ચિંતા વધી ગઈ હતી. શહેરના સેન્ટેનરી સ્ક્વેરમાં એક શંકાસ્પદ પેકેટ મળ્યા બાદ બર્મિંગહામ સિટી સેન્ટર પોલીસ તાત્કાલિક એક્શનમાં આવી અને હોટલમાં રોકાયેલા ખેલાડીઓને બહાર ન નીકળવાની સલાહ આપવામાં આવી. મંગળવારે બપોરે ૩ વાગ્યે પોલીસને એક શંકાસ્પદ પેકેટ મળ્યાની સૂચના પ્રાપ્ત થઈ હતી. જે બાદ આસપાસના સમગ્ર વિસ્તારનસ સીલ કરી દેવામાં આવ્યો. પોલીસે અગમચેતી દાખવી અને આસપાસની ઈમારતો પણ ખાલી કરાવી દીધી. તથા લોકોને પણ તે વિસ્તારમાંથી પસાર ન થવાની સૂચના આપવામાં આવી. ન્યૂઝ એજન્સી PTIના અહેવાલ અનુસાર પોલીસે ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડી તથા અન્ય સદસ્યોને પણ હોટલમાં જ રહેવા સૂચના આપી હતી. જોકે આ પ્રતિબંધ માટે એક કલાક માટે જ હતો. એક કલાકની તપાસ બાદ પોલીસે ફરીથી ખેલાડીઓને હોટલ બહાર જવાની છૂટ આપી દીધી હતી. નોંધનીય છે કે ઘણીવાર એક દેશથી બીજા દેશમાં ક્રિકેટ મેચ રમવા ગયેલા ખેલાડીઓ ફરવા માટે પણ નીકળતા હોય છે.

# આંતકવાદ વિરુદ્ધ QUADની 'એકતા', ક્વાડના વિદેશ મંત્રીઓએ પહલગામ હુમલાની કરી નિંદા

**અમે પીડિતોના પરિવારો પ્રત્યે અમારી સંવેદના વ્યક્ત કરીએ છીએ અને તમામ ઘાયલોને ઝડપથી અને સંપૂર્ણ સ્વસ્થ થવાની આશા રાખીએ છીએ**

। નવી દિલ્હી, તા.૦૨ ।

QUAD દેશો એટલે કે અમેરિકા, ભારત, જાપાન અને ઓસ્ટ્રેલિયાએ બુધવારે એક સંયુક્ત નિવેદનમાં ૨૨ એપ્રિલના રોજ પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાની નિંદા કરી હતી. આ આતંકવાદી હુમલામાં આતંકવાદીઓએ ૨૬ નિર્દોષ લોકોની નિર્દયતાથી હત્યા કરી હતી. ક્વાડ દેશોના વિદેશ મંત્રીઓએ આ ઘટનાને નિંદનીય ગણાવી હતી. ક્વાડના વિદેશ મંત્રીઓના સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, 'ક્વાડ સરહદ પારના આતંકવાદ સહિત તમામ પ્રકારના આતંકવાદ અને હિંસાની નિંદા કરે છે. અમે તેના તમામ સ્વરૂપોમાં નિંદા કરીએ છીએ અને આતંકવાદ સામે લડવામાં સહયોગ કરવાની અમારી પ્રતિબદ્ધતા વ્યક્ત કરીએ છીએ. અમે ૨૨ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાની સખત નિંદા કરીએ છીએ, જેમાં ૨૫ ભારતીય નાગરિકો અને એક નેપાળી નાગરિક માર્યા ગયા હતા જ્યારે ઘણા



ઘાયલ થયા હતા.'નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, 'અમે પીડિતોના પરિવારો પ્રત્યે અમારી સંવેદના વ્યક્ત કરીએ છીએ અને તમામ ઘાયલોને ઝડપથી અને સંપૂર્ણ સ્વસ્થ થવાની આશા રાખીએ છીએ. અમે માંગ કરીએ છીએ કે આ નિંદનીય કૃત્યના ગુનેગારો, આયોજકો અને નાણાકીય સહાયકોને કોઈપણ વિલંબ વિના ન્યાયના કઠેડામાં લાવવામાં આવે અને સંયુક્ત રાષ્ટ્રના તમામ સભ્ય દેશોને આંતરરાષ્ટ્રીય કાયદા અને સંબંધિત સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના ઠરાવો હેઠળ તેમની જવાબદારીઓ અનુસાર આ સંદર્ભમાં તમામ સંબંધિત અધિકારીઓ સાથે સક્રિયપણે સહયોગ કરવા હાકલ કરીએ છીએ.'વોશિંગ્ટનમાં ક્વાડ સભ્ય દેશોના વિદેશ મંત્રીઓની બેઠક પહેલા વિદેશ મંત્રી એસ. જયશંકરે મંગળવારે કહ્યું હતું કે, 'આપણે બધા ખુલ્લા અને સ્વતંત્ર ઈન્ડો-પેસિફિક ક્ષેત્રને સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છીએ. ઈન્ડો-પેસિફિક ક્ષેત્રના દેશોને પસંદગીની સ્વતંત્રતા હોવી જોઈએ જેથી તેઓ વિકાસ અને સુરક્ષા અંગે યોગ્ય નિર્ણયો લઈ શકે. છેલ્લા કેટલાક મહિનામાં આપણે ક્વાડ પહેલમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે.' વિદેશ મંત્રી જયશંકરે કહ્યું હતું કે, 'દુનિયાએ આતંકવાદ પ્રત્યે ઝીરો ટોલરન્સ દાખવવું જોઈએ. આતંકવાદનો ભોગ બનેલા લોકોની સરખામણી ક્યારેય આતંક ફેલાવનારાઓ સાથે ન કરવી જોઈએ. ભારતને તેના લોકોનું રક્ષણ કરવાનો સંપૂર્ણ અધિકાર છે અને અમે આ અધિકારનો ઉપયોગ કરીશું.' 'આપણે બધા ખુલ્લા અને સ્વતંત્ર ઈન્ડો-પેસિફિક ક્ષેત્રને સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છીએ. ઈન્ડો-પેસિફિક ક્ષેત્રના દેશોને પસંદગીની સ્વતંત્રતા હોવી જોઈએ જેથી તેઓ વિકાસ અને સુરક્ષા અંગે યોગ્ય નિર્ણયો લઈ શકે. છેલ્લા કેટલાક મહિનામાં આપણે ક્વાડ પહેલમાં નોંધપાત્ર પ્રગતિ કરી છે.' વિદેશ મંત્રી જયશંકરે કહ્યું હતું કે, 'દુનિયાએ આતંકવાદ પ્રત્યે ઝીરો ટોલરન્સ દાખવવું જોઈએ. આતંકવાદનો ભોગ બનેલા લોકોની સરખામણી ક્યારેય આતંક ફેલાવનારાઓ સાથે ન કરવી જોઈએ. ભારતને તેના લોકોનું રક્ષણ કરવાનો સંપૂર્ણ અધિકાર છે અને અમે આ અધિકારનો ઉપયોગ કરીશું.'

### ગૌતમ ગંભીરે કપિલ શર્માની બોલતી બંધ કરી

। (એજન્સી) મુંબઈ, તા.૦૨ ।

'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'નો આગામી એપિ 'ધ ગ્રેટ ઈન્ડિયન કપિલ શો'નો આગામી એપિસોડ મનોરંજન, હાસ્ય અને રોમાંચથી ભરપૂર હશે. કપિલ શર્મા શોના આગામી એપિસોડમાં ઘણા દિગ્ગજ ભારતીય ક્રિકેટરો જોવા મળશે, જેમાં ભારતીય ક્રિકેટ ટીમના કોચ ગૌતમ ગંભીર અને ઋષભ પંત, અભિષેક શર્મા અને યુઝવેન્દ્ર ચહલ સહિત અન્ય ખેલાડીઓનો સમાવેશ થાય છે, જેઓ પોતાના ખાસ અંદાજમાં શોમાં આકર્ષણ વધારશે. શોનો પ્રોમો જોઈને ચાહકો એક્સાઈટેડ થયા છે. પ્રોમોમાં કપિલ શર્મા ક્રિકેટર્સને પૂછતાં જોવા મળી રહ્યા છે. ડ્રેસિંગ રૂમનો સીન કેવો હોય છે? શું ગૌતમભાઈ તમારા દરેક સાથે ગંભીર હોય છે? કપિલના આ સવાલ પર ઋષભ પંતે હસતાં હસતાં કહ્યું કે, મેચમાં જ્યારે ઉતાર-ચઢાવ આવે છે, ત્યારે દરેક પરેશાન થઈ જાય છે. તેમાં કોઈ મોટી વાત નથી. ઋષભ પંત પોતાની વાત પૂરી કરી જ રહ્યા હોય છે, ત્યારે ગૌતમ ગંભીરે કપિલને રમૂજી અંદાજમાં કટાક્ષ કરતાં કહ્યું કે, આ એવું જ છે, કે જેમ ક્યારેક તમારો શો નથી ચાલતો, તો તમે તેમના પર કેવી પ્રતિક્રિયા આપો છો. ગૌતમ ગંભીર શોમાં પોતાની પ્રોફેશનલ લાઈફ સાથે જોડાયેલી વાતો શેર કરતાં જોવા મળી રહ્યા છે. એક કિસ્સો સંભળાવતા તેમણે કહ્યું કે, મોટાભાગે લોકો કહે છે કે, હું ફિલ્ડમાં લડાઈ લડું છું, પરંતુ હું આખરે કોના માટે લડું છું? 'લડાઈ ક્યારેય મારા પોતાના કારણે નથી થતી. આ મારા દેશ માટે થાય છે.' ગૌતમ ગંભીરની આ વાત પર બધા ગંભીરની પ્રશંસા કરતાં જોવા મળ્યા. ઉલ્લેખનીય છે કે, આ અપિસોડની ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

### ભૂતપૂર્વ ઇંગ્લિશ ક્રિકેટર વેન લાર્કિન્સને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે
## બીજી ટેસ્ટમાં કાળી પટ્ટી બાંધીને મેદાનમાં ઉતરી ટીમ ઇન્ડિયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે બીજી ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડની ટીમે ટોસ જીતીને પહેલા બોલિંગનો નિર્ણય કર્યો છે. એટલે કે શુભમન ગિલની કેપ્ટનશિપમાં ટીમ ઈન્ડિયા પહેલા બેટિંગ કરવા ઉતરી છે. આ મેચમાં ટીમ ઈન્ડિયા અને ઈંગ્લેન્ડ કાળી પટ્ટી બાંધીને મેદાને ઉતરી છે. આવું કરીને ટીમ ઈન્ડિયા અને ઈંગ્લેન્ડના ખેલાડી ભૂતપૂર્વ ઈંગ્લિશ ક્રિકેટર વેન લાર્કિન્સને શ્રદ્ધાંજલિ આપી રહ્યા છે. જેનું નિધન ૨૮ જૂને થઈ ગયું હતું.

ઈંગ્લેન્ડ અને નોર્થમ્પ્ટનશાયરના ભૂતપૂર્વ બેટ્સમેન વેન લાર્કિન્સનું ૭૧ વર્ષની વયે બીમારીના કારણે નિધન થયું હતું. ૧૯૭૯ અને ૧૯૯૧ વચ્ચે, નેડ નામથી જાણીતા લાર્કિન્સે ૧૩ ટેસ્ટ અને ૨૫ વનડે ઈન્ટરનેશનલ મેચમાં ભાગ લીધો હતો.

ઈંગ્લેન્ડ માટે તેનું બીજું પ્રદર્શન ૧૯૭૯ના વર્લ્ડ કપ ફાઈનલમાં હતું, જેમાં તેણે નંબર ૭ પર બેટિંગ કરી અને બે ઓવર બોલિંગ પણ કરી હતી.

ટીમ ઈન્ડિયા આ સિરીઝમાં ચોથી વાર કાળી પટ્ટી બાંધીને ઉતરી છે. આ પહેલા હેડિંગ્લીમાં પણ બંને ટીમ કાળી પટ્ટી બાંધીને ઉતરી હતી. પહેલી ટેસ્ટના પહેલા દિવસે ટીમ ઈન્ડિયાએ અમદાવાદમાં થયેલા વિમાન દુર્ઘટનાના મૃતકોને શ્રદ્ધાંજલિ આપી હતી. ત્યાર બાદ ત્રીજા દિવસે ભૂતપૂર્વ ક્રિકેટર ડેવિડ લોરેન્સને શ્રદ્ધાંજલિ અને પાંચમા દિવસે ભારતીય ટીમે ભૂતપૂર્વ ક્રિકેટર દિલીપ જોશીના નિધન પર શ્રદ્ધાંજલિ આપી હતી.

### ૧૯૧ લોકોના જીવ તાળવે ચોંટી ગયા
## ૧૦ મિનિટમાં ૨૬૦૦૦ ફૂટ નીચે આવી ગયું વિમાન

। (એજન્સી) ટોક્યો, તા.૨ ।

જાપાનમાં એક બોઈંગ ૭૩૭ વિમાન અકસ્માતમાંથી માંડ બચી ગયું. આ બોઈંગ વિમાન ચીનથી જાપાનની રાજધાની ટોક્યો જઈ રહ્યું હતું. શાંઘાઈમાં ઉડાન ભરતાંની સાથે જ વિમાનમાં ખામી સર્જાઈ અને અચાનક નીચે આવવા લાગ્યું. વિમાનને લગભગ ૨૬ હજાર ફૂટ ઉપરથી નીચે પડતું જોઈને મુસાફરોએ સોશિયલ મીડિયામાં મેસેજો લખવાના શરૂ કરી દીધા હતા. આખરે એ વિમાનને સફળતાપૂર્વક લેન્ડ કરાયું હતું.

સાઉથ ચાઈના મોર્નિંગ પોસ્ટ અનુસાર, આ બોઈંગ વિમાનમાં ૧૯૧ મુસાફરો હતા. ક્રૂ મેમ્બર સહિત લગભગ ૨૦૦ લોકો પ્લેનમાં હતા. મોટાભાગના મુસાફરો ચીનના હતા, જેઓ જાપાનના ટોક્યો જઈ રહ્યા હતા.

જાપાન સરકારના જણાવ્યા મુજબ, કેબિનમાં કોઈ ટેકનિકલ ખામી સર્જાઈ હતી. આ સમય દરમિયાન વિમાન ૧૦ મિનિટમાં ૨૬૦૦૦ ફૂટની ઊંચાઈથી નીચે આવી ગયું હતું.

પ્રારંભિક અહેવાલોમાં કહેવામાં આવ્યું હતું કે વિમાન કેબિનમાં હવાનું દબાણ જાળવી રાખતી પ્રેશરાઈઝેશન સિસ્ટમમાં ખામી અંગે ચેતવણી જારી કરી હતી. આ બાદ પાઈલોટ્સે એર ટ્રાફિક કંટ્રોલરનો સંપર્ક કર્યો હતો. ફ્લાઈટ નીચે ઉતરતાંની સાથે જ એર હોસ્ટેસે ચેતવણી જારી કરી હતી. ચેતવણી સાંભળતાની સાથે જ ફ્લાઈટમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. લોકો બૂમો પાડવા લાગ્યા હતા. કેટલાક લોકોએ તરત જ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવાનું શરૂ કર્યું. તે જ સમયે, કેટલાક લોકોએ વસિયત લખવાનું પણ શરૂ કરી દીધું હતું. એક મુસાફરે વિમાનને નીચે પડતું જોઈને લખ્યું - મારું શરીર હજી પણ અહીં છે. મારા પગ ધ્રૂજી રહ્યા છે. જ્યારે તમે જીવન કે મૃત્યુનો સામનો કરો છો, ત્યારે બાકીનું બધું તુચ્છ લાગે છે.

**પશ્ચિમ રેલવે-અમદાવાદ મંડળ**

**વિવિધ પુલો અને આરઓબીનું સુનિશ્ચિત જાળવણી અને નાના સમારકામ શેડ્યુલ માટે ઝોન કાર્ય**

ઈ-ટેન્ડર નોટિસ નં. ૦૫ ઓફ ૨૦૨૫-૨૬ તારીખ: ૦૧/૦૭/૨૦૨૫; (૦૧) ઈ-ટેન્ડર નં.: DYCE-BR-ADI-06-2025-26; કાર્યનું નામ: વર્ષ ૨૦૨૫-૨૬ માટે અમદાવાદ વિભાગના સિનિયર સેક્શન એન્જિનિયર (બ્રિજ) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળના વિવિધ પુલો અને આરઓબી ના સમયપત્રક જાળવણી અને નાના સમારકામ માટે ઝોન કાર્ય; અંદાજિત એનઆઈટી ખર્ચ: રૂ. ૧,૧૭,૫૩,૩૭૦.૮૮/-; બિડ સિક્યોરિટી ખર્ચ / ઈએમડી: રૂ. ૨,૦૮,૮૦૦.૦૦/-; ઈ-ટેન્ડરની અંતિમ તારીખ અને સમય: ૨૯.૦૭.૨૦૨૫, ૧૫:૦૦ કલાક; કાર્યાલયનું સરનામું: ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ) અમદાવાદ, ડિવિઝનલ રેલ્વે મેનેજર ઓફિસ કેમ્પસ, ગુજરાત કેન્સર સોસાયટી હોસ્પિટલ સામે, અસારવા, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ, ગુજરાત-૩૮૦૦૧૬; ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટેની વેબસાઈટ: www.ireps.gov.in

ADI - 094

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# સુરતમાં દેશનું પ્રથમ સોલાર સંચાલિત બસ સ્ટેન્ડ તૈયાર, મુસાફરોને ખાસ પ્રકારની સુવિધાઓ મળી રહેશે

## સુરતનું નવું નજરાણું બનશે ૧૦૦ કિલોવોટ ક્ષમતાનો રૂફટોપ સોલાર પ્લાન્ટ સમગ્ર દેશ માટે પ્રોત્સાહન અને આકર્ષણનું કેન્દ્ર બનશે





। સુરત,તા.૨ ।

સુરતઃ સ્વચ્છ સિટી, સોલાર સિટી અને સ્માર્ટ સિટી તરીકે ઓળખાતા સુરતની યશકલગીમાં હવે વધુ એક ઉમેરો થવા જઈ રહ્યો છે. સ્માર્ટ સિટી સુરતના અલથાણ ખાતે સુરત મહાનગરપાલિકા દ્વારા રૂ. ૧.૬૦ કરોડના ખર્ચે નવનિર્મિત દેશનું પ્રથમ 'સ્માર્ટ બસ સ્ટેશન' સુરતનું નવું નજરાણું બનશે. ૧૦૦ કિલોવોટ ક્ષમતાનો રૂફટોપ સોલાર પ્લાન્ટ સમગ્ર દેશ માટે પ્રોત્સાહન અને આકર્ષણનું કેન્દ્ર બનશે. આ વિશે વધુ વિગત આપતા લાઈટ એન્ડ એનર્જી એફિસેસિસ સેલના કાર્યપાલક ઈજનેર શ્રી પ્રકાશભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે, સુરતના અલથાણ વિસ્તારમાં તૈયાર કરાયેલા દેશનું પ્રથમ સૌર ઊર્જા આધારિત ઈલેક્ટ્રિક બસ ડેપો ખાતે ૧૦૦ કિલોવોટ ક્ષમતા ધરાવતા રૂફટોપ સોલાર પાવર પ્લાન્ટ અને પ્રતિ કલાકે ૨૨૪ કિલોવોટ ક્ષમતા ધરાવતી બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (BESS) સ્થાપિત કરવામાં આવી છે. અંદાજિત રૂ. ૧.૬૦ કરોડના ખર્ચે બનેલો આ પ્રોજેક્ટ સંપૂર્ણ રીતે જર્મન સહાય સંસ્થા GIZના સહકારથી અમલમાં મૂકાયો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "આ પ્રોજેક્ટ અંતર્ગત દિવસ દરમિયાન સૌર ઊર્જાથી જનરેટ થતી વીજળી સેકન્ડ લાઈફ બેટરીમાં સંગ્રહિત થાય છે. રાત્રિ દરમિયાન ઈલેક્ટ્રિક બસોને ચાર્જ કરવા માટે ઉપયોગમાં લેવાય છે. પરિણામે ગ્રીડ પરનો ભાર ઘટે છે અને નવીનીકરણીય ઊર્જાનો વધુ પડતો ઉપયોગ શક્ય બન્યો છે." આ પ્રોજેક્ટનું મુખ્ય આકર્ષણ જણાવતા તેમણે કહ્યું કે, ઈલેક્ટ્રિક બસ ડેપો થકી વાર્ષિક અંદાજે ૧ લાખ વીજ યુનિટનું ઉત્પાદન થશે અને આશરે રૂ. ૬.૬૫ લાખની ઊર્જા બચત થશે. એટલે પર્યાવરણીય દૃષ્ટિએ પણ આ પ્રોજેક્ટ ન માત્ર સુરત શહેર માટે પરંતુ સમગ્ર દેશ માટે શ્રેષ્ઠ ઉદાહરણરૂપ બનશે. તેમણે કહ્યું કે, "આ માત્ર ટેકનોલોજીનો ઉપયોગ નથી, પણ પબ્લિક ટ્રાન્સપોર્ટને ગ્રીન અને સસ્ટેનેબલ બનાવવાનો પ્રયાસ છે. હાલ જે વપરાયેલી બેટરીઓને ફરી ઉપયોગમાં લેવામાં આવી રહી છે. એ વસ્તુઓનો પુનઃઉપયોગ કરીને વધુ ટકાઉ બનાવવાનો પ્રયાસ છે. જેથી આ પ્રોજેક્ટ સમગ્ર દેશ માટે રોલ મોડેલ સમાન સાબિત થશે. સુરત મહાનગરપાલિકા તરફથી નેટ ઝીરો એનર્જી અને સસ્ટેનેબલ એનર્જી માટેના લક્ષ્યાંકો હાંસલ કરવાની દિશામાં આ પ્રોજેક્ટ એક મહત્ત્વપૂર્ણ કડી બનશે." સુરત મહાનગરપાલિકા દ્વારા અલથાણ વિસ્તારમાં અમલમાં મૂકાયેલો સૌર ઊર્જા આધારિત સ્માર્ટ બસ સ્ટોપ હવે રાષ્ટ્રીય સ્તરે ધ્યાન ખેંચી રહ્યો છે. Wi-Fi, મોબાઈલ ચાર્જિંગ, LED લાઈટ્સ, પંખા અને ઝઝૂફ જેવી સુવિધાઓ સાથે સજ્જ આ બસ સ્ટોપ પબ્લિક ટ્રાન્સપોર્ટને હરિત અને ટેકનોલોજીકલ રીતે સમૃદ્ધ બનાવે છે. ઊર્જા બચત અને પર્યાવરણીય લાભો સાથે સંકળાયેલો આ પાયલોટ પ્રોજેક્ટ હવે દેશભરના શહેરો માટે પ્રેરણારૂપ મોડેલ બની રહ્યો છે. સૌર ઊર્જા અને સેકન્ડ લાઈફ બેટરી સ્ટોરેજના સંકલન દ્વારા આ પ્રોજેક્ટ શહેરમાં હરિત જાહેર પરિવહનને પ્રોત્સાહન આપે છે. દિવસ દરમિયાન સંગ્રહાયેલ સૌર ઊર્જા, રાત્રિ સમયે ઈલેક્ટ્રિક બસો અને વાહનોને ચાર્જ કરવા માટે ઉપયોગમાં લઈ શકાશે, જેના કારણે વીજ ગ્રીડ પરનો ભાર ઘટશે. સુરત મહાનગરપાલિકાના ગ્રીન મોબિલિટી અને નેટ ઝીરોના લક્ષ્યાંકો ઝડપથી આગળ વધશે. સાથે જ, જૂની બેટરીઓનો પુનઃઉપયોગ કરીને પરિપ્રેક્ષ્ય અર્થતંત્રના સિદ્ધાંતોને પણ બળ મળશે. આ મોડેલ ભવિષ્યના શહેરી ઈલેક્ટ્રિક વાહન ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે સ્કેલેબલ અને ટકાઉ માર્ગદર્શક રૂપે ઉભરી શકે તેવા લક્ષણો ધરાવે છે.ઉલ્લેખનીય છે કે, સુરત મહાનગર પાલિકાના અલથાણ ઈલેક્ટ્રિક બસ ડેપો માટે અમલમાં મૂકાયેલા સૌર ઊર્જા અને બેટરી સ્ટોરેજના સંયોજનથી મહાનગરપાલિકાને વાર્ષિક અંદાજે ૧,૦૦,૦૦૦ કિ.વો.અવર વીજળીનું ઉત્પાદન થશે. જેના પરિપ્રેક્ષ્યમાં અંદાજિત રૂ. ૬.૫૬ લાખની ઊર્જા બિલમાં બચત શક્ય બનશે. આ અર્થતંત્ર યુક્ત ગ્રીન ટેકનોલોજી માત્ર સુરત માટે નહીં, પરંતુ શહેરી પરિવહન માટે એક ટકાઉ વિકલ્પ રૂપે લાભદાયક સાબિત થશે.

### ન્યૂઝ બ્રિફ

## લાલપુરના એક ગેસ્ટ હાઉસમાં પહેલા માળેથી નીચે પટકાઈ પડેલા પરપ્રાંતિય શ્રમિક યુવાનનું અપમૃત્યુ

। (એજન્સી) જામનગર,તા.૨ ।

જામનગર જીલ્લાનાં લાલપુરમાં રહેતો અને ખેતી કામ કરતો મૂળ રાજસ્થાન એક ગેસ્ટ હાઉસમાં પહેલા માળેથી નીચે પટકાઈ પડ્યો હતો, અને ઈજા થવાને કારણે તેનું મૃત્યુ નિપજ્યું છે.આ બનાવની વિગત એવી છે કે મૂળ રાજસ્થાનના ભીલવાડાનો વતની અને હાલ લાલપુરમાં રહીને ખેત મજૂરી કામ કરતો તોહીદખાન આઝાદખાન પઠાણ (૨૧) કે જે ગઈકાલે લાલપુરમાં આવેલા લક્ષ્મી ગેસ્ટ હાઉસના પહેલા માળેથી તેનો પગ લપસી જતાં નીચે પટકાઈ પડ્યો હતો, અને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હોવાથી તેનું મૃત્યુ નીપજ્યું છે.આ બનાવ અંગે મૃતકના પિતા આઝાદ ખાન ચાંદખાન પઠાણે પોલીસને જાણ કરતાં લાલપુરના એએસઆઈ એ.એમ.જાડેજાએ મૃતદેહનો કબજો સંભાળી વધુ તપાસ હાથ ધરી છે.

## પતિએ પત્નીને અન્ય યુવક સાથે સંબંધ રાખવા ના પાડતા પત્નીની આત્મહત્યા

। (એજન્સી) સુરત, તા.૨ ।

રાજ્યમાં વધતા જતા આપઘાતના બનાવો હવે આપણા માટે એક ચિંતાનો વિષય બન્યો છે. ત્યારે વધુમાં ફરી સુરતમાં એક આપઘાતનો કિસ્સો સામે આવ્યો છે. જેના વિશે સાંભળીને તમે પણ નવાઈ પામી જશો. અહીંયા એક પરિણીતાએ ગળેફાંસો ખાઈને મોતને વ્હાલું કરી લીધું છે. શહેરના પાંડેસરા વિસ્તારનો આ બનાવ છે અને આ આપઘાતના બનાવને લઈને આસપાસના વિસ્તારમાં પણ ચકચાર મચી જવા પામી છે. પરિણીતાએ આપઘાત શા માટે કર્યો છે તેનું કારણ જાણીને ૨ ઘડી તો તમે પણ નવાઈમાં મુકાઈ જશો. બનાવને લઈને જો વિગતવાર વાત કરીએ તો સુરતના પાંડેસરા વિસ્તારનો આ બનાવ છે. જ્યાં એક પરિણીતાએ ગળેફાંસો ખાઈને આપઘાત કરી લીધો છે. જેથી આ મુદ્દો હાલ ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. આપઘાત કરનાર પરિણીતાએ લવમેરેજ કર્યા હતા. જોકે તેના અન્ય યુવક સાથે આડાસંબંધો હતા જેના કારણે પરિણીતાના પતિએ તેને ઠપકો આપ્યો હતો. પતિએ તેની પત્નીને યુવક સાથે સંબંધો ના રાખવા માટે જણાવ્યું હતું. જોકે પરિણીતાને તેના પતિની આ વાત સહન ન થઈ અને તે હતાશામાં જતી રહી હતી. બાદમાં તેણે ગળેફાંસો ખાઈને મોતને વ્હાલું કરી લીધું હતું. યુવક અને યુવતી મૂળ ઓડિશાના રહેવાસી હોવાનું સામે આવ્યું સાથે જ દોઢ વર્ષ પહેલા જ બંનેએ રાજીખુશીથી એકબીજા સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. ઉલ્લેખનીય છે કે હાલ આ સમગ્ર મામલે પતિ પત્નીના દોઢ વર્ષના લગ્ન જીવનનો કરૂણ અંત આવ્યો છે. બીજી તરફ આ બનાવને લઈને પરિણીતાના ઘરમાં હાલ શોકનો માહોલ ફેલાઈ ગયો છે.

## જાણીતા યુટ્યુબર બન્ની ગજેરા જેલના હવાલે

। (એજન્સી) રાજકોટ,તા.૨ ।

રાજકોટ જિલ્લા પોલીસે જુદા-જુદા ગુના આચરનાર જાણીતા યુટ્યુબર ભાવીન ઉર્ફે બન્ની ગોરધનભાઈ ગજેરાની પાસા હેઠળ અટકાયત કરીને વડોદરા મધ્યસ્થ જેલ હવાલે કરવામાં આવ્યો છે.

જિલ્લા કલેક્ટર ડૉ.ઓમ પ્રકાશ દ્વારા 'પાસા' પ્રપોઝલ મંજૂર કર્યા બાદ રાજકોટ ગ્રામ્ય ન્ઝૂમ દ્વારા બન્ની ગજેરાને જેલ હવાલે કરવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ, જાણીતા યુટ્યુબર બન્ની ગજેરા વિરૂદ્ધમાં એટ્રોસિટી, ખંડણી, અશોભનીય ટિપ્પણી કરી વીડિયો વાઈરલ કરવા સહિતના કુલ ૬ ગુના હોવાનું જણાય છે. જેમાં રાજકોટ જિલ્લામાં ૫ અને અમદાવાદ જિલ્લામાં ૧ ગુનો નોંધાયો છે. જ્યારે વારંવાર ગુનાહિત પ્રવૃત્તિને લઈને રાજકોટ રેન્જ આઈજી, એસપીની સૂચના હેઠળ રાજકોટ ગ્રામ્ય ન્ઝમ્એ બન્ની ગજેરાની અટકાયત કરી છે. બન્ની ગજેરા વિરૂદ્ધમાં ગોંડલ શહેર, તાલુકામાં, સુલતાનપુર પોલીસ સ્ટેશન સહિત અલગ-અલગ ફરિયાદ નોંધાવવામાં આવી છે. જ્યારે ગુનાહિત પ્રવૃત્તિને ધ્યાનમાં રાખીને પોલીસે બન્ની ગજેરાને 'પાસા' હેઠળ ગુનો દાખલ કરવાને લઈને જિલ્લા કલેક્ટરને પ્રપોઝલ મોકલી હતી.

### મહોરમથી જ ઇસ્લામના નવા વર્ષનો આરંભ થાય છે

## જામનગરમાં ખ્યાતિ પ્રાપ્ત મહોરમની ઉજવણી માટે તાજીયાઓને અપાતો આખરી ઓપ

### મહોરમ માસ દરમિયાન જામનગર શહેરમાં કલાત્મક તાજિયા બનાવામાં આવે છે

। (એજન્સી) જામનગર,તા.૨ ।

મહોરમથી જ ઈસ્લામના નવા વર્ષનો આરંભ થાય છે. આ વખતે ઈસ્લામના ૧૪૪૭માં વર્ષનો પ્રારંભ થયો છે. મુસ્લિમ બિરાદરો દ્વારા 'હઝરત ઈમામ હુસૈન સાહેબ'ની શહાદતની યાદમાં મહોરમ માસ દરમિયાન કલાત્મક તાજિયા બનાવી માતમ મનાવવામાં આવે છે. મહોરમ માસ દરમિયાન જામનગર શહેરમાં કલાત્મક તાજિયા બનાવવામાં આવે છે. સુન્ની દારૂલ કઝા અને ચાંદ કમિટી દ્વારા સત્તાવાર જાહેરાત કરી દેવામાં આવી છે, જે અનુસાર આગામી તારીખ ૬ જુલાઈ રવિવારના રોજ યૌમે આશુરા મનાવવામાં આવશે, અને આ જ દિવસે તાજીયા ટાઢા થશે. અત્રે નોંધનીય છે કે મહોરમ એટલે કે, કરબલાની પવિત્રતમ કુરબાનીને યાદ કરવાનો અવસર છે તે અનુસાર દસ દિવસ સુધી ઠેક ઠેકાણે શહીદોની શાનમાં તકરીર તથા ન્યાઝનું આયોજન કરવામાં આવી રહ્યું છે, અને મુસ્લિમ વિસ્તારમાં રોશનીનો ઝગમગાટ જોવા મળી રહ્યો છે. અત્રે નોંધનીય છે કે મહોરમ એટલે કે, કરબલાની પવિત્રતમ કુરબાનીને યાદ કરવાનો અવસર છે તે અનુસાર દસ દિવસ સુધી ઠેક ઠેકાણે શહીદોની શાનમાં તકરીર તથા ન્યાઝનું આયોજન કરવામાં આવી રહ્યું છે, અને મુસ્લિમ વિસ્તારમાં રોશનીનો ઝગમગાટ જોવા મળી રહ્યો છે.

### ડ્રગ્સની હેરાફેરી

## ગાંધીધામમાં ખાનગી હોટેલમાંથી ૧૭.૨૧ લાખના હેરોઈન સાથે બે શખ્સો ઝડપાયા

### બે દિવસ પહેલા પણ એક મહિલાને MD ડ્રગ્સ સાથે ઝડપી લેવાઈ હતી

। (એજન્સી) કચ્છ,તા.૨ ।

કચ્છમાં માદક પદાર્થોની હેરાફેરીના અનેક બનાવો સામે આવી રહ્યાં છે. જિલ્લામાં અવારનવાર ડ્રગ્સના પેકેટો ઝડપાવાની ઘટનાઓ પણ પ્રકાશમાં આવતી હોય છે. ત્યારે ગાંધીધામમાં હેરોઈન વેચવા આવેલા બે શખ્શોને ઝડપી લેવામાં આવ્યાં છે. બંને પરપ્રાંતિય શખ્સોને ઝડપીને પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે. બે દિવસ પહેલા પણ એક મહિલાને સ્ઢ ડ્રગ્સ સાથે ઝડપી લેવાઈ હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કચ્છના ગાંધીધામમાં ૩૪.૪૩ ગ્રામ હેરોઈન ઝડપાયું છે. ખાનગી હોટેલમાં રોકાયેલા બે શખ્સોને ૧૭.૨૧ લાખના હેરોઈન સાથે પકડી લેવાયા હતાં. પોલીસે આરોપી ગુરુદેવ જટ અને ઈકબાલ લઘડ નામના પરપ્રાંતિય શખ્સોની ધરપકડ કરી છે. સમગ્ર કેસમાં ગાંધીધામ એ ડિવિઝન પોલીસે બંનેની ધરપકડ કરીને વધુ કાર્યવાહી હાથ ધરી છે.

કચ્છના ભુજમાં બે દિવસ પહેલા એમડી ડ્રગ્સ સાથે એક મહિલા ઝડપાઈ હતી. ૨.૫ એમડી ડ્રગ્સ સાથે ભુજ એસઓજી પોલીસે મહિલાની ધરપકડ કરી હતી. મહિલા વિરૂદ્ધ દ્રહૃંજી એક્ટ મુજબ ગુનો નોંધી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. કચ્છ જિલ્લામાં વધી રહેલી માદક દ્રવ્યોની હેરાફેરી પોલીસ માટે પડકાર બની રહી છે. અવારનવાર જિલ્લામાંથી માદક દ્રવ્યોનો જથ્થો પકડાતો રહે છે.

## રાજ્યની પ્રાથમિક શાળાઓમાં અમલમાં આવશે બેગલેસ ડે

### બાળકોમાં રહેલી સુશુપ્ત પ્રતિભાને ઉજાગર કરવા માટે ગુજરાત શિક્ષણ વિભાગે મહત્વનો નિર્ણય લીધો છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨ ।

બાળકોની કલા પ્રતિભાને ખીલલવા માટે ગુજરાત શિક્ષણ બોર્ડ એક મહત્વનો નિર્ણય લીધો છે. જે અંતર્ગત ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં બેગલેસ ડેનું સેલિબ્રેશન થશે. જેમાં બાળકો દર શનિવારે સ્કૂલબેગ પુસ્તકો વિના શાળાએ આવશે અને આ બાળકોને પુસ્તકના જ્ઞાન સિવાયની ઈત્તર પ્રવૃતિ કરાવવામાં આવશે. ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં આવતા શનિવાર ( ૫ જુલાઈ)થી નો સ્કૂલબેગનો અમલ થશે. ઉલ્લેખનિય છે કે, ન્યુ એજન્યુકેશન પોલિસી ૨૦૨૨ના નિયમની ધીમે ધીમે ગુજરાતમાં અમલવારી શરૂ થઈ રહી છે.

ન્યુ એજ્યુકેશન પોલીસીના હેઠળ બાળકોને દર શનિવારે હવે સ્કૂલ બેગ વિના જ બાળકોને સ્કૂલે બોલાવવામા આવશે અને બાળકોની અન્ય પ્રતિભાને ખીલલવાનો પ્રયાસ કરાશે, બેગલેસ ડે શરૂ કરવાનો ઉદેશ બાળકોનો સર્વાંગી વિકાસ કરવાનો છે. શનિવારના દિવસે શાળામાં શૈક્ષણિક પ્રવૃત્તિ નહિ પરંતુ માત્ર ધ્યાન ઈતર પ્રવૃત્તિઓ જ કરાવવામાં આવશે.

૫ જુલાઈથી આ નિયમને અમલી કરવાનો સરકારે નિર્ણય લીધો છે. જો કે સ્કૂલબેગલેસ આ દિવમસાં બાલકોને ખાસ કઈ કઈ પ્રવૃત્તિ કરાવવામાં આવશે તે અંગે હજુ સુધી કોઈ સ્પષ્ટતા કરવામાં આવી નથી જો કે બેગલેસ ડે શબ્દ જ બધું જ સૂચવી જાય છે માટે આ દિવસે બાળકોને શિક્ષણ સિવાયની બધી જ પ્રવૃત્તિ કરાવવામાં આવશે. જેમાં ચિત્રકળા, નૃત્યુ, સંગીત યોગ, કસરસતો, મેદાની રમતો સહિતની પ્રવૃતિનો સમાવેશ થઈ શકે છે.

આ અંગે કમિટીના નિર્ણય બાદ સ્પષ્ટતા થશે. ઉલ્લેખનિય છે કે હાલ આ નિર્ણય બાગ શાળામાં બાળકોને શારીરિક કસરતો, યોગ, બાલસભાનું આયોજન કરવા સૂચના આપવામાં આવી છે. બેગલેસ ડેના સેલિબ્રેશનનો ઉદેશ ન માત્ર બાળકોને ઈત્તર પ્રવૃતિ કરાવીને તમને અન્ય કલા પ્રત્યે પ્રોત્સાહિત કરવાનો છે પરંતુ આ સાથે બાળકો ભાણ વગરનું ભણતર ગ્રહણ કરે અને માનસિક હળવાશ સાથે અભ્યાસ કરે તેવો ફણ છે. વીકએન્ડને આનંદમય બનાવતા બાળકો માનસિક રીતે પણ પ્રફુલ્લિત રહેશએ અને જેથી સોમવારથી વધુ સારી રીતે અને એકાગ્રચિતે અભ્યાસ કરી શકે. બેગ ડેથી બાળકો તણાવ મુક્ત થાય તેવો ઉદેશ પણ છે. તો આગામી ૫ જુલાઈથી જ દર શનિવારે બેગલેસ ડેની પ્રાથમિક શાળામાં ઉજવણી કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

## અમરાઈવાડીમાં જૂની અદાવતમાં ઘરમાં ઘૂસીને તોડફોડ કરી

। (એજન્સી) અમદાવાદ,તા.૨ ।

અમદાવાદમાં પોલીસે અસામાજિક તત્વો સામે કડક એક્શન શરૂ કર્યા હતાં. રથયાત્રા સમયે શહેરમાંથી અસામાજિક તત્વો સામે પાસા અને તડીપાર સહિતની કાર્યવાહી કરવામાં આવી હતી. પરંતુ રથયાત્રા પૂર્ણ થતાં જ પોલીસનો ડર પૂર્ણ થઈ ગયો હોય તેમ ગુનેગારો ફરી સક્રિય થઈ ગયાં છે. શહેરના અમરાઈવાડીના વઢિયારીનગરમાં અસામાજિક તત્વોનો આતંક સામે આવ્યો છે.સામાન્ય બોલાચાલી બાદ છરી, તલવાર અને લાકડી સાથે ઘરમાં ઘૂસીને હૂમલો અને તોડફોડનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. પોલીસે ફરિયાદ દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદના અમરાઈવાડી વિસ્તારના વઢીયારીનગરમાં સામાન્ય બોલાચાલી બાદ હુમલો અને તોડફોડનો બનાવ સામે આવ્યો છે. અસામાજિક તત્વોએ પોલીસ અને કાયદાના કોઈપણ ડર વિના છરી, તલવાર અને લાકડી સાથે ઘરમાં ઘૂસીને હુમલો કરીને તોડફોડ કરી હતી. આ હુમલામાં ઘર અને અનેક વાહનોને નુકસાન પહોંચાડ્યું હતું. અસામાજિક તત્વો વચ્ચે અગાઉની અદાવતમાં બબાલ થઈ હતી.

### મહારાષ્ટ્રમાં પોન્ઝી કૌભાંડમાં તે વોન્ટેડ છે

## કુખ્યાત આરોપી બિરજૂ સલ્લાની કરોડોની ઠગાઈના કેસમાં ધરપકડ

। (એજન્સી) અમદાવાદ,તા.૨ ।

કરોડોની ઠગાઈના કેસમાં વોન્ટેડ બિરજુ સલ્લાની ક્રાઈમ બ્રાંચે ધરપકડ કરી છે. જેમાં બિરજુ સલ્લાને ક્રાઈમ બ્રાન્ચે અમદાવાદની હોટલ માંથી ઉઠાવ્યો હતો. બિરજુ સલ્લા મહારાષ્ટ્રમાં પોન્ઝી કૌભાંડમાં વોન્ટેડ છેબિરજુ એ અગાઉ વિમાન હાઈજેક કરવાની ચિઠ્ઠી લખી હતી તેણે ઓક્ટોબર ૨૦૧૭માં મુંબઈ-દિલ્હી ફ્લાઈટને હાઈજેક કરવા ચિઠ્ઠી લખી હતી. ઉદ્યોગપતિ બિરજુ સલ્લાએ નિમાનના ટઈલેટમાં હાઈજેકની ધમકીની ચિઠ્ઠી મુકી હતી.બાદમાં હાઈજેકની ચિઠ્ઠી મળતા વિમાનનું અમદાવાદ એરપોર્ટ ખાતે ઈમરજન્સી લેન્ડિંગ કરાયું હતું. ક્રાઈમ બ્રાન્ચ ખાતે બિરજુ સલ્લાની પૂછપરછ હાથ ધરવામાંઆવી છે. તેણે દિલ્હીની એરલાઈનમાં કામ કરતી તેની પ્રેમિકાને ડરાવવા માટે ચિઠ્ઠી લખી હોવાનું બહાર આવ્યું છે. તપાસમાં પ્રેમિકા મુંબઈ શિફ્ટ થઈ જતા નારાજ બિરજુ સલ્લાએ તરકટ કર્યું હોવાનું બહાર આવ્યું હતું.

## ભાજપ અને કોંગ્રેસ વચ્ચે પ્રેમી-પ્રેમિકાનો સંબંધ છે



। અમદાવાદ, તા.૨ ।

AAPના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે બુધવારે (૨ જુલાઈ) અમદાવાદમાં સભ્યપદ અભિયાન શરૂ કર્યું. એક સભાને સંબોધતા તેમણે ભાજપ પર જોરદાર પ્રહારો કર્યા. તેમણે કોંગ્રેસ પર પણ નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે પ્રેમી-પ્રેમિકાનો સંબંધ છે. અરવિંદ કેજરીવાલે કહ્યું, "ભાજપે ૩૦ વર્ષ સુધી ગુજરાત પર કેવી રીતે શાસન કર્યું, કારણ કે કોંગ્રેસ તેમના ખિસ્સામાં હતી. ભાજપને ઘમંડ થયો કે ગુજરાતના લોકો ક્યાં જશે, તેમની પાસે કોઈ વિકલ્પ નથી. ગુજરાતના લોકોએ મતદાન કરવું પડશે. કોંગ્રેસ તેમના ખિસ્સામાં હોવાથી તેમણે કમળનું બટન દબાવવું પડશે. ૭૦ ટકા કોન્ટ્રાક્ટ તેમની પાર્ટીને આપવામાં આવે છે અને ૩૦ ટકા કોન્ટ્રાક્ટ તેમની પાર્ટીને આપવામાં આવે છે. બંને પક્ષોના નેતાઓએ પોતાની કંપનીઓ ખોલી છે." આપના રાષ્ટ્રીય સંયોજકે વધુમાં કહ્યું, "કોંગ્રેસ ફક્ત ભાજપ માટે કામ કરે છે. તે ફક્ત આમ આદમી પાર્ટી છે જે દેશની સેવા કરે છે. જે ગુજરાતની જનતાની સેવા કરે છે. મેં કોઈને પૂછ્યું કે કોંગ્રેસ અને ભાજપ વચ્ચેના આ સંબંધને શું કહેવાય? શું આ ભાઈ-બહેનનો સંબંધ છે કે પતિ-પત્નીનો સંબંધ. ન તો આ ભાઈ-બહેનનો સંબંધ છે કે ન તો પતિ-પત્નીનો સંબંધ છે. આ પ્રેમી-પ્રેમિકાનો સંબંધ છે જે ગુપ્ત રીતે મળે છે. તેઓ બધું ગુપ્ત રીતે કરે છે. આ પ્રેમી-પ્રેમિકાનો સંબંધ છે, તેમનાથી દૂર રહો, તેઓ ખૂબ જ ખતરનાક છે." આ સાથે, તેમણે કહ્યું કે જનતા હવે પરિવર્તન ઈચ્છે છે. હવે જનતા પાસે એક વિકલ્પ છે. ૩૦ વર્ષથી જનતા પાસે કોઈ વિકલ્પ નહોતો. હવે આમ આદમી પાર્ટી પાસે એક વિકલ્પ છે. આ વિસાવદર પેટાચૂંટણી સેમી-ફાઈનલ હતી, તે ૨૦૨૭ની દસ્તક હતી. આમ આદમી પાર્ટીની સરકાર ૨૦૨૭માં બનશે. જનતા શાસન કરશે અને નેતાઓનું શાસન સમાપ્ત થશે.

## અમદાવાદના ઓઢવમાં ટ્રક નીચે પડતું મૂકી યુવકે આપઘાત કર્યો

। અમદાવાદ, તા.૨ ।

અમદાવાદમાંથી આત્મહત્યાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. ઓઢવ વિસ્તાર પાસે એક ટ્રક પાર્ક કરેલી હતી અને ડ્રાઈવર ટ્રકમાં બેઠો હતો. ત્યારે એક અજાણ્યો શખસ અચાનક તેની આસપાસ આંટાફેરા મારે છે અને જેવી જ ટ્રક આગળ વધે છે કે, તુરંત આ અજાણ્યો શખસ ટ્રકના ટાયર નીચે સુઈ જાય છે અને પોતાનું જીવન ટૂંકાવી દે છે.

અમદાવાદના ઓઢવ વિસ્તારમાંથી એક વીડિયો સામે આવ્યો છે. જેમાં અજાણ્યો શખસ ટ્રક નીચે સૂઈને આપઘાત કરી રહ્યો છે. મળતી માહિતી મુજબ, આ વીડિયો ઓઢવની પામ હોટલ પાસેનો હોવાનું માનવામાં આવે છે. વીડિયોમાં જોઈ શકાય છે કે, હોટલની બહાર એક ટ્રક પાર્ક કરેલી છે અને તેની અંદર ડ્રાઈવર પણ બેઠો છે. આ દરમિયાન એક અજાણ્યો શખસ ટ્રકની આસપાસ આંટાફેરા મારી રહ્યો છે. ટ્રક જ્યારે ચાલુ થાય છે તો અચાનક આ શખસ ટ્રકના ટાયરની નીચે સુઈ જાય છે. ડ્રાઈવર આ વિશે અજાણ હોય છે તેથી તે ટ્રક ઉપાડી મૂકે છે. જેવી ટ્રક આગળ ચાલે છે ટાયરની નીચે સૂતેલો વ્યક્તિ કચડાઈ જાય છે અને તેનું મોત નિપજે છે.

નોંધનીય છે કે, આ વીડિયો ક્યારનો છે તે વિશે કોઈ નક્કર માહિતી સામે નથી આવી. ઓઢવ પોલીસે આ વીડિયોના આધારે હાલ અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. પોલીસે અલગ-અલગ ટીમ બનાવીને યુવકની ઓળખ કરી રહી છે, હાલ આ યુવક કોણ છે તેની ઓળખ ન થવાના કારણે આપઘાત કરવાનું કારણ સામે આવ્યું નથી.

## જામનગરના બે યુવાનોને કચડી નાખનાર મિલર ટ્રક ચાલક સામે ગુન્હો નોંધાયો

। જામનગર,તા.૨ ।

જામનગર- ખંભાળિયા ધોરી માર્ગ પર લાખાબાવળ ગામના પાટીયા પાસે ડબલ સવારી બાઈકને ઠોકરે ચડાવી જામનગરના બે યુવાનોને કચડી નાખનાર મિલર ટ્રક ચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો છે. આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે જામનગરમાં એરફોર્સ રોડ પર રહેતો પિયુષ બાબુભાઈ ધવડ નામનો ૧૯ વર્ષનો યુવાન પોતાના મિત્ર ભરત ભુપતભાઈ ડોડીયા (૨૦ વર્ષ)ને બાઈકમાં બેસાડીને ગત રવિવારે જામનગર-ખંભાળિયા ધોરીમાર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો, દરમિયાન બપોરે ૨:૦૦ વાગ્યાના અરસામાં લાખાબાવળ ગામના પાટીયા પાસે પુરઝડપે આવી રહેલા જી.જે. ૧૦ ટી.એક્સ. ૭૫૧૨ નંબરના મિલર ટ્રકના ચાલકે બાઈકને હડફેટમાં લઈ લેતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, અને એક પછી એક બંને મિત્રોના મૃત્યુ નીપજ્યા હતા. જે ગોઝારા અકસ્માતના બનાવ અંગે જગદીશભાઈ બાબુભાઈ ધવડ ની ફરિયાદ ના આધારે સિક્કા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. સી.ટી. પરમાર અને તેમની ટીમે મિલર ટ્રક નંબર જી.જે. ૧૦- ટી.એક્સ. ૭૫૧૨ના ચાલક સામે ગુન્હો નોંધ્યો છે, અને વધુ તપાસ હાથ ધરી છે.